દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 228 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 September 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેશની પ્રથમ એલએનજી ટ્રેન ગુજરાતથી શરૂ

## અમિત શાહ દ્વારા ₹ ૧,૫૪૨ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

**‘ડીઝલ વપરાશ ૨030 સુધીમાં ઝીરો કરીને આપણે ભારતનું હૂંડિયામણ બચાવીશું’**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે રવિવારે સાબરમતી ખાતે રૂ. ૧,૫૪૨ કરોડથી વધુના વિવિધ અત્યંત મહત્ત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે દેશમાં રેલવે ક્ષેત્રે સ્થાપિત થઈ રહેલા આત્મનિર્ભરતાના નવા આયામો અને શક્તિશાળી લોકોમોટિવ વિશે વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે એક એવું એન્જિન જે ૧૨,૦૦૦ હોર્સપાવરની ટ્વીન સેક્શન ક્ષમતા સાથે, લગભગ ૬૦૦ ટ્રક જેટલો માલસામાન આ એકલું એન્જિન ખેંચી જશે. પહેલાં બે લોકોમોટિવ લગાવવા પડતા હતા, હવે એક જ ડબલ્યુએજી-૧૨ આ કામ કરી શકે છે. તે દેશને રેલવેના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાને પહોંચાડશે.

દેશની પ્રથમ એલએનજી ટ્રેનને લીલીઝંડી આપવા નિમિત્તે રેલવેના ગ્રીન એનર્જી સંકલ્પ અને ડીઝલમુક્ત ભવિષ્યની રૂપરેખા સ્પષ્ટ કરતાં શાહે જણાવ્યું હતું કે ૨૦૧૫-૧૬માં રેલવે ૨૯૩ કરોડ લીટર ડીઝલનો ઉપયોગ કરતી હતી. આ ડીઝલ વપરાશ વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦૮ કરોડ લીટર થઈ ગયો છે, અને ૨૦૩૦ સુધીમાં તેને ઝીરો કરીને આપણે ભારતનું હૂંડિયામણ બચાવીશું. વિદ્યુતીકરણ ૨૦૧૦-૧૧માં વર્ષે માત્ર ૭૫ કિલોમીટર થતું હતું, જ્યારે

(જુઓ પાનું ૨) ▸▸




**પ્રથમ એલએનજી ટ્રેનઃ** રવિવારે સાબરમતી રેલવે સ્ટેશનથી ભારતની પહેલી એલએનજી ટ્રેન રવાના થઈ હતી. કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આને લીલી ઝંડી બતાડી હતી. (પીટીઆઈ)

## યુપીઆઈ પેમેન્ટ ચાર્જના કેસની આજે સુનાવણી

નવી દિલ્હીઃ યુપીઆઈના વ્યક્તિના મર્ચન્ટ સાથેના બે હજારથી વધારે રૂપિયાના ટ્રાન્ઝેકશન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાદવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટ સોમવારે સાંભળશે. સરકારે વિનામૂલ્ય યુપીઆઈ પેમેન્ટના છ વર્ષના સમયગાળા પછી ૧૫ ઑક્ટોબરથી યુપીઆઈ પ્લેટફોર્મ પર બે હજાર રૂપિયાથી વધારાના મર્ચન્ટને કરાયેલા ટ્રાન્ઝેકશન પર ૦.૪ ટકા એમડીઆર લેવાના નિર્ણયની જાહેરાત કરી હતી. ૭૫,૦૦૦ કે તેનાથી વધારે રૂપિયાના ટ્રાન્ઝેકશન પરના એમડીઆરની ટોચમર્યાદા ૩૦૦

(જુઓ પાનું ૨) ▸▸

## બૅન્કોની આજથી ત્રણ દિવસ હડતાળ

નવી દિલ્હીઃ બૅન્કનાં યુનિયનોએ પાંચ દિવસના કામના અઠવાડિયા અને બીજી પ્રલંબિત માગણીના સમર્થનમાં સોમવારથી ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ પર જવાની હાકલ આપી હોવાથી ચેક ક્લિયરન્સ. નાણાંના ઉપાડ અને જમા કરવા જેવી બન્કિંગ સેવા ખોરવાઈ જશે. ડિજિટલ બૅન્કિંગ અને બીજી ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ હશે. જોકે સૌથી માઠી અસર રાષ્ટ્રકૃત બૅન્કો, ખાનગી ક્ષેત્રની જૂની પેઢીની બૅન્કો અને રિજનલ રૂરલ બૅન્કો પર પડશે. ખાનગી ક્ષેત્રની નવી પેઢીની બૅન્કો જેવી કે આઈસીઆઈસીઆઈ બૅન્ક, એચડીએફસી બૅન્ક અને એક્સિસ બૅન્કની શાખાઓ ચાલુ રહેશે.

અગાઉ ૧૧ સપ્ટેમ્બરે એક દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડવામાં આવી હતી. જાહેર ક્ષેત્રની મોટા ભાગની બૅન્કો અને બીજી સંસ્થાઓએ હડતાળ અને ગ્રાહકોને પડનારી હાડમારી અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે.

એસબીઆઈએ તેની માર્ગદર્શિકામાં ગ્રાહકોને કહ્યું હતું કે બૅન્ક આવશ્યક બૅન્કિંગ સર્વિસીસ ચાલુ રાખવા તમામ પ્રયાસો કરશે. આમ છતાં અમુક સેવાઓ હડતાળના ગાળામાં પ્રભાવિત થશે અને આને લીધે ગ્રાહકોને અસુવિધા થશે. આથી ગ્રાહકોને સલાહ છે કે તેમના મહત્ત્વના ટ્રાન્ઝેકશન હડતાળના ગાળા પહેલાં જ કરી નાખે. ગ્રાહકોને એટીએમ કે એડીડબ્લ્યુએમનો ઉપયોગ કરવા તથા યોનો, ઈન્ટરનેટ કે મોબાઈલ બૅન્કિંગ, યુપીઆઈ અને બીજી ડિજિટલ ચેનલનો ઉપયોગ કરે.

હડતાળની હાકલ યુનાઈટેડ ફોરમ ઑફ બૅન્ક યુનિયન્સે આપી છે. આ ફોરમ બૅન્ક કર્મચારી અને અધિકારીના સાત યુનિયનનું પ્રતિનિધિત્વ કરે છે. યુનિયને જો તેમની માગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો ૨૬ ઑક્ટોબર, ૨૦૨૬થી બેમુદત હડતાળ પર જવાની ધમકી આપી છે. પાંચ દિવસના અઠવાડિયાની માગણી ઘણાં વર્ષોથી પ્રલંબિત છે. સરકારે આની કોઈ ખાતરી આપી નથી. (એજન્સી)■

## દક્ષિણ આફ્રિકામાં ગોળીબારઃ ૨૭નાં મોત

કેપ ટાઉનઃ પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે દક્ષિણ આફ્રિકાના ટાઉનશિપ્સમાં થોડા કલાકોના ગાળામાં બનેલી સામૂહિક ગોળીબારની બે અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૨૭ લોકોનાં મોત થયાં હતાં. પ્રથમ ઘટનામાં એકે-૪૭ રાઈફલ્સ અને પિસ્તોલથી સજ્જ આઠ બંદૂકધારીએ એક બારમાં હાજર ગ્રાહકો પર ગોળીબાર કર્યો હતો.

પ્રથમ હત્યાકાંડ શનિવારે મોડી રાત્રે જોહાનિસબર્ગ નજીક થયો હતો. બીજી

(જુઓ પાનું ૨) ▸▸

## એસી, ટીવી, વૉશિંગ મશીનના ભાવ વધશે

નવી દિલ્હીઃ તહેવારની મોસમ આવવાની છે ત્યારે એપ્લાયન્સિસ અને કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સના આગેવાન ઉત્પાદકો પહેલી ઑક્ટોબરથી ઍર કન્ડિશનર્સ, એલઈડી ટીવી, વૉશિંગ મશીન અને બીજા ઉત્પાદકોના ભાવ પહેલી ઑક્ટોબરથી પાંચથી આઠ ટકા વધારશે. તાંબું, અને સ્ટીલ જેવી ધાતુના તેમ જ પશ્ચિમ એશિયાની કટોકટીને લીધે ક્રૂડ ઑઈલ ડેરિવેટિવના જેવા કાચા માલના વધેલા ભાવ તથા કરન્સીની અફડાતફડીને કારણે ઉત્પાદક કંપનીઓએ ઉક્ત નિર્ણય લીધો છે.

આ ઉદ્યોગમાં ૨૦૨૬માં આ ત્રીજો ભાવવધારો થશે. ઉત્પાદકો કહે છે કે તાંબુ, એલ્યુમિનિયમ, સ્ટીલ અને ક્રૂડ ઑઈલ ડેરિવેટિવ જેવા કાચા માલમાં સતત ફુગાવો અને નૂરના વધતા દરને લીધે ભાવમાં નવો સુધારો કરવો જરૂરી બન્યો છે.

એર કન્ડિશનરના ભાવ પાંચથી આઠ ટકા વધશે. અમુક કંપનીઓ વૉશિંગ મશીન, રેફ્રિજરેટર અને એલઈડી ટીવીના ભાવ ત્રણથી ચાર ટકા વધારી રહ્યા છે, જ્યારે બીજા

(જુઓ પાનું ૨) ▸▸

## સ્ક્વોશમાં ભારતને બે સિલ્વર મેડલ



**ચંદ્રકોઃ** જપાનના નાગોયામાં રમાતી વીસમી એશિયન ગેમ્સના સ્ક્વોશના મહિલા વિભાગમાં, પુરુષોના સિંગલ્સમાં અને મિક્સ ડબલ્સમાં રજત અને કાંસ્ય ચંદ્રક વિજેતાઓ અનાહત સિંહ, અભય સિંહ, જોશના ચિનપ્પા, વેલવાન સેન્થિલકુમારે ગર્વભેર તસવીર પડાવી હતી. (પીટીઆઈ)

નાગોયાઃ ભારતીય સ્ક્વોશ ખેલાડીઓ અનાહત સિંહ અને અભય સિંહને રવિવારે અહીં એશિયન ગેમ્સની ફાઇનલમાં પોતપોતાના મલેશિયન પ્રતિસ્પર્ધીઓ સામે હાર્યા બાદ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. પુરુષોની સિંગલ્સની ફાઇનલમાં અભય ઇન યો એનજી સામે મજબૂત પડકાર ફેંકવામાં નિષ્ફળ ગયો અને સીધી ગેમમાં ૯-૧૧, ૫-૧૧, ૫-૧૧થી હારી ગયો હતો. ૧૮ વર્ષીય અનાહતને મહિલા સિંગલ્સની ફાઇનલમાં મલેશિયાની શિવાસાંગરી સુબ્રમણ્યમ સામે પણ સરળતાથી હારનો સામનો કરવો પડ્યો. વિશ્વની ૧૭મી ક્રમાંકિત ભારતીય ખેલાડી પાંચમા ક્રમાંકિત શિવાસાંગરી સામે ૪-૧૧, ૪-૧૧, ૭-૧૧થી હારી ગઈ હતી.

યો અને શિવાસાંગરી બન્નેએ ૨૦૨૮માં લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ડેબ્યૂ કરી રહેલી સ્ક્વોશ સ્પર્ધા માટે ક્વોલિફાય થનારા પ્રથમ બે ખેલાડીઓ બનીને ઇતિહાસ રચ્યો હતો. બંનેએ એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલનો સફળતાપૂર્વક બચાવ પણ કર્યો હતો.

શિવાસાંગરી સ્પષ્ટ રણનીતિ સાથે ઊતરી હતી અને તેણે તેનો સંપૂર્ણ રીતે અમલ કર્યો. મલેશિયન ખેલાડીએ અનાહતને તક આપી નહોતી અને સતત આક્રમણ મારફતે તેના પર દબાણ જાળવી રાખ્યું હતું. જોકે, અનાહતનું અભિયાન યાદગાર રહ્યું. તેણીએ એશિયન ગેમ્સના ઇતિહાસમાં મહિલા સિંગલ્સ ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

અગાઉ, ૨૬મા ક્રમાંકિત અભય પણ વિશ્વના ૧૮ નંબરના ખેલાડી યો સામે મજબૂત પડકાર ઊભો કરી શક્યો નહીં. યો પ્રભાવશાળી પ્રદર્શન સાથે સફળતાપૂર્વક પોતાના ટાઇટલનો બચાવ કરી શક્યો.

(જુઓ પાનું ૨) ▸▸

## સર્જિકલ સ્ટ્રાઈકે આતંકવાદ વિરોધી ભારતના નવા સંકલ્પને દર્શાવ્યોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું કે ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક એ આતંકવાદી હુમલાઓની પીડા સામે ભારતનો નિર્ણાયક જવાબ હતો અને તે દેશની આતંકવાદ વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ પૂરું પાડે છે.

ભારત આતંકવાદ પ્રત્યે ‘ઝીરો ટોલરન્સ’ (શૂન્ય સહનશીલતા)ની નીતિ અનુસરે છે તેમ ભારપૂર્વક જણાવતા, તેમણે તેમના માસિક કાર્યક્રમ ‘મન કી બાત’માં કહ્યું કે દેશે સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદનો સામનો મક્કમતા અને નિર્ણાયકતાથી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે છેલ્લા એક દાયકામાં - બાલાકોટ એર સ્ટ્રાઈકથી લઈને ‘ઓપરેશન સિંદૂર’ સુધી - ભારતે વારંવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આતંકવાદીઓ દેશ પર કુદ્રષ્ટિ નાખવાની હિંમત કરશે, તો તેમને યોગ્ય જવાબ આપવામાં આવશે.

૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે ભારતનાં બહાદુર સૈનિકોએ આતંકવાદ સામે કાર્યવાહી કરવા માટે જે રીતે ‘લાઇન ઓફ કંટ્રોલ’ પાર કરી, તે જોઈને વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું હતું.

‘‘ભારતની એક મોટી ઐતિહાસિક સિદ્ધિની ૧૦મી વર્ષગાંઠ આવતીકાલે જ ઉજવાવા જઈ રહી છે - આ સિદ્ધિ એટલે સર્જિકલ સ્ટ્રાઈક. દસ વર્ષ પહેલાં, ૨૮-૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આવેલા આતંકવાદી અડ્ડાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી,’’ તેમ તેમણે કહ્યું. વડા પ્રધાને કહ્યું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ‘‘વસ્તી ગણતરી એ રાષ્ટ્રીય ફરજ છે’’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે વસ્તી ગણતરી એ એક રાષ્ટ્રીય જવાબદારી છે.

તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે તેઓ દેશના ભવિષ્યના આયોજન માટે સચોટ માહિતી સુનિશ્ચિત કરવા માટે ઓનલાઇન ‘સેલ્ફ-એન્યુમરેશન’ (સ્વ-માહિતી નોંધણી) કરે.

તેમના માસિક રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’માં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે અત્યાર સુધીમાં ૨.૬ કરોડથી વધુ લોકોએ મોબાઈલ ફોન દ્વારા વસ્તી ગણતરીના પોર્ટલ પર પોતાની વિગતો ભરીને સ્વ-માહિતી નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરી છે.

તેમણે કહ્યું, ‘‘વસ્તી ગણતરી આપણા બધા માટે એક રાષ્ટ્રીય જવાબદારી છે. તે દેશ માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તમારા અને તમારા પરિવાર વિશેની સચોટ માહિતી દેશના ભવિષ્યનું સચોટ ચિત્ર તૈયાર કરવામાં મદદ કરે છે.’’

વડા પ્રધાને જણાવ્યું હતું કે ઓનલાઇન સ્વ-નોંધણીની સુવિધા અત્યંત અનુકૂળ છે, જે નાગરિકોને તેમના મોબાઈલ ફોનથી સીધા જ

(જુઓ પાનું ૨) ▸▸

## થરાદ પાસે અકસ્માતમાં બેનાં મોત, એકને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રખડતા ઢોરની સમસ્યા માત્ર શહેરોની ગલીઓ નહીં પણ બે રાજ્યને જોડતા હાઈ વે પર પણ છે. આવી જ એક ઘટનામાં આખલો આડો આવતા થયેલા ભયાનક અકસ્માતમાં રાજકોટના બે યુવકનાં મોત થયાં હતાં જ્યારે એકને ગંભીર ઈજા થઈ હતી.

રવિવારે વહેલી સવારે રાજકોટથી રાજસ્થાન તરફ પોતાની ફોર વ્હિલરમાં જઈ રહેલા ત્રણ મિત્રની કારની આડે થરાદ-ડીસા હાઈ વેના માલુપર પાસે આખલો આવ્યો હતો. તેના લીધે કાર સીધી ડિવાઈડર સાથે અથડાઈ હતી અને કારના ટૂકડે ટૂકડા થયા હતા.

આસપાસથી દોડી આવેલા લોકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. તબીબી તપાસ દરમિયાન અમરેલીના દિવ્યજીત અને રાજકોટના યુવરાજસિંહને મૃત જાહેર કરાયા હતા, જ્યારે રાજકોટના હરદીપસિંહ નામના એક યુવકની સારવાર ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ મામલે બનાસકાંઠાના કૉંગ્રેસ જિલ્લા પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે અમૃતસર-જામનગર હાઈ-વે પર પશુઓને લીધે અકસ્માત નહીં સર્જાય તેવી ખાતરી આપવામાં આવી હતી. જોકે સુરક્ષાનો અભાવ અહીં છે. વાહનચાલકો પાસેથી નાણા વસૂલાય છે, પરંતુ તેમને સુવિધાઓ મળતી નથી. ■

## અમેરિકાના અનેક રાજયમાં વાવાઝોડા સાથે વરસાદ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પૂર્વ કિનારા પર આવેલા આ શક્તિશાળી ‘નોર-ઈસ્ટર’ વાવાઝોડા અને ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફત થી શનિવાર અને રવિવાર દરમિયાન ન્યૂ યોર્ક, બોસ્ટન, ફિલાડેલ્ફિયા અને વોશિંગ્ટન ડીસીના એરપોર્ટ્સ પર ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને ૩,૦૦૦થી વધારે ફ્લાઈટ્સ સમય કરતાં મોડી ચાલી રહી છે. ભારે પવન અને વરસાદના કારણે ઝાડ તેમજ વીજળીના થાંભલા પડી જવાથી ન્યૂ યોર્ક, ન્યૂ જર્સી, પેન્સિલવેનિયા અને કનેક્ટિકટ સહિતના રાજ્યોમાં ૧,૦૦,૦૦૦થી વધુ ઘરો અને વ્યવસાયોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. કટોકટીની જાહેરાત કરાઈ છે.

ન્યૂ યોર્કના ગવર્નર કેથી હોકુલ અને ન્યૂ જર્સીના ગવર્નર ફિલ મર્ફીએ ન્યૂ યોર્ક સિટી સહિતના વધુ પ્રભાવિત વિસ્તારોમાં ઇમરજન્સી જાહેર કરી છે અને નાગરિકોને બિનજરૂરી મુસાફરી ન કરવા અપીલ કરી છે. ખરાબ હવામાનના કારણે ન્યૂ યોર્કના સેન્ટ્રલ પાર્કમાં યોજાનારો પ્રખ્યાત ‘ગ્લોબલ સિટિઝન ફેસ્ટિવલ’ અને એડ શીરન જેવા મોટા કલાકારોના મ્યુઝિક કન્સર્ટ રદ કરવા પડ્યા છે. યુએસ નેશનલ વેધર સર્વિસ અનુસાર, વાવાઝોડાની અસર સોમવાર સુધી રહેવાની સંભાવના છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનની સાથે દરિયામાં ઊંચા મોજા ઊછળવાની અને પૂર આવવાની ગંભીર ચેતવણી આપવામાં આવી હતી. ■

## પંજાબની યુનિવર્સિટીમાં તોડફોડ

કપૂરથલાઃ પંજાબના ફગવાડામાં આવેલી લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી(એલપીયુ)માં કથિત બળાત્કારના અહેવાલને લઇને વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન રવિવારે સવારે પણ ચાલુ રહ્યું હતું. મોડી રાત્રે હંગામા અને તોડફોડ બાદ વિદ્યાર્થીઓએ ફરીથી ચંદીગઢ-અમૃતસર નેશનલ હાઇવે બ્લોક કરી દીધો હતો. સોશ્યલ મીડિયા પર એક વિદ્યાર્થીની સાથે દુષ્કર્મનો મેસેજ વાયરલ થયા બાદ શરૂ થયેલું વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બન્યું છે.

અગાઉ રાત્રે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં એકઠા થયા હતા અને વિરોધ શરૂ કર્યો હતો. જોતજોતામાં પ્રદર્શને ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું અને યુનિવર્સિટી કેમ્પસમાં તોડફોડ અને આગચંપી કરવામાં આવી હતી. સોશ્યલ મીડિયા પર વાઇરલ એક મેસેજ બાદ વિરોધ પ્રદર્શન ગર્લ્સ હોસ્ટેલ નજીક શરૂ થયું હોવાના અહેવાલ છે. આ મેસેજમાં બહારના વ્યક્તિએ એક વિદ્યાર્થીની પર બળાત્કાર ગુજાર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આવી કોઇ ઘટનાની હજુ સુધી પુષ્ટિ થઇ નથી. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તેમજ સોશ્યલ મીડિયા પર વાઇરલ મેસેજની પણ તપાસ હાથ ધરી છે. હોબાળો વધ્યા બાદ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભાદ્રાજ
feedback@bombaysamachar.com

# યુગપુરુષ પૂજ્ય અશોક સિંઘલજીનું જન્મ શતાબ્દી વર્ષ

**એક** સુંદર સુભાષિત છે, **''वृक्ष कबहुँ नहि फल भखै, नदी न संचै नीरा परमारथ के कारने, साधुन धरा शरीरा''** અર્થ એ છે કે વૃક્ષ ક્યારેય પોતાનું ફળ ખાતું નથી અને નદી પોતાનું પાણી સંગ્રહ કરતી નથી. તેવી જ રીતે સંત લોકો, પોતાને પ્રાથમિકતા આપ્યા વિના, હંમેશાં બીજાઓની સેવા કરવા તૈયાર હોય છે, લોકોના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. સદીઓથી, આપણા ઋષિઓએ આપણને શીખવ્યું છે કે માનવતાના કલ્યાણ માટે સમર્પિત જીવન વ્યક્તિગત સિદ્ધિઓ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે. પૂજ્ય અશોક સિંઘલનું જીવન આ ભાવનાનું એક સદ્‌ગુણ ઉદાહરણ છે.

૨૭ સપ્ટેમ્બરથી આપણે સ્વર્ગસ્થ અશોક સિંઘલની જન્મશતાબ્દી ઉજવીશું. આ એક મહાન વ્યક્તિત્વનું સન્માન કરવાની એક અદ્‌ભુત તક છે. તેમણે દાયકાઓ સુધી આધ્યાત્મિક અભ્યાસ, સાંસ્કૃતિક જાગૃતિ અને સામાજિક અને સંગઠનાત્મક કાર્યને સમર્પણ સાથે આગળ ધપાવ્યું.

મારું સૌભાગ્ય હતું કે મને સ્વર્ગસ્થ અશોકજી સાથે આટલા લાંબા સમય સુધી કામ કરવાની, તેમની પાસેથી શીખવાની, તેમની સાથે વાતચીત કરવાની અને તેમનો સ્નેહ મેળવવાની તક મળી. મને ૧૯૮૧નો એક કિસ્સો યાદ આવે છે. તે સમયે એક યુવાન કાર્યકર તરીકે, હું સંગઠન દ્વારા મને સોંપવામાં આવેલી જવાબદારીઓ પૂર્ણ કરી રહ્યો હતો. મને અશોકજી તરફથી એક હસ્તલિખિત પત્ર મળ્યો. પત્રમાં, તેમણે મને આગામી એક મહત્ત્વપૂર્ણ ઘટના વિશે માહિતી આપી અને મને ચોક્કસ જવાબદારીઓ સોંપી. તે સમયે અશોક સિંઘલજી તરફથી પત્ર મળવો એ મારા માટે ખૂબ જ ખાસ અને યાદગાર ક્ષણ હતી.

મેં તેમને દાયકાઓ સુધી દિવસ-રાત કામ કરતા જોયા. તેઓ દેશના દૂરના વિસ્તારોમાં લાંબી, ઘણીવાર કઠિન મુસાફરી કરતા. તેમને ગુજરાતના આદિવાસી વિસ્તારોની મુલાકાત લેવાનો ખાસ શોખ હતો. તેઓ સતત વિચારતા રહેતા કે સમાજના પછાત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો માટે શું કરી શકાય. જ્યારે પણ દેશમાં ક્યાંય પણ કુદરતી આફત આવતી, ત્યારે સિંઘલ સૌથી પહેલા પહોંચતા અથવા અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે કામદારોને માર્ગદર્શન આપતા. ૨૦૦૧ના કચ્છ ભૂકંપ પછી તેમની સાથેનો મારો અનુભવ અવિસ્મરણીય હતો.

આદરણીય અશોકજી એક ખૂબ જ સન્માનિત અને સમૃદ્ધ પરિવારમાંથી આવ્યા હતા. તેમના પિતા શ્રી મહાવીરજી એક પ્રશાસક તરીકે પ્રખ્યાત હતા. તેમના ભાઈ શ્રી બી. પી. સિંઘલ, પોલીસ અધિકારી અને પછીથી સંસદ બન્યા. બીજા ભાઈ શ્રી વી. પી. સિંઘલ, ત્રિપુરાના મુખ્ય સચિવ બન્યા જ્યારે નવું રાજ્ય રચાયું. પરિવારના અન્ય સભ્યોએ પણ વાણિજ્ય અને કૃષિ ક્ષેત્રે સફળતા મેળવી. પરંતુ અશોકજીનો ઝુકાવ શરૂઆતથી સંપૂર્ણપણે અલગ હતો. ખૂબ જ નાની ઉંમરથી, તેમના વર્તનમાં કરુણા અને અન્ય લોકો પ્રત્યે સેવાની નોંધપાત્ર ભાવના પ્રતિબિંબિત થતી હતી. તેઓ ઈચ્છતા હતા કે ભારતનો પુનર્જન્મ થાય અને ભારત માતાનાં બાળકો ગૌરવપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરે. પ્રયાગરાજમાં ઉછરેલા, અશોકજી સંગમના કિનારે કલાકો સુધી બેસી રહેતા. તેમને નદી પ્રત્યે કુદરતી લગાવ હતો. તેમને ત્યાં આવતા સંતો અને ભક્તો સાથે પણ ઊંડો લગાવ હતો. આનાથી ભારતની સાંસ્કૃતિ નીતિઓ



શ્રી નરેન્દ્ર મોદી

પ્રત્યેની તેમની સમજણ સમૃદ્ધ થઈ અને સમાજને પાછું આપવાનો તેમનો સંકલ્પ મજબૂત બન્યો. અન્ય લોકો માટે જીવવાની આ ઇચ્છા તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરફ દોરી ગઈ. તેમને જે પણ જવાબદારી મળી, તેમણે તે પૂરા ઉત્સાહ, શિસ્ત અને ફરજની ભાવનાથી નિભાવી.

શ્રી અશોક સિંઘલે પોતાના સતત પ્રયાસો અને અથાક કાર્ય દ્વારા અનેક સંગઠનો અને ચળવળોને મજબૂત બનાવી. પોતાના શક્તિશાળી અવાજ અને અભિવ્યક્તિની અદ્‌ભુત શૈલીથી તેમણે સમગ્ર સભાઓને મોહિત કરી દીધી. તેમના સાથી કાર્યકરો પ્રત્યે તેમને ઊંડો પ્રેમ હતો. તેમના સંપર્કમાં આવનાર કોઈપણ વ્યક્તિ તેમની સાદગીથી પ્રભાવિત થતો. સંત સમાજ સાથે તેમના મજબૂત સંબંધો હતા. દેશભરના સંતો અને ઋષિઓમાં તેમનું ખૂબ સન્માન કરવામાં આવતું હતું. સંતો તેમની સલાહને મહત્ત્વ આપતા હતા અને તેમને ખૂબ આદરથી સાંભળતા હતા.

શ્રી અશોક સિંઘલના ઉત્કૃષ્ટ વ્યક્તિત્વને દર્શાવતી બે ઘટનાઓ મારી યાદમાં આવે છે. પહેલી ઘટના ૧૯૯૩માં બની હતી. વિશ્વ હિન્દુ પરિષદે સ્વામી વિવેકાનંદના શિકાગો ભાષણની શતાબ્દી નિમિત્તે યુનાઇટેડ સ્ટેટ્સમાં એક પરિષદનું આયોજન કર્યું હતું. વિદેશમાં આવી ભવ્ય પરિષદને એકત્ર કરવા માટેનું વિઝન, આયોજન અને કઠોર પ્રયાસ શ્રી અશોક સિંઘલના અજોડ સંગઠનાત્મક કૌશલ્યનો પુરાવો હતો.

બીજી ઘટના ૨૦૦૦માં બની, જ્યારે ત્રિનિદાદ અને ટોબેગોના પોર્ટ ઓફ સ્પેનમાં વિશ્વ હિન્દુ પરિષદ યોજાઈ હતી. હું ત્યાં હતો. મેં અશોક સિંઘલની હાજરીથી અન્ય પ્રતિનિધિઓમાં જે ઉત્સાહ ફેલાયો હતો તે જોયો. મારા ભાષણ પછી તેમણે જે રીતે તાળીઓ પાડી તે મારા માટે ખૂબ જ હૃદયસ્પર્શી હતું. મેં ફરી એકવાર અનુભવ કર્યો કે તેમના પ્રોત્સાહનથી દરેક કાર્યકરમાં નવી ઊર્જાનો સંચાર થયો.

શ્રી અશોક સિંઘલનો કોઈપણ ઉલ્લેખ રામ જન્મભૂમિ ચળવળમાં તેમની ઐતિહાસિક ભૂમિકાને યાદ કર્યા વિના અધૂરો છે. ૧૯૯૧માં બોટ ક્લબ રેલીમાં તેમના શક્તિશાળી ભાષણને કોણ ભૂલી શકે છે? અથવા આંદોલનની ટોચ પર રક્તસ્રાવ અને ઘાયલ થયેલા અશોક સિંઘલની ઐતિહાસિક છબીને કોણ સ્મૃતિમાંથી ભૂંસી શકે છે? આજે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર અશોક સિંઘલ જેવા વ્યક્તિઓના નિઃસ્વાર્થ સમર્પણને કારણે છે, જેમણે તેને શક્ય બનાવવા માટે પોતાને સંપૂર્ણપણે સમર્પિત કરી દીધા હતા. જો અશોક સિંઘલ આજે આપણી વચ્ચે હોત, તો તેઓ અયોધ્યામાં રામ મંદિર જોઈને સૌથી વધુ ભાવુક અને આનંદિત થાત.

સ્વર્ગસ્થ અશોક સિંઘલનું વિઝન ઊંડું હતું. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે સમાજ સંવાદિતા અને ભાઈચારાના મજબૂત સંદેશથી ભરેલો હોવો જોઈએ. તેઓ સામાજિક એકતા અને માનવતા માટે અથાક મહેનત કરતા હતા. તેઓ દૃઢપણે માનતા હતા કે સમાજમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ. દરેક વ્યક્તિ સમાન ગૌરવ અને આદરને પાત્ર છે. આ જ કારણ છે કે તેમણે અયોધ્યામાં રામ મંદિરની પહેલી ઈંટ નાખવા અંગે સ્પષ્ટપણે પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે આગ્રહ કર્યો કે આ પવિત્ર કાર્ય બિહારના વીએચપી કાર્યકર અને વંચિત સમુદાયના સભ્ય શ્રી કામેશ્વર ચૌપાલ દ્વારા કરવામાં આવે. કાશીમાં એક ધર્મ સંસદ દરમિયાન, તેમણે ડોમ રાજાનું સન્માન કરવાનું નક્કી કર્યું અને અનેક સમુદાય અભિયાનોમાં તેમની સાથે નજીકથી કામ કર્યું.

રાષ્ટ્રનિર્માણની સાથે, શ્રી અશોક સિંઘલ પાસે બે ક્ષેત્રો હતાં જે તેમના હૃદયની નજીક હતા. તેમને શિક્ષણ (ખાસ કરીને વૈદિક શિક્ષણ) અને સંગીત બંને પ્રત્યે ઊંડો જુસ્સો હતો. વારાણસીના સંસદ સભ્ય તરીકે, મને ખૂબ ગર્વ છે કે શાશ્વત કાશી, જે રાજ્યનું હું પ્રતિનિધિત્વ કરું છું તેણે શ્રી અશોક સિંઘલના જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે બીએચયુમાં અભ્યાસ કર્યો હતો અને એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જાણીતા હતા. તેઓ એકલ વિદ્યાલય સાથે પણ ઊંડાણપૂર્વક સંકળાયેલા હતા, જેણે દૂરનાં ગામડાઓ, ખાસ કરીને આદિવાસી સમુદાયોને મૂળભૂત શિક્ષણ પૂરું પાડવાનું કામ કર્યું હતું. તેઓ જેટલા ઉત્સુક વિદ્વાન અને વાંચક હતા તેટલા જ તેઓ એક સારા શ્રોતા પણ હતા. તેઓ હંમેશાં યુવા કાર્યકરોને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરતા હતા.

જે લોકો આદરણીય અશોકજીને નજીકથી જાણતા હતા તેઓ જાણે છે કે તેઓ કેટલું સુંદર ગાતા હતા. મને નાગપુરમાં તે સભાઓ યાદ છે જ્યાં તેઓ 'એકલા ગીતો' ગાતા હતા. તેમના ગાયનથી સર્વે મોહિત થઈ ગયા અને સભામાં નવી ઊર્જા ભરાઈ ગઈ. ૨૦૧૫માં તેમના જન્મદિવસની ઉજવણીનો એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં તેમણે 'હે માતૃભૂમિ, હે પિતૃભૂમિ' ગાઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

સ્વર્ગસ્થ અશોક સિંઘલજીએ તેમના જીવનના દરેક ક્ષણે આ મહાન રાષ્ટ્રની પ્રગતિનું સ્વપ્ન જોયું હતું. તેમના આદર્શો આજે પણ આપણને પ્રેરણા આપે છે. તેમની જન્મશતાબ્દીના આ શુભ પ્રસંગે, આપણે ખાતરી કરવી જોઈએ કે વધુને વધુ યુવાનો તેમના ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ અને મહાનતાથી વાકેફ થાય. ચાલો આપણે ફરી એકવાર આપણા રાષ્ટ્ર અને આપણા દેશવાસીઓ માટે અશોક સિંઘલજીનાં સપનાઓને સાકાર કરવાના આપણા સંકલ્પને પુનઃપુષ્ટ કરીએ. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર શરદઋતુ,**
**સોમવાર, તા. ૨૮-૯-૨૦૨૬, દ્વિતીયા શ્રાદ્ધ,**

- ભારતીય દિનાંક ૬, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર રેવતી સવારે ક. ૧૦-૧૫ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં સવારે ક. ૧૦-૧૫ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૨-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૩ (તા. ૨૯)
- ઓટઃ સવારે ક. ૦૬-૩૦ સાંજે ક. ૧૮-૪૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દ્વિતીયા. દ્વિતીયા શ્રાદ્ધ, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ પૂષા દેવતાનું પૂજન, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, શ્રાદ્ધમાં ગ્રહપૂજન ગ્રાહ્ય છે. સંકલ્પયુક્ત કર્મ ગ્રાહ્ય નથી. નવાં વસ્રો, હજામત, વાસણ, નિત્ય થતાં નોકરી-દુકાન વેપારના કામકાજ, ખેતીવાડી, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- શ્રાદ્ધ મહિમાઃ આજ રોજ બીજ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું, ભગવાન કપિલ મુનિએ માતા દેવહૂતિને આ જ્ઞાન આપીને વચન આપેલું કે જે શ્રાદ્ધ કરશે તેનો હું ઉદ્ધાર કરીશ. પીપળાને પાણી રેડશે તેના પિતૃઓને મોક્ષ મળે છે તેવું કથન છે. શ્રાદ્ધ એ સનાતન સંસ્કૃતિનું અંગ છે. પિતૃઓની તરફ શ્રદ્ધાનો ભાવ વ્યક્ત કરવા માટે શ્રાદ્ધપર્વનું આયોજન ઋષિમુનિઓએ કરેલું છે.
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ વાક્ચાતુર્યતા, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ વિવાદાસ્પદ સ્વભાવ, સૂર્ય-હર્ષલ ત્રિકોણ વડીલોનું સુખ, બુધ-રાહુ ત્રિકોણ વેપારમાં પ્રભુત્વ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, સૂર્ય-હર્ષલ ત્રિકોણ, બુધ-રાહુ ત્રિકોણ.

- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### દેશની પ્રથમ

૨૦૨૩-૨૪માં એક જ વર્ષમાં ૭,૧૮૮ કિલોમીટર વિદ્યુતીકરણ થયું છે. ૭૫થી સીધો ૭,૦૦૦ કિલોમીટરનો કૂદકો જોવા મળ્યો છે.

ગુજરાતને મળેલા રેલવે બજેટની અગાઉની સરકારો સાથે સરખામણી કરતાં અમિત શાહે કહ્યું કે હું માત્ર ગુજરાતના રેલવે બજેટની વાત કરું તો ૨૦૦૯થી ૨૦૧૪ વચ્ચે ૫ વર્ષમાં માત્ર રૂ. ૫૮૯ કરોડ રૂપયા મળ્યા હતા. જ્યારે માત્ર ૨૦૨૬-૨૭ના બજેટમાં ગુજરાતને રૂ. ૧૭,૩૬૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સાબરમતી રેલવે સ્ટેશનના બદલાયેલા સ્વરૂપ અંગે ભૂતકાળનાં સંસ્મરણો વાગોળતા તેમણે કહ્યું હતું કે હું અગાઉ ઘણી વખત દિલ્હીથી આવતી વખતે સાબરમતી રેલવે સ્ટેશને ઊતર્યો છું. કોઈ માની જ ન શકે કે ૮૦ના દાયકામાં રિક્ષા પકડવા માટે ૨ કિલોમીટર ચાલીને જવું પડતું હતું, તે જ આ સાબરમતી સ્ટેશનનો કોઈ માની ન શકે તેવો કાયાકલ્પ થયો છે. સાબરમતી સ્ટેશન પર રેલવે યાત્રીઓની સુવિધા, સુરક્ષા અને કનેક્ટિવિટીની દૃષ્ટિએ અનેક પરિવર્તનો થયાં છે. અહીંથી મેટ્રો રેલ, બસ સ્ટેશન અને બુલેટ ટ્રેનના સ્ટેશન સુધી પહોંચવાની સુવિધા વિકસી છે. પશ્ચિમ અમદાવાદના લોકોને શુભેચ્છાઓ પાઠવું છું, એવું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે તેમણે સભાને સંબોધતા કોંગ્રેસની ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે કોંગ્રેસે કૌંભાંડો કરવા સિવાય બીજું કંઈ કહ્યું ન હતું જ્યારે વડા પ્રધાન મોદીના ૧૨ વર્ષના કાર્યકાળમાં કોઈ તેમના પર ચાર આનાના ભ્રષ્ટાચારનો પણ આક્ષેપ કરી શકે તેમ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ અંતર્ગત લગભગ રૂ. ૭૦૦ કરોડના ખર્ચે સાબરમતી ખાતે સ્થાપિત અત્યાધુનિક ડબલ્યુએજી-૧૨ લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૨,૦૦૦ હોર્સપાવર ક્ષમતા ધરાવતા ૩૦૦ હાઈ-હોર્સપાવર વિદ્યુત એન્જિનોના વિશ્વસ્તરીય વૈજ્ઞાનિક રખરખાવ માટે તૈયાર કરાયેલો આ શેડ દેશમાં ભારે અને લાંબી માલગાડીઓના સંચાલનને નવી ગતિ તેમજ વિશ્વસનીયતા આપશે. તેની સાથે જ સાબરમતી કલોલ ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી સાણંદ જખવાડા રેલખંડ પર રૂ. ૧૧૮.૮૩ કરોડના ખર્ચે તૈયાર થયેલી ૧૨૨.૫૭ કિલોમીટર લાંબી સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ (એબીએસ) સિસ્ટમનું પણ રાષ્ટ્રાર્પણ થયું હતું, જે ટ્રેનો વચ્ચે સલામત અંતર જાળવી લાઇન ક્ષમતા અને સમયપાલનમાં નોંધપાત્ર વધારો કરશે.

રેલ મુસાફરીને અત્યંત સલામત બનાવવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળના ૪૦૪ કિલોમીટર લાંબા રેલખંડ (અમદાવાદ પાલનપુર અને અમદાવાદ સામાખ્યાલી) પર રૂ. ૪૧૧ કરોડના ખર્ચે સ્થાપિત થનારી સ્વદેશી માનક 'કવચ' સિસ્ટમનું ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. આ આધુનિક ટ્રેન સુરક્ષા સિસ્ટમ માનવીય ભૂલો ઘટાડી ટ્રેનોની આમને-સામને કે પાછળથી થતી ટક્કરો રોકવામાં સીમાચિહ્નરૂપ નીવડશે. આ ઉપરાંત અમદાવાદ ક્ષેત્રમાં ભવિષ્યની મુસાફરી અને સરખેજ ધોલેરા ઔદ્યોગિક કનેક્ટિવિટીને વેગ આપવા માટે રૂ. ૩૧૩.૨૭ કરોડના ખર્ચે માર્ચ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થનારા ૨૧ કિલોમીટર લાંબા સાબરમતી સરખેજ રેલવે લાઇનના ડબલિંગ કાર્યનો પણ શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. ■

### યુપીઆઈ પેમેન્ટ

રૂપિયા હશે. સર્વોચ્ચ અદાલતના ૨૮ સપ્ટેમ્બરના કોઝ લિસ્ટ પ્રમાણે કેન્દ્ર સરકારના ૧૪ સપ્ટેમ્બરના નોટિફિકેશન અને ૧૫ સપ્ટેમ્બરે જાહેર કરેલા એમડીઆર માળખાને પડકારતી ઍડવોકેટ અંજન દત્તની જાહેર હિત અરજી ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહન્નાની બેન્ચ સાંભળશે.

અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પૂરતા બંધારણીય સુરક્ષા, પારદર્શિતા અને લોકો સાથે મસલતો કર્યા વિના લેવી લગાડવામાં આવી છે.

અરજીમાં પેમેન્ટ ઍન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ ઍક્ટ-૨૦૦૭ની સુધારેલી ૧૦એ કલમની કાયદેસરતાને પડકારવામાં આવી છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ફક્ત અખબારી યાદીના આધારે કોઈ પણ એમડીઆર કે તેના જેવા ફરજિયાત ચાર્જ લાદવામાં કે વસૂલવામાં નહીં આવે. અરજદારે યુપીઆઈ ટ્રાન્ઝેકશન અને રૂપે ડેબિટ કાર્ડ પેમેન્ટના ભેદભાવને પડકારવામાં આવ્યો હતો.. અરજીમાં નિર્દેશ કરવામાં આવ્યો હતો કે નોટિફિકેશનમાં રૂપે ડેબિટ કાર્ડને કોઈ પણ લિમિટ વગર કોઈ ચાર્જ નહીં લેવાનું રક્ષણ ચાલુ રાખે છે

માળખું આડેધડ અને ભેદભાવભર્યું છે અને આને લીધે નીચી કોસ્ટ લઈને ધંધો કરતા મર્ચન્ટ પર આની માઠી અસર પડશે. આનાથી ગ્રાહકો પર આડકતરો બોજો આવવાની અને ડિજિટલની બાદબાકી થવાની ચિંતા છે. અરજીમાં ૨,૦૦૦ રૂપિયાથી વધારાના યુપીઆઈ ટ્રાન્ઝેકશન પર એમડીઆર લાદતા માળખાને રદ કે સ્થગિત કરવાની દાદ ચાહવામાં આવી છે. અરજીમાં મસલતો, ડેટાને પ્રગટ કરવા અને તેની અસરની આકારણી કર્યા પછી માળખાને અમલમાં મૂકવા પર ફેરવિચાર કરવાની વિનંતી કરાઈ છે. (એજન્સી)■

### એસી, ટીવી,

ઉત્પાદકો હજી બધા પરિબળોના પ્રભાવનું મૂલ્યાંકન કરી રહ્યા છે. અમુક કંપનીઓને આશંકા છે કે ભાવવધારાની અસર તહેવારના સમયે જોવા મળતી માગ પર પડશે. બીજાઓ માને છે કે આ અસર મર્યાદિત હશે કારણ કે ડીલર અને ડિસ્ટ્રિબ્યુટરે ઑગસ્ટ અને ઑક્ટોબરની પ્રી-બાઈંગ સ્કીમનો ફાયદો ઉઠાવીને માલનો સ્ટોક ઊભો કર્યો છે.

બ્લુ સ્ટાર, ગોદરેજ એપ્લાયન્સ, હેરર, ડૈકિન અને સુપર પ્લાસ્ટ્રોનિક્સે વિવિધ કેટેગરીમાં ચારથી દસ ટકા ભાવવધારો કરવાની જાહેરાત કરી છે અથવા તો એ વાતને સમર્થન આપ્યું છે. પેરાસોનિકે કહ્યું હતું કે અમે ભાવવધારા પહેલાં સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે એલજી અને હિતાચી બ્રાન્ડના એક ઍર કન્ડિશનરના માલિક બોસ્ચ હોમ કમ્ફોર્ટે એસીના ભાવ પાંચ ટકા વધાર્યા છે.

બ્લુ સ્ટારે કહ્યું હતં રે એસી અને ડીપ ફ્રીઝરના ભાવ કાચા માલના ભાવ વધતા પાંચથી આઠ ટકા વધાર્યા છે. તહેવારની ગઈ મોસમ સાથે સરખામણી કરીએ તો ભાવ પંદર ટકા જેટલા વધી ગયા છે. જોકે જીએસટીમાં મળેલી દસ ટકાની છૂટને લીધે ગ્રાહકો પર પાંચ ટકાનો બોજો આવશે. ગયા ભાવવધારા પછી કાચા માલના ભાવ આઠથી દસ ટકા વધતા નવો ભાવવધારો અનિવાર્ય છે. દરેક કેટેગરીમાં પાંચથી સાત ટકા ભાવ વધશે. જોકે જૂનો માલ દોઢ મહિના ચાલવાનો હોવાથી નવા ભાવ દિવાળી પછી અમલમાં આવશે. (એજન્સી)■

### સ્કવોશમાં ભારતને

મલેશિયન ખેલાડી સામે આ અભયનો આઠમો પરાજય છે. ભારત ટીમ ઇવેન્ટ્સમાં પણ મેડલ જીતવાની આશા રાખી રહ્યું છે. પુરુષોની ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે સ્પર્ધામાં પ્રવેશ કરશે.

ભારતની હરિતા ભદ્રાએ રવિવારે અહીં એશિયન ગેમ્સમાં મહિલાઓની ૨૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેણે ફાઈનલમાં ૨૩.૨૦ સેકન્ડનો સમય સાથે મેડલ જીત્યો હતો. ભદ્રા જાપાનની ઈડો અબિગેઈરુફુકાથી આગળ ત્રીજા સ્થાને રહી હતી. ઈડોએ ૨૩.૨૧ સેકડનો સમય લીધો હતો.

સિંગાપોરની શાંતિ પરેરાએ ૨૨.૭૮ સેકન્ડના સીઝનના શ્રેષ્ઠ સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે ચીનની ચેન યુજીએ ૨૨.૯૩ સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. ફાઈનલમાં સામેલ અન્ય ભારતીય મહિલા ખેલાડી ઉન્નતિ અયપ્પા બોલેન્ડે ૨૩.૪૮ સેકંડના સમય સાથે છઠ્ઠા સ્થાને રહી હતી.

હરિતાના બ્રોન્ઝ મેડલથી એશિયન ગેમ્સમાં મહિલાઓની ૨૦૦ મીટર સ્પર્ધામાં ભારતની મેડલ માટેની લાંબી રાહનો અંત આવ્યો હતો. ભારતે છેલ્લે ૨૦૧૮ એશિયન ગેમ્સમાં દુતી ચંદના બ્રોન્ઝ મેડલ સાથે આ ઇવેન્ટમાં મેડલ જીત્યો હતો. ૨૩ વર્ષીય આ એશિયન ગેમ્સમાં ૨૦૦ મીટર દોડમાં મેડલ જીતનારી માત્ર છઠ્ઠી ભારતીય મહિલા બની. એશિયન ગેમ્સ પહેલા મહારાષ્ટ્રના દોડવીરે ૬૫મી રાષ્ટ્રીય આંતર-રાજ્ય સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૨૩.૧૪ સેકન્ડનો વ્યક્તિગત શ્રેષ્ઠ સમય લીધો હતો અને નેશનલ ટાઇટલ જીત્યું હતુ. એશિયન ગેમ્સમાં તેનો સમય તે રેકોર્ડ કરતા માત્ર ૦.૦૬ સેકન્ડ ધીમો હતો. ભારતની ઉન્નતિ અયપ્પા બોલેન્ડ ૨૩.૪૬ સેકન્ડના સમય સાથે છઠ્ઠા સ્થાને રહી. દોડ પછી બોલેન્ડે હરિતાને ગળે લગાવી અને તેણીની સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા.

પુરુષોની ૨૦૦ મીટરની ફાઇનલમાં ભારતનો અનિમેષ કુજુર ૨૦.૮૦ સેકન્ડના સમય સાથે પાંચમા સ્થાને રહ્યો. હીટ્સમાં મજબૂત પ્રદર્શન પછી અનિમેષ મેડલ માટે ફાઇનલમાં જરૂરી ગતિ સુધી પહોંચવામાં નિષ્ફળ ગયો. થાઇલેન્ડના પુરીપોલ બુન્સને ૧૯.૮૮ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો.

ભારતીય બોક્સર પરવીન હુડા, અંકુશ પંઘાલ અને નરેન્દર બરવાલે રવિવારે અહીં ક્વાર્ટર ફાઇનલનમાં શાનદાર જીત નોંધાવી દેશ માટે ત્રણ મેડલ પાક્કા કર્યા હતા જ્યારે સચિન સિવાચનું અભિયાન અંતિમ આઠમાં સમાપ્ત થયું હતું.

ગયા મહિને ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર અંકુશે પુરુષોની ૮૦ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં તાજિકિસ્તાનના નેકુઝ સાલિમોવ સામે ૫-૦ સર્વસંમતિથી પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. નરેન્દર (૯૦ કિગ્રાથી વધુ) એ પાછલા રાઉન્ડમાંથી પોતાના બ્રોન્ઝ મેડલમાં વધુ એક મેડલ ઉમેર્યો. રેફરીએ થાઇલેન્ડના અદથાપોંગ સેંગટેપ સામેના ક્વાર્ટર ફાઇનલ મેચમાં બે મિનિટથી પણ ઓછા સમયમાં મુકાબલો બંધ કરવાનો આદેશ આપ્યો. ભારતીય સુપર હેવીવેઇટ બોક્સરે તેના થાઈ પ્રતિસ્પર્ધી પર જોરદાર મુક્કાઓનો મારો ચલાવ્યો, જેના કારણે રેફરીને સેંગટેપને મુકાબલો બંધ કરતા પહેલા ત્રણ સ્ટેન્ડિંગ કાઉન્ટ આપવા પડ્યા હતા.

પરવીને ઉઝબેકિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા નવબખોર ખામિદોવાને સમાન માર્જિનથી હરાવીને મહિલા ૬૫ કિગ્રા સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી દ્વારા પોતાના સ્થળની જાણકારી ન આપવા બદલ પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ પરવીનનો બ્રોન્ઝ મેડલ પાછલા રાઉન્ડમાં તેની પાસેથી છીનવી લેવામાં આવ્યો હતો. આ હરિયાણા બોક્સરનો પહેલો મુકાબલો હતો, જેને પાછલા રાઉન્ડમાં વોકઓવર મળ્યો હતો. જોકે, પરવીને શાનદાર પ્રદર્શન કર્યું.

જોકે, કોમનવેલ્થ ગેમ્સના ચેમ્પિયન સચિનની સફરનો અંત આવ્યો. પુરુષોની ૬૦ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં તે જાપાનના સ્થાનિક ફેવરિટ શુનસુકે કિટામોટો સામે ૦-૫થી હારી ગયો હતો. અંકુશે શાનદાર પ્રદર્શન કર્યું, સલીમોવને સંપૂર્ણપણે હરાવીને સેમિફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતુ. એશિયન ગેમ્સમાં ડેબ્યૂ કરતા અંકુશે આમ અંતિમ ચારમાં પ્રવેશ કર્યો અને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાકો કર્યો હતો.

ભારતની એન્સી સોજને રવિવારે અહીં એશિયન ગેમ્સમાં મહિલામાં લાંબી કૂદ સ્પર્ધામાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. એન્સી ૬.૫૩ મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે બીજા સ્થાને રહી હતી. ચીનની હુઆંગ યિંગયિંગે તેના છેલ્લા પ્રયાસમાં ૬.૫૫ મીટરના કૂદકા સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. અગાઉ, ભારતની હરિતા ભદ્રાએ મહિલાઓની ૨૦૦ મીટરની ફાઇનલમાં ૨૩.૨૦ સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

જોકે, ભારતની અન્ય મહિલા ખેલાડી શૈલી સિંહને મહિલાઓની લાંબી કૂદની ફાઇનલમાં નિરાશાનો સામનો કરવો પડ્યો. ચીનની મેંગયી તાને ૬.૪૬ મીટર કૂદકો મારીને ભારતીય ખેલાડીને પાછળ છોડી દીધી અને શૈલી બ્રોન્ઝ મેડલ જીતવાથી ચૂકી ગઈ હતી.

એન્સીએ તેના પાંચમા પ્રયાસમાં ૬.૫૩ મીટરનો કૂદકો માર્યો હતો. યિંગયિંગે તેના અંતિમ પ્રયાસમાં ૬.૫૫ મીટરના કૂદકા સાથે ભારતીય ખેલાડીને પાછળ છોડીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**સર્વેશ કુશારે હાઈ જમ્પમાં જીત્યો સિલ્વર મેડલ**

ભારતના સર્વેશ કુશારે ૨૦૨૬ એશિયન ગેમ્સમાં પુરુષોની ઊંચી કૂદમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે ૨.૨૫ મીટરની કૂદ સાથે આ સિદ્ધિ મેળવી હતી. ચીની તાઇપેઈના ગોલ્ડ મેડલ વિજેતા ફુ ચાઓ-હુઆને પણ ૨.૨૫ મીટર ઊંચો કૂદકો માર્યો હતો, પરંતુ તેનો છેલ્લો કૂદકો ફાઉલ વિના પૂર્ણ થયો હતો, જેના કારણે ભારતને ગોલ્ડ મેડલ ગુમાવવો પડ્યો હતો. ■

### સર્જિકલ સ્ટ્રાઈકે

આતંકવાદી હુમલાઓને કારણે ભારતે જે લાંબા સમયથી પીડા ભોગવી હતી, તેના જવાબમાં સર્જિકલ સ્ટ્રાઈક એ દેશનો નિર્ણાયક પ્રતિસાદ હતો.

''સર્જિકલ સ્ટ્રાઈકે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની આતંકવાદ વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ હિંમતપૂર્વક રજૂ કર્યું,'' તેમ તેમણે કહ્યું.

જમ્મુ-કાશ્મીરના ઉરીમાં આતંકવાદીઓએ સેનાના કેમ્પ પર હુમલો કરીને ૧૮ સૈનિકની હત્યા કર્યા બાદ, ભારતીય દળો દ્વારા સરહદની પેલે પાર આતંકવાદી કેમ્પો પર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. મોદીએ કહ્યું કે ભારતે લાંબા સમયથી આતંકવાદી હુમલાઓના ઘા સહન કર્યા છે અને યાદ અપાવ્યું હતું કે એક સમય એવો હતો જ્યારે દેશમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટો (સિરિયલ બ્લાસ્ટ) સામાન્ય ઘટના બની ગઈ હતી.

તેમણે કહ્યું કે સપ્ટેમ્બર મહિનામાં જ, ખાસ કરીને ૧૩ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ, દિલ્હીમાં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોમાં ઘણા નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ■

### વસ્તી ગણતરી

પોતાના અને તેમના પરિવાર માટે માહિતી દાખલ કરવાની સુવિધા આપે છે.

તેમણે કહ્યું કે હિન્દી ઉપરાંત, આ સુવિધા ૧૬ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ છે.

તેમણે કહ્યું, ''અત્યારે દેશનું એક ભવ્ય ચિત્ર ઊભરી રહ્યું છે. આ ચિત્રમાં તમે, તમારો પરિવાર અને તમારા પડોશીઓ પણ સામેલ છે. હું ભારતની વસ્તી ગણતરીની વાત કરી રહ્યો છું. આ પ્રક્રિયાનો પ્રથમ તબક્કો તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ પૂર્ણ થઈ ગયો છે.''

મોદીએ કહ્યું કે ૩૨ કરોડથી વધુ પરિવારોની માહિતી પહેલેથી જ નોંધાઈ ચૂકી છે અને લદ્દાખ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના દુર્ગમ તથા બરફથી આચ્છાદિત વિસ્તારોમાં પણ હાલમાં કામ ચાલી રહ્યું છે. ■

### દક્ષિણ આફ્રિકામાં

ઘટના રવિવારે વહેલી સવારે કેપ ટાઉન નજીક બની હતી. આ બંને ગોળીબારની ઘટનાઓમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ ઘટનાઓ ડરબન શહેર નજીકના એક ટાઉનશિપમાં થયેલા અન્ય એક સામૂહિક ગોળીબારના માત્ર પાંચ દિવસ બાદ બની હતી, જેમાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા હતા. ■

### પંજાબની યુનિવર્સિટીમાં

યુનિવર્સિટીના મુખ્ય ગેટની બહાર એકઠા થયા હતા અને ગેટ ખાતે પણ તોડફોડ કરી હતી. ત્યારબાદ પ્રદર્શનકારીઓ ચંદીગઢ-અમૃતસર નેશનલ હાઇવે પહોંચ્યા હતા. જ્યાં ધરણા કરીને રસ્તો બ્લોક કરી દીધો હતો. જેના કારણે રાત્રે હાઇવે પર ટ્રાફિક વ્યવહાર પણ ખોરવાયો હતો. ■

# કચ્છમાં સરકારી જમીનો પર દબાણો હટાવવા કલેક્ટરનો આદેશ, ભૂમાફિયાઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં સરકારી, ગૌચર તેમજ જાહેર હિતની કિંમતી જમીનો પર થયેલાં ગેરકાયદે બાંધકામો સામે જિલ્લા વહીવટી તંત્રે કડક કાર્યવાહી કરી છે. વિકાસ કાર્યોમાં અવરોધરૂપ બનતાં દબાણો હટાવવા માટે જિલ્લા કલેક્ટરે તમામ પ્રાંત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે, જો દબાણકારો સ્વેચ્છાએ કબજો ખાલી નહીં કરે તો વહીવટી તંત્ર સુઓમોટો સત્તાનો ઉપયોગ કરી નોટિસ પાઠવી બુલડોઝર ફેરવશે.

જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, કચ્છમાં પેશકદમીની સમસ્યા અતિ ગંભીર બની છે. આ દૂષણ ડામવા હવે દર ૧૫ દિવસે તમામ પ્રાંત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાશે. બેઠકમાં કેટલાં દબાણો દૂર કરાયાં અને કાર્યવાહી કેમ અટકી તેની ઝીણવટભરી તપાસ થશે. કોઈ વિસ્તારમાં પેશકદમી સામે પગલાં લેવામાં ઢીલાશ જણાશે તો તેની સીધી જવાબદારી સંબંધિત પ્રાંત અધિકારીની નક્કી કરવામાં આવશે. કોઈપણ વગદાર કે માથાભારે શખ્સની શેહશરમ રાખ્યા વિના કાચાં-પાકાં બાંધકામો તોડી પાડવાના આદેશ અપાયા છે. જો કોઈ સ્થળેથી દબાણ હટાવ્યા બાદ ફરીથી કબજો કરવાનો પ્રયાસ થશે, તો પ્રાંત અધિકારીએ સ્વયં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફોજદારી ફરિયાદ નોંધાવવી પડશે.

પેશકદમીની તપાસમાં પારદર્શિતા લાવવા માટે હવે જીપીએસ અને ગૂગલ મેપ આધારિત ખાસ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ શરૂ કરાયો છે. આ ટેકનોલોજીથી સ્થળ પર ઊભા રહીને જ જમીનનો સાચો સર્વે નંબર અને તેની માલિકીની વિગતો ત્વરિત જાણી શકાય છે, જેથી સરકારી જમીન ઓળખવામાં મુશ્કેલી રહેતી નથી. વહીવટી તંત્રની આકરી ઝુંબેશ વચ્ચે જાગૃત નાગરિકો પણ આગળ આવી રહ્યા છે. કલેક્ટર કચેરીના આંકડા મુજબ, ચાલુ વર્ષે જાન્યુઆરીથી ૨૬ સપ્ટેમ્બર સુધીમાં લેન્ડ ગ્રેબિંગ સંદર્ભે કુલ ૩૭૦ ફરિયાદો નોંધાઈ છે, જેમાં સૌથી વધુ ૭૬ ફરિયાદો એકલા જૂન માસમાં મળી હતી. તંત્રના કડક વલણને પગલે સમગ્ર કચ્છ જિલ્લાના ભૂમાફિયાઓ અને દબાણકારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# રાજકોટના આંબરડી શાળાની હોસ્ટેલમાં વિદ્યાર્થીએ આપઘાત કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: જિલ્લાના જસદણ તાલુકાના આંબરડી ખાતે આવેલી જીવન શાળાની હોસ્ટેલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ગળેફાંસો લગાવી આપઘાત કરતા ચકચાર મચી ગઈ હતી.

મૂળ ચોટીલાના રાજપરા ગામનો વિશાલ સોરાણી છેલ્લા ત્રણ વર્ષથી જીવનશાળામાં અભ્યાસ કરતો હતો. તેણે ૨૭ સપ્ટેમ્બરને રવિવારે રજાના દિવસે, હોસ્ટેલના રૂમમાં દોરડા વડે પંખે લટકી મોતને વહાલું કર્યું હતું. હોસ્ટેલમાં બનેલી આ ઘટનાને પગલે અન્ય વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

આપઘાતની ઘટના અંગે હોસ્ટેલ સંચાલકોને જાણ કરવામાં આવતા તેઓ હોસ્ટેલમાં દોડી આવ્યા હતા અને સમગ્ર મામલે સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

જસદણ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે હોસ્ટેલના રૂમમાં દોરડા વડે પંખે લટકતા વિદ્યાર્થી વિશાલ સોરાણીના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે જસદણ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલ્યો હતો અને બનાવ અંગેનું ચોક્કસ કારણ જાણવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક વિદ્યાર્થીના રૂમમાં તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ કે સુસાઇડ નોટ મળી આવી નથી, જેથી વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હોવાની પોલીસે શંકા વ્યક્ત કરી છે. જોકે પોલીસે હત્યાનું કારણ જાણવા માટે આસપાસના લોકોની પૂછપરછ હાથ ધરી છે. ■

# જામનગરમાં પ્રથમ વખત વૈજ્ઞાનિક પદ્ધતિથી ''બર્ડ એટલાસ'' સર્વે યોજાયો: ૬૨ પક્ષીપ્રેમીઓએ ૨૫ ગ્રીડમાં ફરીને તૈયાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: શહેરમાં પ્રથમ વખત પક્ષીઓની સંખ્યા, વિવિધતા અને ઋતુ પ્રમાણે તેમની હાજરીનો વૈજ્ઞાનિક ડેટાબેઝ તૈયાર કરવાના હેતુથી બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત તથા જામનગરની વિવિધ પ્રકૃતિપ્રેમી,જીવદયાપ્રેમી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી ''જામનગર બર્ડ એટલાસ'' કાર્યક્રમ યોજાયો હતો.

બર્ડ એટલાસના પ્રથમ તબક્કામાં કુલ ૬૨ પક્ષીપ્રેમીઓ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરો, પક્ષીવિદો, વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા આમંત્રિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવારથી જ અલગ અલગ ટીમો દ્વારા જામનગર શહેરના વિવિધ નિર્ધારિત વિસ્તારોમાં ફરીને પક્ષીઓનું નિરીક્ષણ અને નોંધણી કરવામાં આવી હતી.

વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વે હાથ ધરવા માટે જામનગર શહેરને કુલ ૨૫ ગ્રીડમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. દરેક ગ્રીડમાં બે સબસેલ અને દરેક સબસેલમાં ચાર ચેકલિસ્ટ મુજબ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આમ કુલ ૨૦૦ ચેકલિસ્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ચેકલિસ્ટના આધારે વિવિધ વિસ્તારોમાં જોવા મળતા પક્ષીઓની જાતિ, હાજરી અને અન્ય જરૂરી વિગતોનું વૈજ્ઞાનિક રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. આ સર્વે બાદ શહેરમાં કયા વિસ્તારોમાં કયા પ્રકારના પક્ષીઓ જોવા મળે છે, કયા પક્ષીઓ કાયમી વસવાટ કરે છેઅને કયા પક્ષીઓ ઋતુ પ્રમાણે જામનગરમાં આવે છે, તેની વધુ વ્યવસ્થિત સમજ મેળવવામાં આ ડેટા મહત્વપૂર્ણ બની રહેશે. ■

# અમરેલીના નવી બારપટોળી નજીક બીમાર સિંહના રેસ્ક્યૂ દરમિયાન ફોરેસ્ટર અને ટ્રેકર પર હુમલો

## ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર સાથે ભયનો માહોલ જોવા મળ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી: જિલ્લાના રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામ નજીક વાડી વિસ્તારમાં બીમાર સિંહને રેસ્ક્યૂ કરવાની કામગીરી દરમિયાન વનવિભાગના કર્મચારીઓ પર સિંહે હુમલો કરતાં બે કર્મચારીઓ ઇજાગ્રસ્ત થયા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર સાથે ભયનો માહોલ જોવા મળ્યો હતો.

મળતી માહિતી મુજબ, નવી બારપટોળી નજીક વાડી વિસ્તારમાં સિંહ બીમાર હોવાની જાણ વનવિભાગને થતાં સિંહના રેસ્ક્યૂ માટે ટીમ સ્થળ પર પહોંચી હતી. વનવિભાગની ટીમ દ્વારા સિંહને પકડવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક સિંહે વનવિભાગના કર્મચારીઓ પર હુમલો કર્યો હતો.

આ હુમલામાં ફોરેસ્ટર એમ.જે. ખાવડિયા અને ટ્રેકર ભરત જોગદીયા ઇજાગ્રસ્ત થયા હતા. બંનેને તાત્કાલિક સારવાર માટે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટ્રેકર ભરત જોગદીયાને પેટના ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

વનવિભાગના કર્મચારીઓ પર હુમલો કર્યા બાદ સિંહ સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને શેત્રુંજી વિભાગના ડીસીએફ ચિરાગ અમીન અને એસીએફ રાજન જાદવ સહિતની વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

હુમલો કરનાર સિંહને ઝડપી પાડવા માટે વનવિભાગ દ્વારા મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. રાત્રિના સમયથી શરૂ કરાયેલી શોધખોળ વહેલી સવાર સુધી ચાલી હતી. આસપાસના વાડી વિસ્તારોમાં સિંહના પગલાં, હિલચાલ અને હાજરી અંગે તપાસ કરવામાં આવી હતી.

મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યા છતાં હુમલો કરનાર સિંહને પકડવામાં સફળતા મળી ન હતી. જેના કારણે નવી બારપટોળી સહિત આસપાસના વાડી વિસ્તારમાં રહેતા લોકો અને ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. વનવિભાગ દ્વારા સિંહની હિલચાલ પર નજર રાખવા તેમજ તેને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરવા માટે કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહ સંરક્ષણની કામગીરી દરમિયાન વનવિભાગના અધિકારીઓ, ફોરેસ્ટર અને ટ્રેકર્સ સતત જોખમ વચ્ચે ફરજ બજાવી રહ્યા છે.

બીમાર કે ઇજાગ્રસ્ત સિંહોને રેસ્ક્યૂ કરવા માટે ઘણી વખત નજીકથી કામગીરી કરવી પડતી હોય છે, જેમાં વનકર્મીઓ માટે પણ જોખમ રહે છે. નવી બારપટોળીની ઘટનાએ સિંહ રેસ્ક્યૂ અને સંરક્ષણની કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓના જોખમને ફરી એકવાર ઉજાગર કર્યું હતું. ■

# ભાવનગરના જૂના બંદરની ખાડીમાં અચાનક ડોલ્ફિન દેખાતાં લોકોમાં કુતૂહલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના જૂના બંદર વિસ્તારમાં આવેલા દરિયાઈ ખાડીના પાણીમાં ભરતી વેળાએ અચાનક એક સુંદર ડોલ્ફિન માછલી દેખાતાં સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓમાં ભારે આશ્ચર્ય અને કુતુહલનો માહોલ સર્જાયો હતો. કેબલ સ્ટેડ બ્રિજ નજીકથી પસાર થઈ રહેલા એક સ્થાનિક નાગરિકની નજર પાણીમાં રમી રહેલી ડોલ્ફિન પર પડતાં જ તેણે આ અંગે આસપાસના લોકોને જાણ કરી હતી, જેને પગલે જોતજોતામાં આ અનોખા દરિયાઈ જીવને નિહાળવા માટે લોકોના ટોળેટોળાં ખાડી કિનારે એકત્ર થઈ ગયા હતા.

પ્રાથમિક અનુમાન મુજબ દરિયામાં આવેલી ઊંચી ભરતીના કારણે પાણી ખાડીના અંદરના ભાગ સુધી ધસી આવ્યું હતું, જેની સાથે જ આ ડોલ્ફિન પણ ભૂલથી અથવા ખોરાકની શોધમાં ખાડીના શાંત પાણીમાં આવી પહોંચી હોવાનું માનવામાં આવી રહ્યું છે. દરિયાઈ ખાડીમાં અચાનક ડોલ્ફિનનું આગમન થતાં જ વિસ્તારમાં વાયુવેગે આ સમાચાર પ્રસરી ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગ દ્વારા ડોલ્ફિનની સ્થિતિ અને તેની વર્તણૂક પર સતત બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.

ખાડી કિનારે લોકોની ભારે ભીડ એકઠી થઈ હોવાથી ડોલ્ફિન ભયભીત ન થાય અને તેને કોઈ પ્રકારની પરેશાની કે હાનિ ન પહોંચે તે માટે વન વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા ભીડને નિયંત્રિત કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભરતી ઓસર્યા બાદ ડોલ્ફિન કુદરતી રીતે પાણીના વહણ સાથે ફરી ઊંડા દરિયામાં પરત જાય છે કે કેમ તેના પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. જો ઓટ આવ્યા પછી પણ ડોલ્ફિન ખાડીના છીછરા પાણીમાં ફસાઈ જશે તો તેને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરી ઊંડા દરિયાઈ વિસ્તારમાં છોડવા માટેનું જરૂરી આયોજન પણ વિચારાધીન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર જિલ્લાનો દરિયાકાંઠો દરિયાઈ જીવસૃષ્ટિ અને જૈવવિવિધતાની દ્રષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ માનવામાં આવે છે. આ અગાઉ પણ ભાવનગરના મહુવા અને તળાજાના દરિયાઈ વિસ્તારોમાં અવારનવાર ડોલ્ફિન જોવા મળવાના કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. જૂના બંદરની ખાડી સુધી ડોલ્ફિનનું આવી પહોંચવું એ સ્થાનિક દરિયાઈ પર્યાવરણ અને જીવસૃષ્ટિની સક્રિયતા તરફ નિર્દેશ કરે છે. હાલ વન વિભાગની ટીમ સ્થળ પર તૈનાત રહીને ડોલ્ફિનની સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં ભરી રહી છે. ■

# ભચાઉ કૃષિ મહાવિદ્યાલય ખાતે ₹ ૨.૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક જમીન ચકાસણી લેબોરેટરી આકાર લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના ધરતીપુત્રોમાં કૃષિ ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે તે ઉમદા હેતુસર ભચાઉ સ્થિત કૃષિ મહાવિદ્યાલય ખાતે નવીન જમીન વિજ્ઞાન પ્રયોગશાળા સ્થાપવાનો નિર્ણય લેવાયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત આર્થિક સહયોગથી આશરે રૂ. ૨.૧૫ કરોડના ખર્ચે આ અત્યાધુનિક સુવિધા ઊભી કરવામાં આવી રહી છે.

આ આધુનિક લેબોરેટરીના નિર્માણ અર્થે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ. ૬૫ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રયોગશાળાને અત્યાધુનિક ઉપકરણો અને નવીન ટેકનોલોજીથી સુસજ્જ કરવા ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧.૫ કરોડની વધારાની આર્થિક જોગવાઈ કરાઈ છે. આગામી જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી માસ સુધીમાં આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે કાર્યરત થઈ જવાની સંભાવના છે.

સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત થયા બાદ આ પ્રયોગશાળામાં દર મહિને ૩,૦૦૦ જેટલા માટીના નમૂનાઓનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે. સ્થાનિક કક્ષાએ જ જમીનની ફળદ્રુપતા, ક્ષારતા, પી.એચ. મૂલ્ય અને પોષક તત્વોની ચોક્કસ સ્થિતિ જાણી શકાશે તેમજ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ પણ અહીંથી જ તૈયાર કરી અપાશે. પરિણામે રાસાયણિક ખાતરોનો અંધાધૂંધ વપરાશ અટકશે, ખેતી ખર્ચમાં મોટો ઘટાડો થશે અને જમીનની ઉત્પાદકતા લાંબા ગાળા સુધી જળવાઈ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં હાલ ભુજ ખાતે સરકારી પ્રયોગશાળા કાર્યરત છે, જ્યારે ગઢશીશા અને સુવઈ ખાતે ખાનગી લેબોરેટરીઓ ચાલી રહી છે. ભચાઉ ખાતે નવી સરકારી લેબ શરૂ થતાં વાગડ પંથકના ખેડૂતોને ઘરઆંગણે જ અત્યાધુનિક સુવિધા ઉપલબ્ધ બનશે. ■

# વિસાવદરના પ્રેમપરા ગામે મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો, અનૈતિક સંબંધોની શંકામાં કૌટુંબિક કાકાએ જ હત્યા કરી હતી

## હત્યાના બનાવમાં અન્ય કોઈ સહયોગી કે પુરાવાઓ છેકે નહીં તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: જિલ્લાના વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રેમપરા ગામે ગત ૨૪ સપ્ટેમ્બરના રોજ એક મહિલાની તીક્ષ્ણ હથિયાર વડે ગળું કાપીને કરાયેલી હત્યાનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં જ ઉકેલી નાખ્યો હતો.

આ ચકચારી બનાવમાં મૃતક મહિલાના કૌટુંબિક કાકા જ હત્યારા નીકળ્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રેમપરા ગામના વાડી વિસ્તારમાં સુમિતાબેન નામની મહિલાની કોઈ અજાણ્યા શખ્સે તીક્ષ્ણ હથિયારથી ગળું કાપીને હત્યા કરી નાખી હતી.

આ બનાવની જાણ મૃતક મહિલાના દીકરાને થતાં તેણે તુરંત જ ૧૧૨ (ઇમરજન્સી હેલ્પલાઇન) અને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી જાણ કરી હતી. માહિતી મળતા જ વિસાવદર પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

ઘટનાની તપાસ દરમિયાન મૃતક મહિલાના પતિને જાણ થઈ હતી કે આ જ ગામના અર્જણભાઈ ગોવિંદભાઈ ભડેલીયા નામના શખ્સે ઝેરી દવા પી લીધી છે, જેથી તેમને હાલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને પોલીસે હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના આધારે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી, જેમાં અર્જણભાઈ ગોવિંદભાઈ ભડેલીયા ગંભીર શંકાના દાયરામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછ અને દાવા મુજબ, આરોપી અર્જણભાઈને મૃતક મહિલા સાથે અનૈતિક સંબંધો હતા. આરોપીએ પૂછપરછમાં કબૂલાત કરી હતી કે તેઓ બંનેએ જીવનનો અંત લાવવાનો વિચાર કર્યો હતો, જેના ભાગરૂપે તેણે આ મહિલાની હત્યા કરી હતી અને બાદમાં પોતે પણ ઝેરી દવા પી લીધી હતી.

હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા આરોપી અર્જણભાઈ ભડેલીયા પર પોલીસનો કડક જાપ્તો ગોઠવી દેવામાં આવ્યો છે. આ હત્યાના બનાવમાં અન્ય કોઈ સહયોગી કે પુરાવાઓ છે કે નહીં તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.. ■

# જૂનાગઢમાં ગિરનાર પર્વત પર અંબાજી મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: ગુજરાતભરમાં 'સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' શરૂ કરાયું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ''શિક્ષિત ભારત, સમૃદ્ધ ભારત અને વિકસિત ભારત ૨૦૪૭'' ના વિઝનને સાકાર કરવાનો છે.

જે અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. ૧૦ દિવસના મેળામાં ઘણી ગંદકી ફેલાઇ હોવાથી સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

જેના ભાગરૂપે તા. ૨૭/૦૯/૨૦૨૬ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકા તંત્રના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના પવિત્ર તીર્થધામ ગિરનાર પર્વત પર આવેલા અંબાજી મંદિર ખાતે 'સ્વચ્છ ભારત અભિયાન' અને 'સ્વચ્છતા હી સેવા' અન્વયે વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ સફાઈ ઝુંબેશ દરમિયાન અંબાજી મંદિરથી નીચે ઉતરવાના માર્ગ તેમજ પગથિયાં અને સીડીઓ પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

આ તકે ઉપસ્થિત તમામ સ્વચ્છતા પ્રેમીઓ અને મહાનુભાવોએ માતા અંબાજીના દર્શન કરીને ધન્યતાની લાગણી અનુભવી હતી.

આ સફાઈ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિવિધ એન.જી.ઓ.ના સ્વયંસેવકો, સફાઈ કર્મચારીઓ, ભાવિક ભક્તો અને બહોળી સંખ્યામાં પ્રકૃતિ પ્રેમીઓએ પણ જોડાઈને શ્રમદાન કયુ઼ં હતું. ■

# જૂનાગઢની બીઓઆઈની શાખામાં પીઓપી પડતાં મહિલા કર્મચારી ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: શહેરના દીવાનચોક ખાતે આવેલી બેંક ઓફ ઇન્ડિયાની શાખામાં બે દિવસ પહેલા મેનેજરની અને આજે કેશિયરની બેઠક પાછળ છતનો અમુક ભાગ (પીઓપી) ધરાશાયી થવાની ગંભીર ઘટના બની હતી. આ દુર્ઘટનામાં એક મહિલા કર્મચારીને ખભાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ બનાવને પગલે યુનિયનના તમામ કર્મચારીઓ બહાર આવી જતા અને કામકાજ બંધ કરી દેતા, રવિવારના દિવસે સરકારી ગાઈડલાઈન મુજબ પોતાના જરૂરી કામ પતાવવા આવેલા અસંખ્ય ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

સરકારના આદેશ મુજબ રવિવારે બેંક ખુલ્લી હોવા છતાં અંદર છત પડવાના કારણે કામકાજ ઠપ થયું હતું અને અધિકારીઓ બેઠા હોવા છતાં તેમના દ્વારા કોઈ જ સંતોષકારક નિર્ણય કે જવાબ આપવામાં આવ્યો ન હતો. આ ગંભીર મામલે બેંકના મેનેજર દ્વારા કંઈ પણ પ્રતિક્રિયા આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. ■



રાજકોટ સહિત ગુજરાતભરમાં આવતીકાલ (૨૮મી સપ્ટેમ્બર)થી સળંગ ૩ દિવસ સુધી બેંકોની હડતાળ શરૂ થવા જઈ રહી છે. તે પહેલા રવિવારે બેંકો ચાલુ રહી હતી, જેથી બેંક ખાતા ધારકોએ પોતાના બેંકના કાર્યો કર્યા હતા.
- પ્રવિણ સેદાણી

# જૂનાગઢના લીલવા નજીક વધુ એક દીપડો પાંજરામાં કેદ, ગ્રામજનોએ રાહત અનુભવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: પંથકમાં વન્ય પ્રાણીઓની અવરજવર અને હુમલાની ઘટનાઓ વચ્ચે વન વિભાગ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન જૂનાગઢના લીલવા નજીકથી વધુ એક નર દીપડો પાંજરામાં કેદ થઈ જતાં સ્થાનિક ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો અને રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા આ જ વિસ્તારમાં એક માસૂમ બાળકી પર દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે રોષ અને ભયનો માહોલ છવાઈ ગયો હતો. લોકોમાં પ્રવર્તી રહેલી આ દહેશતને ધ્યાને લઈને વન વિભાગ દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા હતા. ગ્રામજનોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને વન વિભાગ દ્વારા લીલવા ગામમાં જુદી જુદી જગ્યાએ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. વન વિભાગની આ સતત વોચ અને જહેમત રંગ લાવી હતી, અને શાળાળી નજીકથી જ આ ખૂંખાર દીપડો પાંજરામાં ફસાઈ ગયો હતો. દીપડો પકડાઈ જવાથી વાલીઓ અને શાળાના બાળકો તેમજ ગ્રામજનોએ મોટી રાહત અનુભવી છે. ■

# સુરેન્દ્રનગરમાં ૬૪ સ્થળે વીજચોરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: જિલ્લામાં વીજચોરીના બનાવો પર અંકુશ લાવવા અને વીજચોરી કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાના હેતુથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં વિશેષ મેગા ચેકિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન કુલ ૪૭૫ વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૬૪ વીજ જોડાણોમાં વીજચોરી ઝડપાતાં કુલ રૂ.૪૯.૬૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

વીજ વિભાગની આ વ્યાપક કામગીરીથી વીજચોરી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. (પીજીવીસીએલ) દ્વારા વીજચોરીને ડામવા માટે જિલ્લામાં એકસાથે ૩૨ ટીમો ઉતારીને વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ મેગા ડ્રાઇવમાં લીંબડી, સાયલા, ચુડા, ધાંધલપુર, રાણાગઢ અને કુંડલા સહિત કુલ છ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. વીજ વિભાગની ટીમોએ નક્કી કરેલા વિસ્તારોમાં જઈ વીજ જોડાણોની ઝીણવટભરી તપાસ કરી હતી અને વીજચોરીના કિસ્સાઓ શોધી કાઢ્યા હતા. ■

# રાજકોટના જેતપુરમાં મારામારીનો વીડિયો વાઈરલ, પોલીસે આરોપીને ઝડપી રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: જિલ્લાના જેતપુરના સૌથી વ્યસ્ત ગણાતા વિસ્તારમાં જાહેરમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી એક ચોંકાવનારી ઘટના બની હતી. શહેરના સ્ટેન્ડ ચોક નજીક ધોળા દિવસે બે જૂથો વચ્ચે થયેલી હિંસક મારામારીનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જોરદાર વાયરલ થયો હતો. પોલીસે વાયરલ વીડિયોમાં આધારે આરોપીને ઝડપી લીધા હતા. મળતી વિગતો મુજબ, જેતપુરના વ્યસ્ત એવા સ્ટેન્ડ ચોક નજીક આવેલા અફલાતૂન પાવભાજી પાસે આ મારામારીની ઘટના ઘટી હતી. અહીં ભરાતી કડિયા કામની ગુજરી બજારમાં કોઈ અગમ્ય કારણોસર બે પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જાહેર માર્ગ પર જ બંને પક્ષો વચ્ચે પડાપડી અને આડેધડ મારામારી શરૂ થઈ ગઈ હતી. ધોળા દિવસે જાહેર રોડ પર ફિલ્મી દ્રશ્યો જેવા દ્રશ્યો સર્જાયા હતા, જેને પગલે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ સમગ્ર હિંસક ઘટનાનો વીડિયો ત્યાં હાજર કોઈ નાગરિકે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જે બાદમાં સોશિયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ પર વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાં જ જેતપુર પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. પોલીસે વાયરલ વીડિયોના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને ગણતરીના કલાકોમાં જ આરોપીને દબોચી લીધો હતો.

કાયદાનો ડર જળવાઈ રહે અને ગુનેગારોમાં ફફડાટ વ્યાપે તે માટે પોલીસે કડક વલણ અપનાવ્યું હતું. પોલીસ ટીમ પકડાયેલા આરોપીને જાહેરમાં લઈ જઈ સ્ટેન્ડ ચોક ખાતે ઘટનાસ્થળે લઈ ગઈ હતી. સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. પોલીસની આ સપાટાભેર કામગીરીને પગલે ગુનાહિત તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે, જ્યારે સ્થાનિક લોકોએ પોલીસની આ ત્વરિત કાર્યવાહીને બિરદાવી છે. પોલીસ હાલ આ મામલે અન્ય સંડોવાયેલા શખ્સોની ધરપકડ કરવા વધુ તપાસ ચલાવી રહી છે. ■

## સંસ્થા સમાચાર

### રાજકોટમાં પૂ.શ્રી ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ. પ્રમીલાજી મહાસતીજી કાળધર્મ પામ્યા



ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી પૂ.રંભાબાઈ મ.સ.ના પરિવારના પૂ.લાભુબાઈ મ.સ.ના સુશિષ્યા બા. બ્ર. પૂ. પ્રમીલાબાઈ મ.સ. ઉંમર વર્ષ ૭૫ અને ૪૯ વર્ષના દીક્ષાપર્યાય સહિત પૂ. નીલમબાઈ મ.સ. ની નિશ્રામાં તા. ૨૫ ને શુક્રવારે રાત્રે ૯:૦૫ કલાકે જે. જે. કોઠારી ઉપાશ્રય પ્રહલાદ પ્લોટ ખાતે કાળધર્મ પામ્યા છે.

શાહ મોહનલાલ શામળજી પરિવારના મનહરભાઈ અને સુશીલાબેનના ગૃહાંગણે જન્મેલા પ્રમિલાબેને રાજકોટ મોટા સંઘમાં તા.૧૪-૫-૧૯૭૮ ના સૌરાષ્ટ્રના સિંહણ પૂ. ઇન્દુબાઈ મ.સ.ના હસ્તે દીક્ષા અંગીકાર કરેલ.

ડો.સંજય શાહ, જયશ્રીબેન શાહ, હરેશભાઈ વોરા, કલ્પના શાહ, દિનેશભાઈ દોશી, ડો. સી.વી.અજમેરા વગેરે વૈયાવચ્ચમાં કાર્યરત હતા.

ગુણાનુવાદ સભા : શ્રી જશ - પ્રેમ - ધીર સંકુલ,૫- વૈશાલીનગર , રૈયા રોડ ખાતે તા. ૨૮ ને સોમવારે સવારે ૯-૩૦ કલાકે ગુણાનુવાદ સભા રાખેલ છે.

### ધીર ગુરુદેવના કરકમલોમાં ઈન્દૌર ચેન્નઈ સંઘ દ્વારા ચાતુર્માસ વિનંતી



એમ્બીવેલી સિટી ખાતે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના કરકમલોમાં ઈન્દૌર સંઘ, મહિલા મંડળના જયશ્રી સંઘવી, કુંજન તુરખીયા, અનિતા પારેખ વગેરેએ આગામી ચાતુર્માસની અતિ આગ્રહભરી વિનંતી કરેલ. જ્યારે ૨૦૨૮ માટે સી. યુ. શાહ ભવન - ચેન્નઈના પ્રમુખ હિતેન કામદાર, બકુલેશ વિરાણી, કિરીટ પારેખ, સમીર બાવીસી તથા સુશ્રી મીનળબેન રોહિતભાઈ શાહ વગેરેએ વિનંતી કરેલ.

જ્યારે આગામી ૨૦૩૦માં ચીંચપોકલી અને ૨૦૩૧માં કેસરવાડી સંઘના ચાતુર્માસ કાજે ભરત વિરાણી, અશોક પારેખ, અતુલ અને હિમાંશુ મહેતા, વિપુલ સંઘવી વગેરેએ પૂ. ભારતીબાઈ મ. સ.ના ચાતુર્માસની ભાવના ભાવી હતી.

બોરીવલી-મૂલજીનગર સંઘના મંત્રી વિપુલ વિરાણીએ નવનિર્મિત ધર્મસ્થાનકના નિર્માણ બાદ પ્રથમ ચાતુર્માસની ભાવના ભાવી હતી. કોલકાતા-કમાણી જૈન ભવન-દેસાઈ ધર્માલયના ટ્રસ્ટી ગણે ૨૦૨૯ના વર્ષાવાસની વિનંતી રજૂ કરેલ.

જલગાંવ સંઘે નવનિર્મિત માલિનીબેન કિશોરભાઈ સંઘવી- સંભવનાથ ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે નિશ્રાપ્રદાન કરવા અનુરોધ કરેલ.

શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ પ્રેરિત ગૌમાતા લિફ્ટિંગ મશીન અને વાર્ષિક ગૌમાતા દત્તક યોજનામાં ભાવિકો ઉત્સાહભેર લાભ લઈ રહેલ છે. મહાવીરનગર- કાંદિવલી, રાજકોટ, મલાડ, તાડદેવ, ઘાટકોપર વગેરે સંઘે સત્સંગનો લાભ લીધેલ. દરરોજ સવારે ૧૦ થી ૧૧ કલાકે ગીતગુંજન પ્રવચન શ્રેણીનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે.■

## સરકાર ખેડૂતોની સાથે છે, તમામ શક્ય મદદ કરીશું: મંત્રી અતુલ સાવે

મુંબઈ/નાંદેડ: મહારાષ્ટ્રમાં દુકાળની સ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે અસરગ્રસ્ત ખેડૂતોને તમામ શક્ય મદદ કરવાની ખાતરી આપી છે. નાંદેડના જિલ્લા પાલક પ્રધાન અતુલ સાવેએ જણાવ્યું હતું કે મુશ્કેલીના આ સમયમાં સરકાર ખેડૂતોની સાથે મક્કમતાથી ઊભી છે અને ખેડૂતોએ નિરાશ થવાની જરૂર નથી.

તદુપરાંત અતુલ સાવેએ મરાઠવાડાના નાંદેડ જિલ્લામાં વિવિધ ગામોની મુલાકાત લઈને પાકની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે ખેડૂતો તેમ જ મહિલા ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો અને તેમના પ્રશ્નો તથા ખેતીની પરિસ્થિતિ અંગે માહિતી મેળવી હતી.

મહારાષ્ટ્ર સરકારે શનિવારે મહારાષ્ટ્રના ૩૫૮માંથી ૨૬૫ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા હતા. સરકારના ઠરાવ મુજબ રાજ્યના આશરે ૭૪ ટકા વિસ્તારને દુકાળની અસર હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

અસરગ્રસ્ત ખેડૂતોને રાહત આપવા માટે પાક લોનના પુનર્ગઠન, જમીન મહેસૂલમાં રાહત અને કૃષિ સંબંધિત લોનની વસૂલાત મુલતવી રાખવા જેવા પગલાં જાહેર કરવામાં આવ્યા છે. ■

## ગ્રાન્ટ રોડમાં દીપડાનું ચામડું જપ્ત: એમ્બ્યુલન્સના ડ્રાઈવરની ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં ઑગસ્ટ ક્રાંતિ મૈદાનની નજીક એમ્બ્યુલન્સમાંથી દીપડાનું ચામડું મળી આવ્યું હતું. ગામદેવી પોલીસે આ પ્રકરણે એમ્બ્યુલન્સના ડ્રાઇવરની ધરપકડ કરી હતી.ગામદેવી પોલીસ સ્ટેશનના એપીઆઇ દેવકરને માહિતી મળી હતી કે પ્રાણીનું ચામડું એમ્બ્યુલન્સમાં લઇ જવામાં આવી રહ્યું છે. આથી પોલીસની ટીમે ઑગસ્ટ ક્રાંતિ મેદાન નજીક છટકું ગોઠવ્યું હતું. એમ્બ્યુલન્સ ત્યાં આવી ત્યારે તેમાં ચાર જણ હાજર હતા, જે પોલીસને જોઇ ત્યાંથી પલાયન થઇ ગયા હતા.

એમ્બ્યુલન્સનો ડ્રાઇવર પણ ત્યાંથી ભાગવાનો પ્રયાસમાં હતો, પણ પોલીસે તેને તાબામાં લીધો હતો. દરમિયાન એમ્બ્યુલન્સની તલાશી લેવામાં આવતાં પ્લાસ્ટિકની મોટી થેલી મળી આવી હતી, જેમાં દીપડાનું ચામડું હતું, જેની કિંમત એક કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

પોલીસે તાબામાં લીધેલા ડ્રાઇવરની ઓળખ નાસિર નસીમ કુરેશી (૨૭) તરીકે થઇ હતી. નાસિર પ્રભાદેવી વિસ્તારનો રહેવાસી છે. નાસિર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી અને એમ્બ્યુલન્સ પણ જપ્ત કરાઇ હતી. ■

## ‘ખેડૂતોની દિવાળીમાં અંધારું નહીં છવાવા દઈએ’: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રમાં દુષ્કાળની ગંભીર સ્થિતિનો સામનો કરી રહેલા ખેડૂતોની વહારે રાજ્ય સરકાર આવી છે. રાજ્યના ૨૬૫ તાલુકામાં દુષ્કાળ જાહેર કરી ખેડૂતોને વિવિધ રાહતો અને સવલતો આપવાની જાહેરાત કરવામાં આવી છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, દુષ્કાળગ્રસ્ત ખેડૂતોને મુશ્કેલીના સમયમાં સરકાર એકલા નહીં છોડે અને ‘ખેડૂતોની દિવાળીમાં અંધારું નહીં છવાવા દઈએ’ એવી ખાતરી આપી છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી મુખ્ય પ્રધાન સહિત પ્રધાનમંડળના સભ્યો ખેડૂતોના ખેતરો સુધી પહોંચી તેમની સમસ્યાઓ જાણી રહ્યા હતા. કૃષિ અને મહેસૂલ વિભાગ પાસેથી રાજ્યની સ્થિતિનો વિગતવાર અહેવાલ મેળવ્યા બાદ ટ્રિગર-૧ લાગુ થયેલા ૨૬૫ તાલુકામાં દુષ્કાળ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિંદેએ બાંયધરી આપતા જણાવ્યું હતું કે આ નિર્ણય માત્ર કાગળ પરની જાહેરાત નહીં રહે, પરંતુ અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક રાહત મળે તે માટે પગલાં લેવામાં આવશે.

ખેડૂતો પર આર્થિક બોજ ન વધે તે માટે જમીન મહેસૂલમાં રાહત, પાક કર્જનું પુનર્ગઠન અને ખેતી સંબંધિત કર્જની વસૂલાતમાં સ્થગિતી આપવામાં આવી છે. કૃષિ પંપના વીજબિલમાં પણ સવલત જાહેર કરવામાં આવી છે. સાથે જ દુષ્કાળની સ્થિતિમાં ખેડૂતોના ખેતીપંપનું વીજ જોડાણ કાપવામાં ન આવે તેવા સ્પષ્ટ નિર્દેશો આપવામાં આવ્યા છે.

દુષ્કાળની અસર ખેડૂતો ઉપરાંત ખેતમજૂરો, પશુધન અને સમગ્ર ગ્રામ્ય અર્થવ્યવસ્થા પર ન પડે તે માટે રોજગારની વધુ તકો ઉપલબ્ધ કરાવવા રોહ્યોના માપદંડોમાં છૂટછાટ આપવામાં આવી છે. પીવાના પાણીની જરૂરિયાત ધરાવતા વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવશે. ખેડૂતો અને ખેતમજૂરોને અન્નધાન્યની અછત ન પડે તેમજ પશુઓ માટે પૂરતો ચારો મળી રહે તે માટે પણ વહીવટીતંત્રને સૂચના આપવામાં આવી છે.

પાકના નુકસાનના પંચનામા પણ તાત્કાલિક શરૂ કરવાનો આદેશ જિલ્લા કલેક્ટરોને આપવામાં આવ્યો છે. પાકની વાસ્તવિક સ્થિતિના ફોટોગ્રાફ અને જીપીએસ કોઓર્ડિનેટ્સ સાથે નોંધ કરવામાં આવશે. નુકસાનના આધારે ખેડૂતોને આપવામાં આવતી આર્થિક સહાય અંગે અલગથી સરકારી નિર્ણય જાહેર કરવામાં આવશે. બીજી તરફ, દુષ્કાળગ્રસ્ત પરિવારોના વિદ્યાર્થીઓને રાહત આપવા શાળા અને કૉલેજની પરીક્ષા ફીમાં માફી આપવામાં આવી છે.

શિંદેએ કહ્યું કે દુષ્કાળ જાહેર કરવો એ માત્ર શરૂઆત છે, પરંતુ ખેડૂતો સુધી વાસ્તવિક મદદ પહોંચાડવી સરકારનું અંતિમ લક્ષ્ય છે. તેમણે ખેડૂતોને ચિંતા ન કરવાની અને અંતિમ નિર્ણય ન લેવાની અપીલ કરી હતી. રાજ્યમાં દુષ્કાળની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ વધુ પગલાં લેવામાં આવશે. દરમિયાન, પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર શેતકરી કર્જમુક્તિ યોજનામાં આધાર વેરીફીકેશન પૂર્ણ કરનારા ૧૨.૫૮ લાખ ખેડૂતોને ઑગસ્ટના અંત સુધીમાં રૂ. ૧૦,૧૧૫ કરોડનું વિતરણ કરવામાં આવ્યું હોવાની માહિતી પણ શિંદેએ આપી હતી. ■

## પુણેમાં ગળું દબાવી યુવકની હત્યા કર્યા બાદ મૃતદેહને બીડમાં ફેંકી દીધો: બે મિત્ર પકડાયા

પુણે: પુણેમાં રહેતા યુવકની ગળુ દબાવીને હત્યા કર્યા બાદ મૃતદેહને કારમાં બીડ જિલ્લામાં લાવીને ઘાટ પર ઝાડીઝાંખરામાં ફેંકનારા બે મિત્રની પોલીસે ધરપકડ કરી હતી.

પુણે જિલ્લાના શિક્રાપુરમાં રહેતા અભિષેક નામદેવ કરકાંબે (૨૩)ના ઘરે આરોપીઓ આવ્યા હતા અને ફરવા જવાને બહાને તેને પોતાની સાથે લઇ ગયા હતા. આરોપીઓએ બાદમાં ગળું દબાવીને અભિષેકની હત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આરોપીઓ ત્યાર બાદ અભિષેકના મૃતદેહને કારમાં પુણેથી ૨૦૦ કિલોમીટર દૂર બીડ જિલ્લાના આષ્ટિ તહેસીલમાં લઇ આવ્યા હતા. તેમણે બીડ- અહિલ્યાનગર સ્ટેટ હાઇવે પર આવેલા કનિફનાથ ઘાટ પર મૃતદેહને લઇ જઇ ઝાડીઝાંખરામાં ફેંકી દીધો હતો. બાદમાં આરોપીઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા.

બીજી તરફ અભિષેક મોડી રાત થવા છતાં ઘરે પાછો ન ફરતાં તેના પિતાએ આરોપીઓની પૂછપરછ કરી હતી, જેમાં તેમણે ઉડાઉ જવાબ આપ્યા હતા અને તેના પિતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

બીડની અંભોરા પોલીસને શુક્રવારે સવારે માહિતી મળી હતી કે કનિફનાથ ઘાટ પર ઝાડીઝાંખરામાં મૃતદેહ મળી આવ્યો છે. આથી પોલીસ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહને બહાર કાઢી કડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો અને મૃતકની ઓળખ મેળવવા તેના ફોટા સોશિયલ મીડિયા પર સર્ક્યુલેટ કર્યા હતા. મૃતકની ઓળખ શિક્રાપુરના અભિષેક કરકાંબળે તરીકે થયા બાદ તેના પિતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

પિતાએ આ પ્રકરણે શનિવારે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે હત્યાનો ગુનો નોંધી બંને આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીઓની પૂછપરછ ચાલી રહી હોઇ હત્યા પાછળનો હેતુ જાણી શકાયો ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## હિન્દુ મરણ

**મેઘવાળ**

સ્વ. ભાનુબેન ખીમજી મકવાણા (ઉં.વ.૭૬) ગુરુવાર, ૨૪/૯/૨૬ના રોજ અવસાન થયું છે. તેઓ સ્વ. કેસરબેન અને સ્વ. મીઠાભાઈ કણબીના દિકરી અને ખીમજીભાઈ પાલજી મકવાણાના પત્ની. ભારતીબેન, જયોતિબેન, પ્રવિણભાઈ, મમતાબેન દિપ્તીબેનના મમ્મી. ઉષાબેન, દિનેશ ગોહિલ, સ્વ. સતિશ બારિયા, સિદ્ધાર્થ સોલંકી અને યોગેન્દ્ર મણિયારના સાસુજી. પલક, હર્ષ, મિહિર, જિનિત, હાર્દિક, સ્વયંમ અને દૈવિકના દાદીશ્રી. તેમના બારમાની વિધિ મંગળવાર, તા. ૨૯/૯/૨૬ના રોજ સાંજે ૫ વાગ્યે. નિવાસસ્થાને રાખવામાં આવી છે. શ્રી રામદેવ પીર મહારાજનો સંખ્યા ઢાળનો પાઠ રાખવામાં આવ્યો છે. સંપર્ક : પ્રવિણ ખીમજી મકવાણા જી-૧૦, સાંઈ હોન્ડા સર્વિસ સેન્ટર પાસે, ન્યૂ રશ્મી એપાર્ટમેન્ટ, હટકેશ, મીરા રોડ (ઇસ્ટ).

**કચ્છી ભાટીયા**

અરુણકુમાર સંપટ (ઉં. વ. ૭૬) તે માલતીબેન મથુરાદાસ (અલપઇવાળા) ના સુપુત્ર. સૌ. વસંતના પતિ. ધર્મેશના પિતા. દિલીપભાઇ તથા લતા કિરીટકુમાર પાલેજાના ભાઇ. વિઠ્ઠલદાસ જીવણલાલ વેદ (આદોનીવાલા)ના જમાઇ. તા. ૨૫-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે.

**વિશા સોરઠીયા વણિક**

રાણાકંડોરણાવાલા હાલ કાંદિવલી દિલિપ કાંતિલાલ શાહના ધર્મપત્ની કલાબેન (ઉં. વ. ૬૪) શનિવાર, તા. ૨૬-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ભાવિ અને દર્શિતના માતુશ્રી. ઉજવલ, તૃપ્તિના સાસુ. નયનાબેન જેમ્સભાઇ શાહના દેરાણી. સ્વ. જયાબેન હરખચંદ શાહની સુપુત્રી. સ્વ. ઇંદિરાબેન, શમા, સ્વ. મીનાક્ષી, શાંતિ, સ્વ. કલ્પના, સોનલ, મૂકેશના બેન. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૮-૯-૨૬ના ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૫મે માળે, એસ. વી. રોડ. પારેખ લેન કોર્નર, કાંદિવલી (વેસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

મૂળ ખોરાસાવાળા હાલ કાંદિવલી સ્વ. જયંતીલાલ પ્રભુદાસ સેલારકાના ધર્મપત્ની ગં. સ્વ. નિર્મળાબેન (ઉં. વ. ૮૪)તે મનીષ તથા કવિતાના માતુશ્રી. અ. સૌ. આશા તથા મનીષ નવીનચંદ્ર પારેખના સાસુ. સ્વ. પોપટલાલ કાળીદાસ વખારિયાની પુત્રી. સ્વ. મંજુલાબેન, પ્રાણલાલભાઇ સેલારકાના જેઠાણી. શિવાંગી પાર્થ ઓઝા, અંજલિ, ક્રિષાના દાદી. તા. ૨૬-૯-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. તુલસાબેન કાનજી મજેઠીયા કચ્છ ગામ માતાજીના નેત્રા હાલ મુલુંડના પુત્ર ખીમજીભાઇના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. હીરજી શીવજી માખીસોતા કચ્છ ગામ લાખાપર હાલ મુલુંડના પુત્રી. જયંતીલાલની બહેન. તે ચેતનભાઇ અલ્પાબેન વિનોદ પલણના માતુશ્રી. મિતાલીબેનના સાસુ. પ્રેમના દાદી. તા. ૨૬-૯-૨૬ શનિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૮-૯-૨૬ના ૪થી ૬. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટ, બૈરાઓએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

જલાલપુર માંડવાવાળા હાલ કાંદિવલી હરકીશનદાસ જાદવજી વળિયાના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૨) તે સ્વ. છોટાલાલ ધનજી સંઘવીના દીકરી. ગં. સ્વ. ઇન્દુમતીબેન પ્રવીણભાઇ, મીનાબેન ભરતભાઇ, ગં. સ્વ. કળાબેન ધીરજલાલ દેસાઇ, ગં. સ્વ. કોકિલાબેન ધીરેન્દ્રકુમાર ચિતલીયાના ભાભી. હેતલ-દક્ષેશ, ઉર્વશી-ગૌરાંગ, જયના-જીગર શેઠ, ડિમ્પલ- પ્રતિકના મોટાબા. ગીતાબેન હર્ષદભાઇ સંઘવી, સ્વ. રમેશભાઇ, પદ્માબેન નાગરદાસ મુનીના બહેન. શનિવાર તા. ૨૬-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દેસાઇ સઇ સુથાર જ્ઞાતિ**

દડવા (રાંદલના) નિવાસી હાલ માટુંગા (વેસ્ટ) સ્વ. છગનલાલ રામજીભાઇ સોલંકી (ઉં. વ. ૮૯) તા. ૨૫-૯-૨૬ શુક્રવારના રોજ રામશરણ પામેલ છે. તે જગદીશભાઇ, અમીતભાઇ, રીટાબેન અશ્વીનકુમાર ગોહીલ, મીનાબેન પુષ્કરભાઇ ગોહીલ, તે ચુનીલાલ રામજીભાઇ સોલંકી, દેવીબેન વ્રજલાલ રાઠોડના મોટાભાઇ. તે સ્વ. કાનજીભાઇ ઝવેરભાઇ ગોહીલના જમાઇ. (વલ્લભીપુરવાળા) તે પ્રીતીબેન તથા નિમીષાબેનના સસરા. તે કૌસ્તુભ, તિર્થ, યશ્વી, જીનલના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૬ સોમવારના ૩થી ૫. ઠે. ખાલસા સભાગૃહ, ગોપીટેંક રોડ, સીટીલાઇટ સિનેમાની પાછળ, માટુંગા (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

કરાંચીવાળા સ્વ. વસંતરાય વેલજી સોનપાલના ધર્મપત્ની ગં.સ્વ. શકુંતલાબેન, (ઉં.વ.૮૬), તે હાલ અંધેરી (પૂર્વ) ૨૪/૯/૨૬ ગુરુવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે સ્વ. મણિબેન મુળજી કાનાબારના સુપુત્રી. મિતેષ, સ્વ.રશ્મિ ઉદયકુમાર કારિયા તથા હીના રાજેશકુમાર કક્કડના માતુશ્રી. સ્વ. આશાના સાસુમા, કૃણાલ, અંજલિ, સોમીલ, નિયોશી, કરણ, કોમલ અને ભાર્ગવના દાદી/નાની. સ્વ.અમૃતલાલ, સ્વ. જાદવજીભાઈ, સ્વ.ચંપાબેન, બચીબેન , સ્વ. ભગવતીબેન, સ્વ. શારદાબેન, સ્વ. લક્ષ્મીબેનના ભાભી. સ્વ. રેવાબેન, નિર્મળાબેન, રંજનબેનના બેનની પ્રાર્થનાસભા સોમવાર તા ૨૮/૯/૨૬ ૪ થી ૫:૩૦. ૧લે માળે, વિશ્વેશ્વર ભવન,સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ ૪૦૦૦૫૬ ખાતે રાખેલ છે. વેલે પાર્કિંગની સુવિધા રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રૂક્ષ્મણીબેન વિઠ્ઠલદાસ રામજી ભીંડે (કચ્છ ગામઃ મોટા આસંબિયા, હાલેઃ મુલુંડ)ના સુપુત્ર દિલીપભાઈ વિઠ્ઠલદાસ ભીંડે (ઉં.વ.૭૩)તે ૨૭/૯/૨૬ને રવિવારના રોજ રામશરણ પામેલ છે.તેઓ નયનાબેનના પતિ. સ્વ. મઠાબાઈ હીરજી રાયકુંડલિયા (કચ્છ ગામઃ મસ્કા)ના જમાઈ. ચિરાગ, ફાલ્ગુનીબેન મનીષ ઠક્કર તથા સ્વ. વિશાલના પિતાશ્રી. જયશ્રીબેનના સસરાજી. મનોજભાઈ તેમજ સ્વ. સુરેશભાઈ, બિપિનભાઈ, મંગળાબેન જમનાદાસ ગણાત્રા, માયા મોહનલાલ આઈયા અને નીતાબેન વિનોદભાઈ જોબનપુત્રાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.તેમની બંને પક્ષની સંયુક્ત પ્રાર્થનાસભા તા. ૨૮/૯/૨૬, સોમવાર ૫:૩૦ થી ૭:૦૦ વાગ્યે સ્થળઃ સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ.

**ગુર્જર સુતાર**

ચુડા નિવાસી હાલ મલાડ સ્વ. ચંપાબેન કેશવલાલ તલસાણીયા ગજ્જરના પુત્ર ભુપતભાઇ (ઉં.વ.૬૯) તે તા. ૨૩/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. નયના, સ્વ. જ્યોતિ, મનીષા તથા જીતેન્દ્રના પિતા. મુકુંદકુમાર, સાહિલકુમાર, શૈલેષકુમારના સસરા. ગં.સ્વ મધુબેન જગજીવનભાઈ જાદવાણીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮/૯/૨૬ના રોજ ૫ થી ૬. શ્રી ગુર્જર સુથાર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ વિલેપાર્લે વેસ્ટ રાખેલ છે.

**પરજીયા સોની**

ગામ રાજુલાવાળા હાલ કાંદિવલી ચારકોપ ગં. સ્વ ઉર્મિલાબેન રમેશભાઈ ઢાકા (ઉં.વ.૮૭) તે ૨૩/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રમેશભાઈ નાનજીભાઈ ઢાકાના ધર્મપત્ની. સ્વ. ભાનુબેન તનસુખલાલ નાથાલાલ પટ્ટના દીકરી. રાજેશ્રી ભરત દેસાઈ તથા સ્વ. જસ્મીનના માતુશ્રી. વૈશાલીના સાસુ. પ્રકાશભાઈ, દીપકભાઈ, કિરણભાઈ, વિજયભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

મથુરાદાસ ભક્તિદાસ પરીખ તથા શાંતાગૌરીના પુત્ર હરેન્દ્ર પરીખ (ઉં.વ.૭૯) તે ૨૦/૯/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે કાંતિલાલ તથા ભાનુમતિબેન દેસાઈના જમાઈ. પ્રતિભાબેનના પતિ. ગોપાલદાસ, કૃષ્ણકાંત, ધર્મેન્દ્રભાઈ, કિરીટભાઈ તથા સુભદ્રાબેન, અરુણાબેન, ચારુબેન, દક્ષાબેનના ભાઈ. દેવાંગ તથા કુણાલના પિતા. કવિતા તથા એકતાના સસરા, પ્રાર્થનાસભા ૨૮/૯/૨૬ના રોજ ૫ થી ૬.૩૦ કલાકે પી એલ ડી ઓડિટોરીયમ પાંચમે માળે, રવીન્દ્ર નાટ્ય મંદિર ગેટ નં ૧, સિદ્ધિવિનાયક મંદિર પાસે પ્રભાદેવી દાદર.

**પરજીયા સોની**

ચાવંડવાળા હાલ કાંદિવલી જીતેન્દ્રભાઈ શાંતિલાલ થડેશ્વરના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ.૬૬) તે ૨૫/૯/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે કનૈયા, શંકર, જાનકી, બંસીભાઇ સલ્લાના માતુશ્રી, મનીષા તથા મિત્તલ ના સાસુ. જયવીર તથા પ્રથાના દાદા. મહુવાવાળા સ્વ. જમનાદાસ આણંજીભાઈ સાગરના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨૮/૯/૨૬ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સોનિવાડી, શીમ્પોલી સિગ્નલ બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાંચી વાળા સ્વ. વસંતરાય વેલજી સોનપાલના ધર્મપત્ની ગં.સ્વ. શકુંતલાબેન, (ઉં.વ.૮૬), તે હાલ અંધેરી ૨૪/૯/૨૬ ગુરુવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણિબેન મુળજી કાનાબારના સુપુત્રી. મિતેષ, સ્વ.રશ્મિ ઉદયકુમાર કારિયા તથા હીના રાજેશકુમાર કક્કડના માતુશ્રી. સ્વ. આશાના સાસુમા , સ્વ.અમૃતલાલ, સ્વ. જાદવજીભાઈ, સ્વ.ચંપાબેન નાનાલાલ બગડાઈ, બચીબેન ભગવાનદાસ વડેરા, સ્વ.ભગવતીબેન, સ્વ. શારદાબેન, સ્વ.લક્ષ્મીબેન ભગવાનદાસ જશરાજના ભાભી. સ્વ. રેવાબેન ચંદુલાલ બલદેવ, નિર્મળાબેન પ્રતાપરાય રવેશિયા, રંજનબેન જયંતિલાલ કોટકના બેનની પ્રાર્થના સભા સોમવાર તા ૨૮/૦૯/૨૦૨૬ સાંજે ૪:૦૦ થી ૫:૩૦ કલાકે, ૧લે માળે, વિશ્વેશ્વર ભવન,સન્યાસ આશ્રમ કંપાઉન્ડ, વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ ૫૬ ખાતે રાખેલ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ પ્રભાદેવી કિરીટ વિનયચંદ પોપટાણી (ઉં. વ. ૭૬) તે હંસાના પતિ. તે હસમુખ, ભરત, દિલીપ, હિતેન્દ્ર, અ. સૌ. ભાનુબેન મહેન્દ્ર શેઠ, સ્વ. કલ્પના કુમાર શેઠ, અ. સૌ. મોના કેતન દેસાઇ તથા અ. સૌ. પ્રીતી રાજેશ રૂપાણીના ભાઇ. તે મીહીર, હીરેન, જય, હરસીત, નીરવ, વંદના, કોમલ, હેતલ, આરતી, દીપ્તી તથા દિપાલીના ભાઇજી. તે ચંપકલાલ અમરચંદ દોશીના જમાઇ તા. ૨૫-૯-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૯-૨૬ મંગળવારના સવારના ૧૦થી ૧૨. ઠે. શ્રી માટુંગા જૈન આરાધના ભવન, નાથાલાલ પારેખ માર્ગ, અરોરા સિનેમા પાસે, ગુજરાત કલબની બાજુમાં, કિંગ સર્કલ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ જયંતીલાલ મોહનલાલ દોશી (ઉં. વ. ૮૦) તા. ૨૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. તે કેતનભાઇ, જીગરભાઇના પિતાશ્રી. રાજવી અને નીતિના સસરા. તથા સ્વ. ભીખાલાલ, સ્વ. નિર્મળાબેન, મધુબેન, મંજુબેન, ઉષાબેનના ભાઇ તથા મોસાળ પક્ષે અંદરજી હીરાચંદ (જેસર)ના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૯-૯-૨૬ મંગળવારના સવારે ૧૦થી ૧૨. ઠે. કાલીદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ નાશિક સ્વ. હંસાબેન હસમુખલાલ સંઘવી (ઉં.વ.૭૯) અવસાન ૨૬/૯/૨૬ના નાશિક મુકામે દેહાવસાન થયેલ છે. તે સ્વ. ધીરજલાલ વીકમચંદ સંઘવીના પુત્રવધૂ અને હસમુખભાઈ ધીરજલાલ સંઘવીના ધર્મપત્ની. સ્વ. ભાવિનના , જાગૃતિ શ્રીપાલ ટોળિયા,અને જીજ્ઞા કેતન મોદીના માતુશ્રી. પૂજા ભાવિન સંઘવીના સાસુ. વાસંતીબેન નલિનભાઈ અવલાણી, રજનીકાંતભાઈ, જીતેન્દ્રભાઈ તથા તનસુખભાઈના ભાભી. પિયર પક્ષ સ્વ. નંદલાલ ફૂલચંદ દોશીના સુપુત્રી.

**વિસા મેવાડા શ્રી દિગંબર જૈન**

સોજીત્રા નિવાસી હાલ બોરીવલી. સ્વ. રમણલાલ મુલચંદ ચોક્સીના ધર્મપત્ની મધુબેન (ઉં.વ.૯૬)૨૪/૯/૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તા. ૨૮/૯/૨૬ને સોમવાર સાંજના ૪ થી ૬. ઠે. શાંતિ સાગર હોલ ન્યૂ શાંતિ નગર, ચામુંડા સર્કલ દિગંબર જૈન મંદિરની સામે એસ વી પટેલ રોડ, બોરીવલી (વેસ્ટ) સુરેન્દ્ર પુત્ર. સ્વ.સ્મિતા પુત્રવધૂ. રિતેશ પૌત્ર. સેજલ પૌત્રવધૂ. ઉષા અશોકકુમાર શાહ પુત્રી.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સ્વ. મંજુલાબેન તથા ત્રંબકલાલ મહેતાના પુત્ર કમલેશભાઈ (ઉં.વ.૬૦) તે ૨૫/૯/૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે રશ્મિબેનના પતિ. ઉજાલા તથા કશીશના પિતા. સુધીર, વિજય, વર્ષાના ભાઈ. સાસરાપક્ષે શોભાબેન કેશવભાઈ શિંદેના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૮/૯/૨૬ ના રોજ ૩ થી ૫ કલાકે માણેકપુર સ્થા જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલ પાછળ વસઈ વેસ્ટ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

શિહોર (ચિતલ) નિવાસી હાલ વસઈ માનકુવરબેન ઉત્તમચંદ જેઠાલાલ ધ્રુવના સુપુત્ર જીતેન્દ્ર ભાઈ (ઉં.વ.૭૦), તા.૨૪.૯.૨૬ના રોજ અવસાન પામેલ છે. તેઓ જાગૃતિબેનના પતિ. હાર્દિક અને સ્વ. દિશાબેનના પિતાશ્રી. સ્વ પ્રવીણભાઈ, સ્વ સુભાષભાઈ, કિર્તીભાઈ અને મૃદુલાબેન વિનયચંદ્ર શાહના ભાઈ. સસરાપક્ષે સ્વ બાબુલાલ ચુનીલાલ મહેતા કમળેજવાળા હાલ ભાવનગરના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**માકપટ કચ્છી ગુર્જર જૈન**

ગામ મંજલના હાલે મલાડ નિવાસી વસંતબેન મનસુખલાલભાઈ લાલજીભાઈ શાહ (ઉં.વ.૮૩), શનિવાર, તા.૨૬.૯.૨૬. અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી ચાંદુબેન ખેંગારભાઈ શાહ મંજલના સુપુત્રી. સ્વ મનસુખલાલભાઈના ધર્મપત્ની. સ્વ.વીટાબેન, મધુબેન પ્રવીણકુમાર મહેતા, ગિરીશ, દિનેશ, ભરત, પ્રકાશ તથા અ.સૌ. પારૂલ મનોજભાઈ વોરાના માતુશ્રી. સ્વ.દિવાળીબેન, સ્વ.માનવંતીબેનના ભાભી. સ્વ. ઉર્મિલાબેન અનોપચંદભાઈ શાહના દેરાણી. પ્રાર્થનાસભા સોમવાર તા.૨૮.૯.૨૬ના રોજ બપોરે ૩ થી ૪.૩૦. કપોળવાડી, રામચંદ્રલેન મલાડ (વેસ્ટ) મુંબઈ મુકામે રાખેલ છે. નિવાસસ્થાન : ૪૧૨/૨ઈ ઇન્દ્રપ્રસ્થ બિલ્ડિંગ, જીતેન્દ્ર રોડ, મલાડ (ઈસ્ટ) ૯૭.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નરેડી હાલે વિદિશા (મ.પ્ર.)ના મણીકાંત કાનજી નાગડા (ઉ.વ.૭૨) ૨૦.૯.૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ખેતબાઇ કાનજીના પુત્ર. શૈલજાના પતિ. ભાવિકાના પિતા. સ્વ. ડુંગરશી, સ્વ. હંસરાજ, સ્વ. દેવેન્દ્ર, સ્વ. વિરેન્દ્ર, ચંદ્રકાંત, સ્વ. પદમકાંતના ભાઇ. ગંજબાસોદાના સ્વ. કાંતાબાઇ કેશરીમલના જમાઇ. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. શૈલજા મણિકાંત શાહ, કિરી મોહલ્લા, વિદિશા (મ.પ્ર.).

કોટડી (મહા.) ના નિલેશ જેઠાલાલ ગાલા (ઉ.વ.૫૩) ૨૪-૯-૨૬ના રોજ અવસાન પામેલ છે. વાસંતીબેન જેઠાલાલના પુત્ર. ભાવનાના પતિ. તિર્થ, સ્મીતના પિતા. મીના, મૂલચંદ, હેમલતાના ભાઈ. પુષ્પાબેન ધનજી પ્રેમજી ના જમાઈ. પ્રાર્થના : શ્રી. વ. સ્થા. જે સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટાઈમ. ૨ થી ૩.૩૦ (નેત્રદાન-ઘૂંટણ દાન-હાડકા દાન કરેલ છે) નિ. નિલેશ ગાલા, નવકાર દર્શન, એ વીંગ, ૭ મે માળે, ભાયખલા, મુંબઈ - ૧૦.

## મુંબઈમાં હજારો રેશનિંગ દુકાનોને લાગ્યાં તાળાં

મુંબઈ: છેલ્લાં કેટલાક વર્ષોમાં મુંબઈની રેશનિંગ વ્યવસ્થા પર ભારે દબાણ ઊભું થયું છે અને પાછલાં પાંચ વર્ષમાં શહેરની આશરે એક હજાર રેશનિંગ દુકાનો બંધ થઈ હોવાની માહિતી સામે આવી છે. અનાજનો ઘટેલો પુરવઠો, લાભાર્થીઓનું સ્થળાંતર, દુકાનોના ભાડામાં થયેલો વધારો, માનવબળ તથા પરિવહનનો ખર્ચ અને રેશનિંગ વ્યવસ્થામાં ચાલતી ગડબડ જેવા કારણોસર અનેક દુકાનદારોએ દુકાનો બંધ કરવાનો અથવા ભાડે રાખેલી જગ્યાઓ ખાલી કરવાનો નિર્ણય લીધો છે.

રાશનમાં સસ્તું અને મફત અનાજ આપવાની જાહેરાતો વારંવાર થતી હોવા છતાં, વાસ્તવમાં મુંબઈમાં રેશનિંગ દુકાનોની ઉપલબ્ધતા ઓછી થઈ રહી છે. બીજી તરફ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને કારણે મોટી સંખ્યામાં રહેવાસીઓ અન્ય વિસ્તારો તરફ સ્થળાંતરિત થયા છે.

પરંતુ નવી જગ્યાએ રેશનકાર્ડ સાથે જોડાયેલી દુકાનોની ઉપલબ્ધતા, કાર્ડ ટ્રાન્સફરની પ્રક્રિયા અને પ્રત્યક્ષ અનાજ વિતરણમાં અડચણો આવી રહી હોવાથી લાભાર્થીઓ પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ ઉપરાંત દુકાનનું ભાડું, વીજળી, માનવબળ, પરિવહન, અનલોડિંગ ખર્ચ અને સંગ્રહનો બોજ વધ્યો છે. વધુમાં ચોખાના વિતરણ, સંગ્રહ અને હેન્ડલિંગ માટે મોટો ખર્ચ થાય છે.

સરકાર રેશનિંગનો લાભ મેળવવા માટે વાર્ષિક આવકની મર્યાદા નક્કી કરી રહી છે, શહેરો માટે રૂ. બે લાખ અને ગામડાં માટે રૂ. ૧.૮૦ લાખ. પરંતુ વધતી મોંઘવારી સામે આ મર્યાદા ખૂબ ઓછી હોવાથી તેને વધારવાની માગણી થઈ રહી છે. બીજી તરફ, ગરીબ કાર્ડધારકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે; તેમને નીચે પડેલું ખરાબ અનાજ લેવા માટે મજબૂર કરાય છે અને જો તેઓ વિરોધ કરે કે ફરિયાદ કરે, તો તેમનું રેશનકાર્ડ રદ કરી દેવાની ધમકી આપવામાં આવે છે, જેના કારણે ગરીબો ચૂપચાપ આ અન્યાય સહન કરવા મજબૂર બન્યા છે. ■

## એસઆઈઆર વિવાદ: પૃથ્વીરાજ ચવ્હાણ અને સંજય રાઉતે ચૂંટણીપંચની કામગીરીની તપાસની માગ કરી

મુંબઈ: મતદાર યાદીના વિશેષ સઘન પુનનિરીક્ષણ (એસઆઈઆર)ને લઈને ચૂંટણીપંચની કામગીરી અંગેનો વિવાદ વધુ ગરમાયો છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે ચૂંટણી પંચની કામગીરીની તપાસ કરવાની અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પદ પરથી હટાવવાની માગણી કરી છે. બીજી તરફ, શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે પણ આ મુદ્દે કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવ્યા છે. ચવ્હાણે આરોપ લગાવ્યો છે કે મુખ્ય ચૂંટણી કમિશનર પોતાના સાથી ચૂંટણી કમિશનરો સાથે પૂરતી ચર્ચા કર્યા વિના ચૂંટણીપંચ વતી નિર્ણયો લઈ રહ્યા હતા. તેમણે સમગ્ર મામલાની વિગતવાર તપાસની માગ કરી છે. તાજેતરમાં બહાર પડેલા એક ચોંકાવનારા મીડિયા અહેવાલમાં ચૂંટણીપંચની આંતરિક કામગીરી અંગે કરવામાં આવેલા દાવાઓ બાદ આ મુદ્દે રાજકીય ચર્ચા વધુ ગરમાઈ છે. આ અહેવાલ મુજબ ચૂંટણી કમિશનર એસ.એસ. સંધૂ અને વિવેક જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં મતદાર નોંધણી, નામ ઉમેરવા-કાઢવા, નામ પુનઃસ્થાપિત કરવા અને એસઆઈઆર સાથે જોડાયેલા કેટલાક નિર્ણયોને લઈને ઓછામાં ઓછા ૧૪ વખત લેખિત વાંધા નોંધાવ્યા હતા. અહેવાલમાં ચૂંટણી પંચના આંતરિક દસ્તાવેજો અને નિર્ણય પ્રક્રિયાને લગતી વિગતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જોકે, ચૂંટણી પંચે ૨૬ સપ્ટેમ્બરે આ મુદ્દે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી હતી. પંચે જણાવ્યું હતું કે ‘સર’ સંબંધિત નિર્ણયો ત્રણેય ચૂંટણી કમિશનરોની સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યા હતા. ભવિષ્યની બેઠકોમાં એજન્ડા અગાઉથી વહેંચવા અને બેઠકોની કાર્યવાહી નોંધવાની વ્યવસ્થા અંગે પણ પંચે માહિતી આપી હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર
૫
મધ્ય ગુજરાત આવૃત્તિ
સોમવાર ■ તા. ૨૮-૯-૨૦૨૬

# ધર્મ તેજ



## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombay samachar.com

# ગાંધીજી શીખવે છે કે આપણી તપશ્ચર્યા આત્મશુદ્ધિ માટેની હોય...



જે સાચા અર્થમાં મહાત્મા હોય છે તેઓ જાગૃતિપૂર્વક આપણી જેમ જીવતા હોય છે અને એમાં ગાંધીબાપુ બહુ આગળ નીકળી ગયેલા મહાપુરુષ દેખાય છે. આપણી દ્રષ્ટિમાં તેઓ મહાત્મા છે પરંતુ એમણે પોતે ક્યારેય એવું નથી વિચાર્યું કે હું મહાત્મા છું. ક્યારેક કોઈ કવિ બોલે તો અન્યના આનંદ માટે કહેતા કે, હું મહાત્મા છું. બાકી તો તેઓ સામાન્ય સ્તર પર જ જીવતા અને સામાન્ય બનીને જીવવું એ જ વ્યક્તિની મોટાઈ છે. તો મેં 'રામચરિતમાનસ'ના સાત કાંડમાં મહાત્માના જે લક્ષણો જોયા છે એમાં 'બાલકાંડ'માં હૃદયની આરપારતા એ મહાત્માનું એક લક્ષણ છે. હૃદયની વિશુદ્ધિ, જે એક મહાત્મામાં હોવી જોઈએ. 'માનસ'નું ત્રીજું સોપાન છે, 'અરણ્યકાંડ'. ગાંધીબાપુના સંદર્ભમાં એમાં મેં કહ્યું હતું કે તપસ્યા એ મહાત્માનું ત્રીજું લક્ષણ છે. ગાંધીજી એમની પ્રાર્થનાસભાઓમાં એમ કહેતા કે મારે સવાસો વર્ષો સુધી જીવવું છે. મારે મરવું નથી, પરંતુ જે પ્રકારનું આજે વાતાવરણ જોઉં છું તો એમ થાય છે કે હું જીવી નહીં શકું! સાહેબ, મહાત્માપણાનો જેને અનુભવ થયો હોય તે જ આમ કહી શકે. એમણે કહી રાખ્યું હતું કે મારી હત્યા થશે.અને જ્યારે હું મરું ત્યારે જો મારા મુખમાંથી 'રામ' નીકળે તો માનજો કે આ વ્યક્તિએ ઉપાસના કરી હતી, મેં સત્યની પૂજા કરી હતી.

'રામચરિતમાનસ'ના 'અરણ્યકાંડ'માં તમને શબરીની તપસ્યા, જાનકીના વિરહમાં ભગવાન રામની તપસ્યા, રામનું દુઃખ જોઇને લક્ષ્મણજીની તપસ્યા જોવા મળશે. આખો 'અરણ્યકાંડ' તપસ્યાથી ભરેલો છે. મહાત્માની મારી વ્યાખ્યા છે કે તે તપસ્વી હોય. હું આપને નિવેદન કરું છું કે આ અર્થમાં ગાંધીબાપુને જુઓ. તપસ્યાના કેટલાયે આયામો છે. તપસ્યા ત્રણ સ્તર પર થતી હોય છે. માનસિક સ્તર પર, શારીરિક સ્તર પર અને વાચિક સ્તર પર. સૌથી સ્થૂળ તપસ્યા છે-શારીરિક સ્તર પર થતી તપસ્યા. એવી તપસ્યાને પણ વંદન છે. શારીરિક સ્તરની તપસ્યાનો મારો અર્થ છે કે કોઈ કારણવશ, કોઈ લક્ષ્યની સિદ્ધિ માટે જે પોતાના શરીરને વધારે કષ્ટ આપે છે. ચાલો માની લીધું કે તપથી શુદ્ધિ મળે છે, પરંતુ કેટલાયે લોકો પોતાના શરીરને વધુ પડતું કષ્ટ આપે છે. અતિ શારીરિક તપસ્યા કરે. હું આલોચનામાં નહીં જાઉં, સૌની પોતાની શ્રદ્ધા હોય છે, નમન. હું એટલી પ્રાર્થના જરૂર કરું કે જે તપસ્યા તમારા મનની પ્રસન્નતા છીનવી લે તે ખરેખર તપસ્યા છે કે નહીં, તે પાક્કું કરજો. કસોટી પર ખરું કરજો. મેં જોયું છે કે અતિ તપસ્યા કરનારા ક્યારેય હસતા નથી, બહુ ગંભીર બની જાય છે. ચીડિયા સ્વભાવના થઇ જાય છે. આખો વખત ચીડ-ચીડ કરે છે. સાવ તળપદી બોલમાં કહીએ તો બોલાવ્યાએય નથી થતા. તપસ્યા હોવી જોઈએ, હું કબૂલ કરું, શારીરિક સ્તર પર હોવી જોઈએ, પરંતુ જે તપસ્યા માણસની પ્રસન્નતા છીનવે તેનો શો અર્થ? હું ફરી એક વાર ભગવાન જગદ્ગુરુ આદિ શંકરાચાર્યને યાદ કરું. એમણે કહ્યું હતું કે- **પરસનચતિતે પરમાતમ દરશન।** (જ્યાં સુધી ચિત્ત પ્રસન્ન નથી હોતું ત્યાં સુધી પરમાત્મા દર્શનનું દ્વાર નથી ખુલતું. ચૈતસિક પ્રસન્નતા પરમાત્માના દર્શનનું એક દ્વાર છે, એવું આચાર્યચરણ વિવેકચુડામણીમાં ફરમાવે છે. તપસ્વી પ્રસન્ન ચિત્ત હોવો જોઈએ. તમે હદથી વધારે ઉપવાસ કરો...ઘણાં મને કહે કે મને ઓમકાર દેખાય છે. હું તેને કહું કે તને ઓમકાર નહીં, તારો અહંકાર દેખાય છે. પહેલાના સમયમાં ઘણા કઠિન શારીરિક તપ કરતાં. નદીના પ્રવાહમાં બેસી રહેતા, પ્રખર તાપમાં પોતાને શેકતા, કોઈ વળી ખીલા પર પોતાને સુવડાવતા, તો કોઈ કોડા મારતા. પરંતુ આ કળિયુગ છે, હદથી વધુ શરીરને સુખ પણ ન આપો અને હદથી વધુ દુઃખ પણ ન આપો. ભગવાને ગીતામાં યુક્તાહાર પર બલ આપ્યું છે. ભગવાન કહે છે કે તમે જો વધુ ભૂખ્યા રહેશો તો તમારી અંદર બેઠેલો હું વધુ દુઃખી થઈશ. તમે ઉપવાસ કરો, જરૂર કરો પણ હદથી વધુ નહીં. ખરેખર તો જેને આપણે પ્રેમ કરીએ છીએ તેના મનની વધુ નિકટ રહેવું તેનું નામ ઉપવાસ છે. આપણું નિરંતર હરિ સ્મરણ બની રહે તે ઉપવાસ છે. બાપ ! હું આપને કહી રહ્યો હતો કે જે પ્રસન્નતા ન દે તે તપસ્યાનું કોઈ મૂલ્ય નથી. પ્રસન્નતાના ભોગે કરવામાં આવતી તપસ્યાનું કોઈ મૂલ્ય નથી. લોકો મૌનવ્રત લે અને પછી આખા ઘર સામે રાત-દિન ગુસ્સો કરે.

વધુ પડતાં કષ્ટથી આત્માને કદાચ દુઃખ ન થાય પરંતુ આત્મપીડન પણ જરૂરી નથી. આજે કલિયુગમાં આપણે ચારે તરફ અગ્નિ લગાવીને બેસી જઈએ એવી તપસ્યા સંભવ નથી. સૌ માટે સંભવ નથી. સંતો કરી શકે કદાચ તો તેમને પ્રણામ. આપણે મહિનાઓ સુધી ઉપવાસ કરીએ તે શક્ય નથી. ઘણા એમ કહે કે ગાંધીજીએ ખૂબ ઉપવાસ કર્યા હતા. સામેની વ્યક્તિને પીડા આપવા ઉપવાસ કર્યા હતા. ગાંધી અને હિંસા ? અસંભવ. નહીં, લોકોએ એમના ઉપવાસોનો ખોટો અર્થ કર્યો છે. એમણે કોઈને પીડા દેવા માટે ઉપવાસ નહોતા કર્યા. ગાંધીબાપુ, હું જ્યાં સુધી સમજ્યો છું ત્યાં સુધી બીજાને પીડા આપવા તપ નહોતા કરતા. એમનાં ઉપવાસ આત્મશોધ અને આત્મશુદ્ધિ માટેના હતા. એમના ઉપવાસ, એમની શારીરિક સ્તરની તપસ્યા હતી. ગાંધી પરંપરાના ઘણા લોકોને મેં જોયા છે જે એમની સંસ્થાઓમાં, એમનાં આશ્રમોમાં, કોઈનાથી, કોઈ કર્મચારીથી કે વિદ્યાર્થીની ભૂલ થઈ હોય તો તેની શુદ્ધિ માટે ઉપવાસ કરતા હતા. (સંકલનઃ જયદેવ માંકડ)■

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# હું તમારો પુત્ર મદાસુર છું આજ્ઞા આપો પિતાશ્રી મારે શું કરવાનું છે



**સિદ્ધિ-બુદ્ધિ** માતા પાર્વતીને કહે છે, માતા જલ્દી કહો ચ્યવન ઋષિ અને સુકન્યા કઈ રીતે હંમેશાં યુવાન રહે છે, અમારે એ કથા સાંભળવી છે. માતા પાર્વતી કહે છે, 'ઘણાં વરસોથી ભગવાન શિવની આરાધના કરતા ઋષિ ચ્યવન ક્યારે વૃદ્ધ થઈ જાય છે એની પણ એમને ખબર પડતી નથી. વનવિહાર દરમિયાન સુકન્યાને લાંબેથી માટીના મોટાં ઢેફામાં બે ચમકદાર મોતી દેખાય છે. હાથ મોતી સુધી પહોંચી ન શકતાં સુકન્યા એના હાથમાં રહેલાં બે તીરથી એ મોતી કાઢવાની કોશિશ કરે છે. તીર માટીના ઢેફામાં ખૂંપતાં જ ચ્યવન ઋષિ બરાડા પાડતાં ઊભા થઈ જાય છે. એમની બંને આંખો ફૂટી ગઈ હોય છે. ચ્યવન ઋષિ ક્રોધિત થતા કહે છે, 'આ દુષ્ટ કોણ છે? જેણે મારી આંખો ફોડી નાખી, હું તો ઘણાં વરસોથી આરાધનામાં વ્યસ્ત છું, બોલો, જલદી અથવા હું શાપ આપીશ તો ક્યાંયના નહીં રહો.' ગભરાયેલી સુકન્યા ચ્યવન ઋષિની માફી માગે છે. ચ્યવન ઋષિ કહે છે, 'માફી માગો તો શું અર્થ? મારે તો જીવનભર આંખોની રોશની વગર જ જીવવું પડશે ને? મારી પીડા કઈ રીતે શાંત થશે?' વ્યથિત સુકન્યા કહે છે 'હે ઋષિવર, ચિંતા ન કરો, અજાણતાં થયેલા પાપનું હું તમારા આંખોની જ્યોતિ બની પ્રાયશ્ચિત કરીશ, હું તમારી દાસી બની તમારી આંખોને રોશની આપીશ.' પિતા રાજા શર્યાતીની અનુમતિ મળતાં જ રાજકુમારી સુકન્યા અને ચ્યવન ઋષિના લગ્ન ધામધૂમથી પૂર્ણ થાય છે. એક સમયે સુકન્યા નદી કિનારે પાણી ભરવા જાય છે, સામે બે યુવાન ઊભા હોય છે. તેઓ કહે છે, 'હે સુકન્યા, તમે ખૂબ જ સુંદર છો. તમે વૃદ્ધ નેત્રહીન ચ્યવન ઋષિ સાથે લગ્ન કરી જીવનની સૌથી મોટી ભૂલ કરી છે. અમારામાંથી કોઈપણ એકને પતિ તરીકે સ્વીકારી તારું યૌવન અને જીવન સફળ કરી શકે છે. અમે અમારી ઔષધિઓથી તારા પતિનું કાયાકલ્પ કરી તેમને દૃષ્ટિ અને યૌવન ફરી આપી દેશું. દેવી સુકન્યા તું પણ પાપમુક્ત થઈ જશે.' પતિવ્રતા સુકન્યા કહે છે, 'હે અશ્વિનીકુમારો! તમે તો મારા પૂજ્ય છો. હું એક સતિ નારી છું, મારી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકી તમારું દેવત્વ અને મારા સતિત્વને લાંછન લગાડી રહ્યા છો. આપ દેવતાઓના વૈદ્ય છો અને મારા પતિ ચ્યવનઋષિને સ્વસ્થ કરવા સક્ષમ છો. તમે મારા પર કૃપા કરવા પ્રગટ થયા છો તો કૃપા કરી મારા પતિને સ્વસ્થ બનાવી તેમને ફરી દૃષ્ટિ આપો.' પરીક્ષા કરવા આવેલા અશ્વિની કુમારો પ્રસન્ન થાય છે. અશ્વિનીકુમારો ચ્યવન ઋષિની આંખોમાં ઔષધિઓનો લેપ કરે છે. થોડા સમય બાદ અશ્વિનીકુમારોના કહેવાથી ચ્યવનઋષિ બેઠાં થઈ ધીરે ધીરે તેમનો લેપ દૂર કરે છે અને આંખો ખોલતાં જ સામે સુકન્યા દેખાય છે. ચ્યવનઋષિ તેમને આભાર માને છે. અશ્વિનીકુમારો કહે છે, 'અમે તો ભગવાન શિવના આદેશનું પાલન કર્યું છે. હવે તમે આ પ્રાશનું સેવન કરો. તમે યુવાન બની જશો.' ચ્યવનઋષિ અશ્વિનીકુમાર દ્વારા અપાયેલા પ્રાશનું સેવન કરતાં જ યુવાન થઈ જાય છે. ચ્યવન ઋષિ અશ્વિનીકુમારના આશીર્વાદ લેતા અશ્વિનીકુમાર કહે છે 'હે ચ્યવનઋષિ સમગ્ર સંસારમાં આ પ્રાશને જે પણ આરોગશે તે પોતાની યુવાની જાળવી રાખશે અને સમગ્ર સંસારવાસીઓ આ પ્રાશને ચ્યવનપ્રાશના નામે ઓળખશે.

* * *

ચ્યવન ઋષિને આંખોની રોશની અને નવયૌવન ફરી મળતાં સુકન્યા ખૂબ જ ઉત્સાહિત થઈ જાય છે. ચ્યવન ઋષિ અને સુકન્યાને અશ્વિનીકુમારો આશીર્વાદ આપી વિદાય લે છે.

ચ્યવન ઋષિ અને સુકન્યા ફરી યુવાન થઈ જતાં તેઓ ભગવાન શિવનો ઉપકાર માને છે.

ચ્યવન ઋષિઃ 'દેવી સુકન્યા તમારા સતિત્વને કારણે જ હું ફરી યૌવન પ્રાપ્ત કરી શક્યો છું.'

સુકન્યાઃ 'સ્વામી! તમે આજીવન ભગવાન શિવની આરાધના કરી અને મને પણ એમાં સામેલ કરી એ ખૂબ અગત્યનું છે. આપણા પર ભગવાન શિવની અપરંપાર કૃપાથી જ આ શક્ય બન્યું છે. હવે હું તમારી સાથે ભગવાન શિવની આરાધનામાં જ મારું જીવન વ્યતીત કરીશ.'

નવયૌવન પ્રાપ્ત કરી ચૂકેલા બંને પતિ-પત્ની ફરી ભગવાન શિવની નિત્ય આરાધનામાં વ્યસ્ત થઈ જાય છે.

* * *

દેવર્ષિ નારદ આકાશ માર્ગે ભ્રમણ કરતા હોય છે એ દરમિયાન ચ્યવન ઋષિના આશ્રમનું વાતાવરણ તેમને કંઈક અજુગતું લાગે છે. તેઓ વિચારે છે કે ઘણો સમય થઈ ગયો ભગવાન શ્રીહરિ વિષ્ણુના દર્શન થયા નથી. એટલે તેઓ ક્ષીરસાગર પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'માતા લક્ષ્મી અને પ્રભુ શ્રીહરિ વિષ્ણુની જય હો.'

માતા લક્ષ્મીઃ 'દેવર્ષિ આજે માતા અને પ્રભુની યાદ આવી કે શું?'

દેવર્ષિ નારદઃ 'માતા હું પ્રભુ અને તમને અવિરત - સતત - નિત્ય યાદ કરું છું. મારી જીહ્વા સતત પ્રભુનું ગાન કરતી રહે છે. હા માતા! હું પ્રભુની સાથે સાથે તમને પણ સ્મરું છું.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'કહો નારદ! શું કામ પધાર્યા. તમારા મુખમંડલ પર કંઈક ચિંતા જણાઈ રહી છે.'

દેવર્ષિઃ 'પ્રભુ હું આકાશ માર્ગે વિહાર કરી રહ્યો હતો ત્યારે ચ્યવન ઋષિના આશ્રમમાં મને કંઈક અજુગતુ વાતાવરણ નિર્માણ થઈ રહ્યું હોય તેવું ભાસી રહ્યું હતું, એટલે તમારી પાસે દોડી આવ્યો.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ 'ચ્યવન ઋષિ ભગવાન શિવના આરાધક છે, તેમના આશીર્વાદથી જ તેમણે નવયૌવન પ્રાપ્ત કર્યું છે. જો તમને કંઈક ચિંતાનો વિષય જણાતો હોય તો તમારે કૈલાસ અવશ્ય જવું જોઈએ.

દેવર્ષિઃ 'જેવી તમારી ઈચ્છા પ્રભુ.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીના આશીર્વાદ લઈ દેવર્ષિ નારદ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. માર્ગમાં ફરી ચ્યવન ઋષિનો આશ્રમ આવતાં દેવર્ષિ જુએ છે કે સુકન્યા અને ચ્યવન ઋષિ ભગવાન શિવની આરાધનામાં વ્યસ્ત છે. આરાધના દરમિયાન ચ્યવન ઋષિની નજર સુકન્યા પર પડે છે. નવયુવાન ચ્યવન ઋષિની નજર સુકન્યાના શરીર પર પડતાં તેઓ મોહિત થઇ જાય છે. તેઓ પોતાની નજર સુકન્યાથી હટાવી શકતા નથી અને એ જ સમયે સુકન્યાની નજર પણ ચ્યવન ઋષિ પર પડે છે. બંનેની દૃષ્ટિ એકબીજામાં મળતાં બને મોહિત થઈ જાય છે. બંનેના દૃષ્ટિ સમાગમથી સુકન્યાની આંખમાંથી એક ટીપું બાજુમાં રાખેલા કમંડળમાં પડે છે. અશ્રુનું એ ટીપું કમંડળમાં પડતાં જ તેમાંથી એક યુવાન પ્રગટ થાય છે. તે ચ્યવન ઋષિની બાજુમાં આવી ઊભો રહે છે. આકાશ માર્ગે જઈ રહેલા દેવર્ષિ નારદ આ બધું જોતાં સતર્ક થઈ જાય છે અને ચ્યવન ઋષિની બાજુમાં પ્રગટ થાય છે.

ચ્યવન ઋષિઃ 'તમે કોણ છો?'

યુવાનઃ 'હે પિતાશ્રી! હું તમારા અને માતા સુકન્યાના દૃષ્ટિ સમાગમથી પ્રગટ થયેલો તમારો પુત્ર મદાસુર છું. આજ્ઞા આપો પિતાશ્રી મારે શું કરવાનું છે?'

દેવર્ષિ નારદઃ 'ચ્યવન ઋષિ અહીં આવો, હું તમને સમજાવું છું.'

દેવર્ષિ નારદની ભાષાનો અર્થ સમજી જતાં ચ્યવન ઋષિ દેવર્ષિ નારદ પાસે જાય છે. ચ્યવન ઋષિ દેવર્ષિ નારદને કહે છે, હે દેવર્ષિ મારી ભૂલનું પરિણામ આ મદાસુર છે, મારે શું કરવું જોઈએ એ મને સમજ પડતી નથી.'

દેવર્ષિ નારદઃ 'હે ઋષિવર આ યુવાન જન્મતાં જ પોતાને મદાસુર કહીને પોતાની ઓળખ આપે છે. એનામાં આસુરી વૃત્તિ હોવાનું જ દૃષ્ટિપાત થાય છે. તમારે એને અસુરગુરુ શુક્રાચાર્ય પાસે મોકલી દેવો જોઈએ. જેથી તેઓ મદાસુરને યોગ્ય દિશાએ વાળી શકે.'

ચ્યવન ઋષિઃ 'જેવી તમારી આજ્ઞા દેવર્ષિ.'

ચ્યવન ઋષિ મદાસુર પાસે આવી તેને કહે છે, 'હે પુત્ર મદાસુર, અસુરગુરુ શુક્રાચાર્ય પાસે જાઓ અને તેમને ગુરુ બનાવી શિક્ષા ગ્રહણ કરો.'

(ક્રમશઃ)■

## ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# પિતૃ ને શ્રાદ્ધ



**સનાતની** વિચારધારા અનુસાર પિતૃલોક એ એક સૂક્ષ્મ લોક છે જ્યાં, જેમને પૃથ્વીથી મુક્તિ મળી ગઈ છે પણ હજુ સ્વર્ગમાં સ્થાન નથી મળ્યું તેવાં, જીવનમાં સાત્ત્વિકતાને ધારણ કરી ચૂકેલાં, પૂર્વજો વાસ કરે. આ ધારણા અનુસાર તેનું સ્થાન પૃથ્વી અને સ્વર્ગલોગ વચ્ચે હોય તેમ માની શકાય. શાસ્ત્ર-વિધાન અનુસાર પિતૃલોક ધર્મરાજ યમના નિયંત્રણ હેઠળ હોય છે. પિતૃ એટલે પૂર્વજ, પૂર્વ + જ અર્થાત જે (આપણાં વંશમાં) આપણી પહેલાં જન્મ્યાં છે તે. જેમણે દેહત્યાગ કરી દીધો છે તે બધાંનો આમાં સમાવેશ થાય. અહીં બાળક પણ હોઈ શકે અને પરદાદા પણ. તેમનું અસ્તિત્વ આપણા જીવન પર અજાણતાં પણ પ્રભાવ પાડે. દેવતાઓને જેમ દેવગણ કહેવાય તેમ પિતૃઓને પિતૃગણ કહેવાય. દેવતાઓ જેમ દેવલોકમાં રહે તેમ પિતૃઓ પિતૃલોકમાં રહે. એમ કહેવાય છે કે માનવીને સૌથી સરળતાથી, સૌથી વધુ આશીર્વાદ પિતૃઓ તરફથી મળી રહે. જે તે માનવી તેનો વંશજ હોવાથી પિતૃઓ જાણે કૃપા કરવા તત્પર જ હોય. શાસ્ત્રમાં કહેવાનું છે કે 'પિતૃણાં પ્રીતિકારણાત્ પ્રજા સુખં લભતે' અર્થાત પિતૃઓની પ્રીતિ પ્રાપ્ત થાય તો, પિતૃઓ તૃપ્ત થાય તો, વંશજ સુખી રહી શકે.

એ વાત તો સ્વાભાવિક છે કે આત્મા શરીર છોડ્યાં પછી પોતાનાં કર્મ અનુસાર જે તે લોકમાં જાય. જો આત્મા પૂર્ણ મુક્તિ ન પામે, હજુ પણ 'સંબંધો' અને 'સંબંધીઓ' સાથે ઋણાનુબંધ પૂર્ણ ન થયું હોય, તો પૂર્વજ બંધનમુક્ત થાય ત્યાં સુધી પિતૃલોકમાં વાસ કરે. આ બંધનમુક્તિ માટે પૃથ્વી પર જીવિત વંશજ દ્વારા કરાતી ક્રિયા એટલે શ્રાદ્ધ. વંશજ માટે આ ઋણ ઉતારવાની પ્રક્રિયા સમાન છે. શ્રાદ્ધ ઉપરાંત તર્પણ, પિંડદાન, સત્કર્મ, ચોક્કસ શાસ્ત્રીય ક્રિયાકાંડ, તથા ભક્તિથી પણ પિતૃઓને તૃપ્ત કરી શકાય. એમ માની શકાય કે જો વંશજો સદ્ગુણવંતા હોય તો પિતૃઓની ઉર્ધ્વ ગતિ સરળ બની શકે.

'પુત્ર' અથવા 'પુત્રી' એ ઉપપદ સમાસ છે. આ શબ્દોનો અર્થ થાય છે - 'પુ' નામના નર્કમાંથી તારનાર અથવા તારનારી. આ શબ્દ એમ સ્થાપિત કરે છે કે પિતૃઓને અમુક પ્રકારની નકારાત્મક સ્થિતિમાંથી બહાર કાઢવાનું ઉત્તરદાયિત્વ પુત્ર અથવા પુત્રીનું છે. જોવાની વાત એ છે કે અહીં પુત્ર અને પુત્રી વચ્ચે કોઈ ભેદભાવ નથી. જેમ પુત્ર શ્રાદ્ધ કરી શકે તેમ પુત્રી શ્રાદ્ધ કરી જ શકે. શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા પરથી આવ્યો છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી ક્રિયા. પિતૃઓના - પૂર્વજોના આત્માને શાંતિ અને તૃપ્તિ મળે તે માટે આ જરૂરી છે તેમ કહી શકાય.

સનાતની સંસ્કૃતિ અનુસાર ગૃહસ્થ પર ત્રણ પ્રકારનું ઋણ હોય છે, દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. યજ્ઞ, પૂજા, અર્ચન, ભક્તિ અને આરાધના કરવાથી દેવઋણથી મુક્ત થઈ શકાય. ઋષિઓ દ્વારા સ્થાપિત જ્ઞાનનો સ્વીકાર કરવાથી, તેનું રક્ષણ કરવાથી અને તેનો પ્રસાર કરવાથી ઋષિઋણથી મુક્ત થઈ શકાય. પિતૃઓ પ્રત્યેનો આદર જાળવી રાખી તેમનું તર્પણ-શ્રાદ્ધ કરવાથી પણ પિતૃઋણમાંથી મુક્તિ મળી શકે. ઋણ મુક્ત થવું એ ગૃહસ્થાશ્રમનું પાલન કરનાર માટે આ અતિ આવશ્યક બાબત ગણાય. ઋણ મુક્તિ એ માત્ર ધાર્મિક કાર્ય નથી પરંતુ નૈતિક કર્તવ્ય પણ છે.

પિતૃઋણમાંથી મુક્ત થવા શ્રાદ્ધ કરવામાં આવે છે. અહીં જે અર્પણ કરવામાં આવે છે તે ભૌતિક અન્ન માત્ર નથી પરંતુ આપણી ભાવના, શ્રદ્ધા અને કૃતજ્ઞતાનો ભાવ છે. અહીં અન્યથા ભુલાઈ જતી વંશપરંપરાગત બાબતો ફરીથી સ્મૃતિપટ પર ઊભરી આવે છે. પિતૃઓને કેન્દ્રમાં રાખી અહીં જીવંત માવતર પ્રત્યે પણ ઋણ સ્વીકૃતિ થઈ જતી હોય છે. અહીં વ્યક્તિને એ અનુભૂતિ થઈ શકે કે પોતે એક વિશાળ શૃંખલાનો ભાગ છે. અહીં એ વાસ્તવિકતા સમજમાં આવી જાય કે વ્યક્તિનું પોતાનું અસ્તિત્વ પૂર્વજોને કારણે છે. જ્યારે વ્યક્તિ એમ સમજે કે પોતે તો શૃંખલાની એક કડી માત્ર છે ત્યારે અહંકાર પણ ક્ષીણ થતો જાય. આ બધાંને કારણે ક્યાંક સંતોષ અને શાંતિનો ભાવ પણ પ્રાપ્ત થઈ શકે.

જેમ ઈશ્વરને કોઈ પણ સમયે ભજી શકાય તેમ પિતૃઓને તૃપ્ત કરવા કોઈપણ સમયે શ્રાદ્ધ કરી શકાય. છતાં પણ ભાદ્રપદ - ભાદરવા માસના કૃષ્ણ પક્ષને પિતૃપક્ષ કહેવામાં આવે છે. ચંદ્રમાસ મુજબ જ્યારે દક્ષિણાયનની સ્થિતિ હોય ત્યારે શ્રાદ્ધથી પિતૃઓને પ્રસન્ન તેમ જ તૃપ્ત કરવા માટેનો શ્રેષ્ઠ સમય ગણાય છે. પોતે અન્નનું નહીં પણ માત્ર સુવર્ણનું જ દાન કરેલું હોવાથી કર્ણને સ્વર્ગમાં સોનાની વસ્તુઓ જ મળતી, અન્ન નહીં. તે સમયે ભગવાને તેમને અન્નના દાન માટે ભાદરવા માસના કૃષ્ણ પક્ષમાં પૃથ્વી પર મોકલ્યા અને ત્યારથી પિતૃપક્ષ-શ્રાદ્ધની પરંપરા શરૂ થઈ. દુનિયાદારીની ભાષામાં કહીએ તો પૃથ્વી પર આ સમયે નવો પાક તૈયાર થયો હોવાથી, પિતૃલક્ષી અન્નનું દાન સરળ બની શકે. પિતૃલોક એ સૂક્ષ્મ-સ્થાન છે અને પિતૃ એ સૂક્ષ્મ અસ્તિત્વ છે. અહીં સૂક્ષ્મ બાબતો જ પહોંચી શકે, ભૌતિક કે સ્થૂળ નહીં. અહીં ભાવના પહોંચે પિંડ નહીં. અહીં લાગણી પહોંચે, ખોરાક નહીં. શ્રાદ્ધમાં જે અર્પણ કરવામાં આવે છે તે ખોરાક માત્ર નથી પણ પિતૃઓ પ્રત્યે સ્મરણ, આદર, ઋણ સ્વીકૃતિ અને તૃપ્તિનો સંદેશ છે. શ્રાદ્ધમાં કાગડાને ચોક્કસ વિધિવિધાન પ્રમાણેનું અન્ન અર્પણ કરવામાં આવે છે. કાગડાને પિતૃઓનો દૂત મનાય છે. કાગડો એ પિતૃઓનું પ્રતીક પણ છે. શ્રાદ્ધ એ શ્રદ્ધાનો વિષય હોવાથી, જો કાગડાનાં અસ્તિત્વમાં પિતૃઓનું અસ્તિત્વ, ભાવનાત્મક રીતે, સ્વીકારી શકાય તો, ચોક્કસ, સૂક્ષ્મ ભાવે અર્પણ કરાયેલ શ્રાદ્ધ પિતૃઓને પહોંચી શકે.

શ્રાદ્ધની પરંપરાનું પાલન કરવાથી માનવીને જીવનનું અસ્થાયીપણું ફરીથી ધ્યાનમાં આવે, જીવનની કેટલીક વાસ્તવિકતા સમજમાં આવી શકે તેમ હોવાથી આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી નિર્લેપતા તરફ ડગલાં માંડી શકાય, પિતૃઓને યાદથી સંસ્કાર અને પરંપરા તાજા થાય, પોતાનાં ઇતિહાસ માટે ગૌરવ અનુભવાય, ભૂતકાળમાં સ્થાપિત થયેલી સામાજિક શીખને આધારે જીવન સુગમ બની શકે, કૌટુંબિક મૂલ્યો માટે સમજ સ્થાપિત થાય અને તે મુજબ નૈતિક વ્યવહાર શક્ય બને અને આ બધાં સાથે પિતૃઓ સાથે જોડાયેલા રહેવાની, જોડાયેલા હોવાની ભાવના સ્થાપિત થઈ શકે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આ પ્રકારનો ભાવનાત્મક સંબંધ સકારાત્મક પરિણામ લાવી શકે.

શ્રાદ્ધ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ તે માનસિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ વૈશ્વિક ઘટના છે. પૂર્વજોનું સ્મરણ કરવાથી, માનસિક રીતે અહીં એક પ્રકારની નમ્રતા આવે. સામાજિક સ્તરે અહીં સમાવેશીય વિચારધારાને મહત્ત્વ મળે. ધાર્મિક પરિપ્રેક્ષ્યમાં અહીં સૂક્ષ્મ અસ્તિત્વ પ્રત્યેની સભાનતા જાગ્રત થાય. સાંસ્કૃતિક દ્રષ્ટિકોણ પ્રમાણે અહીં પરંપરાની નિભાવણીથી સંસ્કૃતિ માટે વિચારશીલ-જાગ્રતતા સ્થાપિત થઈ શકે. વૈશ્વિક ઘટનાને બે રીતે જોઈ શકાય, એક તો પશુપક્ષી પ્રત્યે કરુણા સ્થાપિત થાય અને બીજું, સમગ્ર બ્રહ્માંડનાં સમીકરણો વિશે સંવેદનશીલતા જાગે. આ એક પ્રતીકાત્મક ઘટના પણ છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# એ પદ વીરલા બૂઝે...



*પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા..*
*ઉલટ ચલ્યા સો નગરીમેં પહોંચ્યા, મારગ ચલ્યા સો લૂંટાણા રે,*
*એક વેલડિયે સબ જગ બાંધા, કૌન છૂટા કૌન બંધાણા રે..*
*ઝાડ ચડત એક મછલીકો દેખ્યા, ચન્દ્ર સૂરજ દોનું સાખે રે,*
*કીડી ને કુંજર લડતા દેખ્યા, કૌન જીત્યા કૌન હારા રે..*
*– પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા..૦*
*નાગો કહે મારા વસ્ત્ર હેરાણા, અંધા કહે મેં દેખ્યા રે,*
*બહેરા કહે મેં તો બૂમ જ સાંભળી, પંગુ કહે મેં પહૂંચા રે..*
*અગન કહે મને સીત લગત હે, પાની કહે મેં પ્યાસા રે,*
*– પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા..૦*
*કહત કબીર સૂનો ભાઈ સાધુ, એ પદ વીરલા બૂઝે રે,*
*આપ તરે, ઓરન કું તારે, તિનોં ભવન વાકું સૂઝે રે...*
*– પિંડ બડો અપરાધી, પાપી રાજ કરત મેં દેખ્યા..૦*

શરીર કહે છે કે મેં એવાં તે ક્યાં અપરાધો કર્યાં છે કે મારા પર એક પાપી રાજા મન રાજ કરે છે? અને મને અનેક પ્રકારના અપરાધો કરાવ્યા જ કરે છે? એ મન મારી અંદર વસેલા શુદ્ધ આત્માનું કંઈ ચાલવા દેતું જ નથી અને બધી ઈન્દ્રિયોને નચાવ્યા કરે છે?

યોગીજનો કે જેમણે પોતાના શ્વાસ-ઉચ્છ્વાસ ઉપર કાબૂ મેળવ્યો છે અને પવન રૂપી- શ્વાસ રૂપી ઘોડાને ઊલટી ચાલે ચલાવ્યો છે, નાભિથી ખેંચીને બહાર કાઢ્યો છે તે પોતાના ગંતવ્યસ્થાને- એટલે કે નિજધામમાં, શૂન્ય શિખર સુધી, પોતાની નગરી સુધી પહોંચી ગયા છે પણ શ્વાસની આવન જાવનને ઓળખ્યા વિના અણજાણપણે જ જે સૌ પ્રાણીઓની માફક પોતાના શ્વાસની ધમણ ચલાવતા રહ્યા છે તે કાળ રૂપી લૂંટારાને હાથે લૂંટાઈ જાય છે. માયા રૂપી એક વેલમાં સૌ બંધાયેલા છે એમાંથી કોઈ સંત, ભક્ત, યોગીપુરૂષો છૂટા રહી શકે છે.

યોગી પુરૂષ પોતાની અધોગામી વૃત્તિઓને ઉર્ધ્વગામી બનાવીને, જેમ માછલી હંમેશાં ઊલટા જળપ્રવાહમાં તરી શકે એમ, ચન્દ્ર- સૂર્ય નાડી, ગંગા યમુના નાડી, ઈડા પિંગલા નાડીને સ્થિર કરીને, સાક્ષી રૂપ બનાવીને, સુષુમ્ણા નાડીને જાગૃત કરીને, પોતાની ચેતનાને-પોતાની સુરતાને શૂન્ય શિખર પર પહોંચાડે છે, કીડી એટલે જીવાત્માની સામે વિષયોની આસક્તિ, કાયાની આસક્તિ સમાન પ્રચંડ હાથી યુદ્ધ કરે છે, એમાં સામાન્ય જીવ હારે પણ યોગી-સાધક-સિદ્ધ-ભક્ત-સંતનો જીવાત્મા એ હાથીને પણ યુદ્ધમાં પરાસ્ત કરી દે છે.

યોગીજનો કહે છે કે મારા આત્માને કોઈ વસ્ત્ર-આવરણ નથી, માયાના અનેક આવરણોને મેં ફગાવી દીધાં છે, પોતાની બાહ્ય આંખોને બંધ કરીને આંધળો થયો એથી અંતરની આંખોથી પરમાત્માને જોઉં છું, મારા બાહ્ય કર્ણોને બંધ કરી દીધાં છે એટલે તો અનાહત-અનહદ બ્રહ્મનાદને અવિરત સાંભળી રહ્યો છું, ભૂખ, તરસ, આળસ, કામ, ક્રોધ, મોહ, લાલચ, ઈર્ષ્યા, અદેખાઈ જેવી અનેક કામનાઓથી રહિત થઈને હું પંગુ એટલે કે પાંગળો થયો છું અને એટલે જ પરમાત્માના ઘર સુધી, અલખધણીના મહેલ સુધી પહોંચી ગયો છું.

આ પંક્તિઓનું અર્થઘટન આપણા સંતોએ અનેક રીતે કર્યું છે. કોઈ કોઈ સંતો નીચે મુજબ પણ અર્થ કરે છે કે- બ્રહ્મજ્ઞાન વિનાના આંધળા તો વારંવાર બૂમો પાડી પાડીને કહેતા ફરે છે કે મેં ભગવાનને જોયો છે, બહિર્મુખી વૃત્તિવાળા, જેમણે કદી પોતાના આત્માના મૂળ અવાજને સાંભળ્યો જ નથી એ કહે છે કે મેં ભગવાનનો અવાજ સાંભળ્યો છે અને મારા શરણે આવો, મારી કંઠી બંધાવો તો તમને સંભળાવી શકું તેમ છું અને જે સાવ પાંગળા છે, વૃત્તિઓથી ઘેરાયેલા ને બંધાયેલા છે એવા અપંગ કહે છે કે હું તો આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનના શિખર સુધી પહોંચી ગયો છું.

અગ્નિને ક્યારે ય ઠંડી લાગે?, પાણી ક્યારે ય તરસ્યું હોય? અનાજને ભૂખ લાગે? ગ્રથ (ઘૃત-ઘી) ક્યારેય સ્નિગ્ધતા-ચીકાશ વિનાનું હોય? પણ આ અવળવાણી છે. જે પિંડમાં કામાગ્નિ, વૈરાગ્નિ, જઠરાગ્નિ જેવી આગ ભડભડતી હોય એને તો બળવાનું જ હોય પણ જો બ્રહ્માગ્નિ પ્રગટે તો અન્ય તમામ અગ્નિ ઠરી જાય અને સાધકને પરમ કૃપાની શીતળતા પ્રાપ્ત થઈ જાય. જળ-પાણી-બિન્દુ-રજ-વીર્ય પોતે કાયમ વાસના માટે તરસ્યાં જ રહે છે, તરફડતાં રહે છે પણ એને જો એકવાર પ્રભુપ્રેમની તરસ-પ્યાસ જાગૃત થઈ જાય તો પછી એ હરિરસ-પ્રેમરસ-ભક્તિરસ સિવાય બીજી કોઈ વાસનામાં ખેંચાતા નથી. એક વખત સત્સંગનો, ભજનનો આહાર કર્યો હોય પછી સતત એની જ ઝંખના રહે છે, પછી એને તમામ શાસ્ત્ર-પુરાણો-ગ્રંથો લુક્ખાં લાગે છે, કારણ કે એમાં માત્ર શબ્દો છે, એનો મર્મ જાણે અને એ મુજબ જીવતર જીવે, આત્મસાધના કરે તો જ અનુભૂતિના ક્ષેત્રમાં પ્રવેશી શકે.

સદ્‌ગુરુ કબીરસાહેબ સાધુજનોને ઉદ્દેશીને કહે છે કે આ ઉલટવાણીને કોઈક વીરલા જ પારખી શકે છે અને એ પદ- એ સ્થાન સુધી પહોંચી શકે છે, જે પોતે ભવસાગર તરી ગયા હોય અને અન્ય જિજ્ઞાસુઓને પણ તારી શકે, જેમને ત્રણે ભવન- પૃથ્વી, પાતાળ અને આકાશ.. ત્રણે કાળ ભૂત, વર્તમાન અને ભવિષ્ય તથા ત્રણે ગુણ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણના તમામ રહસ્યોનું જ્ઞાન થઈ ગયું હોય, જેને આપણે ત્રિકાળજ્ઞાની, બ્રહ્મવેત્તા, અવધૂત, સિદ્ધ કે યોગી તરીકે ઓળખીએ છીએ.■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

# તર્કના તાળા તોડી પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર કલંદર

## – અબુ સઈદ અબુલ ખૈર



*'આવ, પાછો આવ, તું જેવો છે તેવો જ પાછો આવ!*
*નાસ્તિક હોય કે અગ્નિપૂજક, કોઈ પણ હોય, પાછો આવ!*
*આપણી આ ચોખટ કોઈ નિરાશા કે ડરની જગ્યા નથી,*
*તેં સો વાર તારા સોગંદ તોડ્યા હોય, તો પણ સ્મિત સાથે પાછો આવ!'*

રણની રેતી પર ફૂંકાતા પવનમાં જ્યારે આ પંક્તિઓ ગુંજે, ત્યારે ભલભલા સાહિત્યપ્રેમીને એમ જ લાગે કે આ તો મૌલાના રૂમીનો જ સાદ હોઈ શકે! પણ ના, ઇતિહાસના પાનાં કંઈક અલગ જ વાર્તા કહે છે. મૌલાના રૂમીના જન્મની હજુ તો કોઈ એંધાણી પણ નહોતી, તેના બરાબર બસો વર્ષ પહેલાં, અગિયારમી સદીના ખુરાસાન (આજના તુર્કમેનિસ્તાન-ઇરાન સરહદ)ના વિસ્તારોમાં આ શબ્દો એક ફકીરના હોઠેથી વહેતા હતા. પર્શિયન સૂફીવાદના આકાશમાં પ્રેમલક્ષણા ભક્તિનો સૂર્ય બનીને તપનાર આ કલંદરનું નામ હતું – અબુ સઈદ અબુલ ખૈર (ઇ.સ. ૯૬૭ - ૧૦૪૯).

મેહના નામના નાનકડા શહેરમાં જન્મેલો અબુ સઈદ કોઈ જન્મજાત સંત નહોતા. યુવાનીના દિવસોમાં તે એક અત્યંત તેજસ્વી અને પ્રખર વિદ્વાન હતા. ઇસ્લામિક કાયદાશાસ્ત્ર અને ધર્મગ્રંથોના પાનાંઓમાં તે ઈશ્વરને શોધી રહ્યા હતા. મગજમાં તર્કનો અહંકાર અને પીઠ પર પુસ્તકોનો ભાર! પણ માત્ર કાગળના પાનાં ફેરવવાથી કદી આત્માની તરસ છીપે છે ખરી?

એક દિવસ પ્રવાસ દરમ્યાન તેમની મુલાકાત લુકમાન સરખસી નામના એક કલંદર ફકીર સાથે થઈ. લુકમાનની આંખોમાં આકાશ જેવી શૂન્યતા હતી અને ચહેરા પર અનંતની શાંતિ. વિદ્વાન અબુ સઈદને જોઈને લુકમાને હળવેકથી કહ્યું, 'તારા મગજમાં જ્ઞાનનો જે ભાર છે, તે તને ક્યારેય ઈશ્વર સુધી નહીં પહોંચવા દે. આ ભાર ઉતારી દે અને તારા 'હું' ને બાળી નાખ.'

આ એક વાક્ય તીરની જેમ અબુ સઈદની છાતીમાં ખૂંપી ગયું. વર્ષોથી ગોખેલા કાયદા અને તર્કના તમામ પાયા એક જ ક્ષણમાં ધરાશાયી થઈ ગયા. તેમણે પુસ્તકોનો ત્યાગ કર્યો અને પોતાના ભીતરના અંધકારને ઉલેચવા ધ્યાનના માર્ગે નીકળી પડ્યા. તર્કના દ્વાર બંધ થયા, અને હૃદયના કમાડ ખૂલી ગયા.

સમય વહેતો ગયો. અબુ સઈદ હવે માત્ર કોઈ વિદ્વાન નહોતા રહ્યા, પણ એક એવા કલંદર બની ચૂક્યા હતા, જેના શ્વાસમાં માત્ર પ્રેમ મહેકતો હતો. તેમની એક ઝલક પામવા લોકો દૂર દૂરથી આવવા લાગ્યા. આ સમયનો એક પ્રસંગ એવો છે જે સમગ્ર આધ્યાત્મિક જગતનો નીચોડ છે.

એકવાર અબુ સઈદની મજલિસ (સત્સંગ)માં હજારોની ભીડ ઊમટી પડી હતી. જગ્યા સાવ સાંકડી અને લોકોનો મહેરામણ વધતો જતો હતો. લોકોના અવર-જવરની વ્યવસ્થા સાચવીને થાકેલા સેવકે અકળાઈને ભીડને ઉદ્દેશીને મોટેથી બૂમ પાડી, 'ખુદાને ખાતર રહેમ કરો, અને પાછળ ઊભેલા લોકો માટે એક-એક ડગલું આગળ વધો!' (Take one step forward).

વ્યાસપીઠ પર આંખો બંધ કરીને બેઠેલા અબુ સઈદ અચાનક ઊભા થઇ ગયા. આખી સભામાં સન્નાટો છવાઈ ગયો. આંખોમાં આંસુ સાથે તેમણે સભાને સંબોધતા ગદગદ સ્વરે કહ્યું, 'આજના સત્સંગની અહીં જ પૂર્ણાહુતિ થાય છે! મારે તમને જે કંઈ પણ કહેવાનું હતું અને દુનિયાના તમામ પયગંબરોએ આજ સુધી જે કંઈ પણ શીખવ્યું છે, તેનો સાર આ સેવકે એક વાક્યમાં કહી દીધો છે... તમારા અહંકારથી માત્ર એક ડગલું આગળ વધો, અને તમે સીધા જ ઈશ્વર સુધી પહોંચી જશો!'

તેમના મતે ઈશ્વર અને માણસ વચ્ચે કોઈ ધર્મ કે કર્મકાંડની દીવાલ નથી, માત્ર એક જ દીવાલ છે, 'અહંકાર'ની દીવાલ. આ જ દર્શનને તેમણે પોતાની કલમમાંથી આ રીતે વહેવા દીધું:

*જ્યાં સુધી તારો અહંકાર તૂટીને રજકણ નથી બનતો,*
*ત્યાં સુધી તને ઈશ્વરના દરબારનો રસ્તો નથી જડતો;*
*તું તારા અસ્તિત્વને મિટાવી દઈશ તો જ એને પામી શકીશ,*
*ખાલીપણા સિવાય આ પ્યાલામાં બીજું કંઈ જ નથી ભરાતું.*

અબુ સઈદની આ અનોખી ખ્યાતિ એ સમયના સૌથી મહાન ફિલસૂફ અને વૈજ્ઞાનિક ઇબ્ન સિના સુધી પહોંચી. તર્કનો શહેનશાહ ઇબ્ન સિના પ્રેમના બાદશાહ અબુ સઈદને મળવા આવ્યો. બંને વચ્ચે એક બંધ ઓરડામાં સતત ત્રણ દિવસ સુધી ગહન ચર્ચા ચાલી. જ્યારે બંને બહાર આવ્યા, ત્યારે આતુર લોકોએ ઇબ્ન સિનાને પૂછ્યું, 'તમને આ સૂફી ફકીર વિષે શું કહેશો?' ત્યારે ઇબ્ન સિનાએ ઇતિહાસમાં અમર થઈ ગયેલો જવાબ આપ્યો: 'જે બધું હું મારી બુદ્ધિથી જાણું છું, તે બધું જ આ મહાત્મા ખુલ્લી આંખે જોઈ શકે છે!'

અને જ્યારે અબુ સઈદને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે હસીને કહ્યું: 'જે બધું હું મારા ભીતરી દર્શનથી જોઉં છું, તે બધું આ ફિલસૂફ પોતાની બુદ્ધિથી જાણે છે!'

જોકે, અબુ સઈદ બરાબર જાણતા હતા કે બુદ્ધિની એક સીમા હોય છે. ઈશ્વર કોઈ સમીકરણ નથી જેને ઉકેલી શકાય; એ તો પ્રેમનો સાગર છે જેમાં માત્ર ડૂબી જવાય. તેમની એક સુંદર રુબાઈમાં આ સત્યનો રણકાર સંભળાય છે:

***બુદ્ધિથી ઈશ્વરને પામવાની મથામણ છોડી દે,***
***તારા અહંકારના આ કાગળિયાં હવે ફાડી દે;***
***જો ઈશ્કના રસ્તે ચાલવું હોય તો શરત એક જ છે,***
***તારા હોવાપણાનો ભાર હવે નદીમાં વહાવી દે.***

અબુ સઈદની ખાનકાહ (આશ્રમ)ના દરવાજા જાતી કે વર્ણના લોકો માટે ખુલ્લા હતા. તેઓ ઈશ્વરથી ડરવાનું નહીં, પણ ઈશ્વર સાથે પ્રેમ કરવાનું શીખવતા. જ્યારે કોઈ જિજ્ઞાસુએ પૂછ્યું કે, 'આધ્યાત્મિકતા એટલે શું?' ત્યારે તેમણે કોઈ વેદ કે કુરાનનો સંદર્ભ ટાંક્યા વગર, એટલું જ કહ્યું: 'તારા મગજમાં જે છે (પૂર્વગ્રહો) તેને ફેંકી દે , તારા હાથમાં જે છે તે આપી દે (દાન), અને તારા પર જે પણ સંકટ આવે તેની સામે ઝૂક્યા વિના ઊભો રહે (શ્રદ્ધા).'

ઈ.સ. ૧૦૪૯ માં જ્યારે આ કલંદરે વિદાય લીધી, ત્યારે તેઓ કોઈ સંપત્તિ કે પોતાના હાથે લખેલું પુસ્તક નહોતા મૂકી ગયા. તેમનાં વચનો શિષ્યોના હૃદયમાં કોતરાઈ ગયા હતા, જે તેમના મૃત્યુ બાદ 'અસરાર અલ-તવહીદ' (એકેશ્વરવાદનાં રહસ્યો) નામે ગ્રંથસ્થ થયા. અબુ સઈદ માટે ખુદા આકાશમાં બેઠેલો કોઈ કઠોર ન્યાયાધીશ નહોતો, પણ કણ કણમાં વસતો પ્રેમી હતો:

***મેં આકાશમાં જોયું તો ત્યાં પણ તું જ હતો,***
***મેં ધરતી પર જોયું તો અહીં પણ તું જ હતો;***
***હું જ્યાં જ્યાં નજર કરુંછું, ત્યાં તારો જ ચહેરો છે,***
***મારા પોતાના અસ્તિત્વમાં પણ માત્ર તું જ હતો.***

આજે અગિયાર સદીઓ વીતી ગઈ છે. છતાં, જ્યારે પણ કોઈ માણસ પોતાના જ અહંકાર, ભય અને અસલામતીના કોચલામાં ગૂંગળાય છે, ત્યારે ખુરાસાનની માટીમાંથી ઊઠેલો અબુ સઈદનો એ અવાજ આજે પણ સાદ કરે છે:

*'બહારની દુનિયામાં માઈલો કાપવા કરતા,*
*પોતાના જ અહંકારથી માત્ર એક ડગલું આગળ વધી જો...*
*તારો ખુદા બેઉ હાથ ફેલાવીને તારી જ રાહ જુએ છે!'* ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# દુહામાં નારીકેન્દ્રી તથ્ય ને સત્ય

દુહામાં એનો રચયિતા માનવજીવનના તથ્ય અને સત્યને નિરૂપતો હોય છે. પોતાને જીવનમાંથી સાંપડેલું રહસ્ય કે તથ્ય આ નિમિત્તે ભાવકને સાંપડતું હોય છે. દુહા એ કારણે માનવ ઘડતર પણ કરે છે. સાવ તુક્કા, તરંગ કે નરી કલ્પનાને દુહામાં અવકાશ નથી. દુહા આવા કારણથી સર્વાધિક લોકપ્રિય પણ બન્યા અને વખણાયા પણ ખૂબ. મેં નારીકેન્દ્રી નારી વિષયક જ થોડાં દુહાઓ એકત્ર કરેલા. મારે અવલોકવું હતું કે નારી બાબતે શું તથ્ય અને સત્ય એમાંથી સાંપડે છે. એમાં પૂર્વગ્રહ છે કે પક્ષપાત એ પણ અવલોકવું હતું. તાટસ્થ્ય જાળવીને દુહામાં નારીકેન્દ્રી ભાવવિશ્વને સ્થાન મળ્યું છે કે નહીં એ અવલોકવું હતું. આવા થોડા દુહાને આસ્વાદીએ. નારીકેન્દ્રી નિરૂપણ કેવા તથ્યોનો પરિચય કરાવે છે તે સમજીએ.



**નારી ઠમકો દિયે, ચિત્તનું કંઈ ચાલ્યું નહિ ;**
**ભોળો ઈ ભીલડીએ, જલધર મોહ્યો જોગડા.**

નારીના ઠમકા-લટકાથી ચિત્તનું-મનનું કંઈ ચાલતું નથી. ભીલડીના નૃત્ય ઠમકાથી ભોળાનાથ મોહી પડેલા. જલંધર પણ વૃંદામાં મોહિત થયેલા, જોગડો નામથી ઘણાં દુહા પરંપરામાં પ્રચલિત છે. પોતે જોગી છે પણ એમના મોટાભાગના દુહામાં નારી સંદર્ભ જ સ્થાન પામેલ જોવા મળે છે.

સ્ત્રીનો પ્રભાવ, એનાથી મોહિત થવાનું વલણ અહીં દૃષ્ટિગોચર થાય છે બીજો એક આવો દુહો આસ્વાદીએ.

**ત્રિયા નમાવે દેવને, ત્રિયા અપાવે રાજ;**
**ત્રિયા કુશળ સંસારમાં, ત્રિયા જગતની લાજ.**

ત્રિયા એટલે સ્ત્રી-નારી. દેવ જેવા દેવને પણ નારી નમાવે. પરાજિત કરે. સ્ત્રી રાજસુખ અને રાજ્ય પણ અપાવે. આ સંસારમાં સ્ત્રી જ કુશળ છે. સ્ત્રી જ નારી જ જગતની લાજ છે. જગતનું આભૂષણ છે. નારીનો પ્રભાવ અને એનો મહિમા અહીં આલેખાયો છે. એ દાતા છે, એ લાજ-આભૂષણ પણ છે. એની મહત્તાને સાચી રીતે અહીં દુહામાં અભિવ્યક્તિ સાંપડી છે. નારીના બીજા એક અનોખા રૂપને પણ દુહામાં સ્થાન મળ્યું છે એનો પરિચય મેળવીએ.

**સાજન તુમ મ જાણિયો, વિછડ્યાં પ્રીત ઘટાય ;**
**વ્યાપારી કે વ્યાજ જયૂં, વધત વધત વધ જાય.**

નારી-સ્ત્રી કહે છે કે હે સાજન-પ્રિયતમ તને ખબર નથી કે વિરહ-દૂરતા પ્રીતને-પ્રેમને ઘટાડનારું પરિબળ છે. વેપારી પાસેથી લીધેલ મૂડીનું વ્યાજ જેમ વધતું વધતું જ રહે છે. મૂલ લક્ષ્મીથી દૂર નીકળી જાય એમ લાંબા સમયનું અલગપણું દૂરતા વધારે અને સ્નેહ ઘટાડે. નારી ચિત્તના ભાવને આલેખતો એક વિશેષ દુહો અવલોકીએ.

**સામેરી સજણ વળાવિયા, તાતી વેળું માંય;**
**જો સરજી હોત વાદળી,(પિયુને) પલપલ ઢાળત છાંય**

સામેરી નામની નાયિકા કહે છે કે મેં મારા સાજણ-પ્રિયજનને વિદાય આપી પણ એમનો પંથ તો રેતાળ રણમાં છે. આવી ઉની-ગરમ વેળુ-રેતીમાં પ્રવાસ કરીને પંથ કાપી રહેલા પ્રિયજનના રસ્તામાં વાદળી રૂપે હું હોત તો ઘડીએ ઘડી-પળેપળ એમની ઉપરા છાંયડાથી એમને ઠંડક આપત અને ગરમીમાં રાહત આપી શકી હોત.

નારીનો-સ્ત્રીનો સમર્પણભાવ, પ્રિયતમની ચિંતા કરવાનું વલણ એ નારીની પ્રકૃતિ છે. એનો પરિચય આ દુહામાંથી મળી રહે છે. નારીકેન્દ્રી દુહા-નારીના સ્વભાવનો અને નારીના પ્રભાવનો એમ સર્વાંગીપણે પરિચય કરાવે છે. નારીનું વ્યક્તિત્વ કેવી ઊંચાઈ, કેટલી ઊંડાઈ અને કેવા પ્રકારની વ્યાપકતા ધરાવે છે એના તથ્યને નિર્દેશતા આ દુહાઓ ભારતીય નારી પ્રતિભાના-માતૃશક્તિના દ્યોતક છે.■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# આધ્યાત્મિક ઉચ્ચતા



**સફળતા** અને પ્રગતિ, બંનેમાં બહુ ફેર છે. ખાલી વેપાર ધંધામાં આગળ વધો એ પ્રગતિ છે, સફળતા નથી. પરંતુ જીવનમાં એક પૂર્ણ માનવ તરીકે આપણું વ્યક્તિત્વ ખીલી ઊઠે એને સફળતા કહેવાય.

**રેખાઓમાં રહ્યો અડોઅડ બિંદુઓનો ફાળો,**
**મંજિલ બીજું કાંઈ નહીં બસ પગલાંનો સરવાળો.**

એટલે કે દરેક ક્ષેત્રમાં સર્વાંગીણ રીતે આપણી પ્રગતિ થાય અને એ તમામ પ્રકારની પ્રગતિ ભેગી થાય ત્યારે સફળતા મળે. ધંધો સારો થાય અથવા ક્યાંક પૈસા કમાયા એટલે માણસ સફળ થઈ ગયો એવી માનસિકતા ખોટી છે. માનવીનું વ્યક્તિત્વ માણસ તરીકે પણ ખીલેલું હોવું જોઈએ. એનો સ્વીકાર પણ સમાજમાં હોવો જોઈએ. સમાજમાં પાંચ-પંદર જગ્યાએ એનું નિસ્વાર્થ ભાવે સમર્પણ હોવું જોઈએ. એવી રીતે પ્રગતિ થાય ત્યારે સાચી સફળતા મળી કહેવાય.

આ પાયાનો વિચાર છે. એ આપણે હંમેશાં જીવનમાં દૃઢ રાખવાનો. રોજ સવારે ઊઠીને મનને પહેલી વાત કરવાની કે મારે એક smart professional થવું છે અથવા મોટા business man થવું છે પરંતુ સૌથી અગત્યનું મારે extra ordinary human being, એક અદ્વિતીય માણસ પણ થવું છે. તો એ સાચી સફળતા કહેવાશે.

એના માટે એક અગત્યની વાત છે નીતિ-નિયમ અને સિદ્ધાંતોને વળગી રહેવું.

ધંધા વ્યવસાયમાં સંચાલનની જવાબદારી નિભાવતા મેનેજર, પ્રાધિકારી કે સંચાલકો નીતિમત્તા અને સદાચારનાં કેટલાંક સ્થાપિત ધોરણોને અનુસરતા હોવા જોઈએ. તેમની સઘળી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ અને સંબંધોમાં નીતિમત્તા અને સદાચારનાં ઉચ્ચ ધોરણો જળવાય તો જ સાચા અર્થમાં, તેમણે તેમની સામાજિક જવાબદારી વહન કરી કહેવાય. માટે જે - તે ધંધા કે વ્યવસાયના સંચાલકમાં ethical excellence હોવી જોઈએ, તેને બરોબર વિવેક હોવો જોઈએ કે what is right and what is wrong.

નીતિમત્તા અને સદાચારના પરિપ્રેક્ષ્યમાં ત્રણ પ્રકારના સંચાલકો જોવા મળે છે:

૧. અપ્રામાણિક અને અનૈતિક રીતિઓને અનુસરનારા સંચાલકો (Immoral management)

૨. નીતિમત્તા અને સદાચારની સીમાઓમાં રહીને જ અને તમામ કાયદાકીય બાબતોનો સંપૂર્ણ અમલ કરીને જ પોતાનો ધંધો વિકસાવનાર સંચાલક (Moral management)

૩. પળાય ત્યાં સુધી નીતિમત્તાના ધોરણો પાળે, પરંતુ નફો રળવામાં જો તે આડખીલીરૂપ લાગે તો તેનું ઉલ્લંઘન કરતાં છોછ નહીં અનુભવનાર સંચાલક (Amoral management) આદર્શ સંચાલક કે ચેરમેનની યથાર્થ ઓળખાણ તેની કંપનીના નફા કે મૂડીના આધારે નથી થતી, એ તો થાય છે તેમની પ્રામાણિકતા, નીતિમત્તા અને ચારિત્ર્યથી. થોડા સમય પૂર્વે વિપ્રો કંપનીના ચેરમેન-પદેથી નિવૃત્ત થનાર શ્રી અઝીમ પ્રેમજી જેઓએ છેલ્લાં ૫૩ વર્ષના અથાગ પ્રયત્નથી એક નાની ખાદ્યતેલ અને સાબુ બનાવતી કંપનીમાંથી એક અબજો ડૉલરની વિરાટકાય, વિશ્વપ્રસિદ્ધ સોફ્ટવેર કંપની વિપ્રોનું સર્જન કર્યું. તેમની કદરદાની ઉદ્યોગ જગતના ખેરખાંઓએ, તેઓ 'પ્રામાણિકતા, શાલીનતા, નીતિમત્તા, સાદાઈ અને પરોપકારિતાના પર્યાય હતા' એ કહીને કરી !! કોઈએ એમ ન કહ્યું કે તેમણે કેવળ અબજો ડૉલરની સંપત્તિનું સર્જન કર્યું. નીતિમત્તાને અનુસરનારા જ સફળતાના સર્વોચ્ચ શિખરો સર કરી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજે ધર્મના સંસ્કારો સિંચીને નીતિમત્તા અને પ્રામાણિકતાથી જીવન જીવતા આવા લાખો professional's અને businessman'sની ફોજ સર્જી હતી. આવા ભક્તો વ્યવસાય કરતાં નીતિમત્તાને વધારે પ્રાધાન્ય આપે છે. વર્ષો પૂર્વે આસામમાં બેન્કમાં નોકરી કરતા અમદાવાદના એક ભક્તને ત્યાંના ઉદ્દામવાદી લોકોએ બેન્કમાંથી ખોટી રીતે લોન આપવા કહ્યું. આ ભક્ત કહે : હું એવી રીતે ગેરકાયદેસર એક પૈસો પણ ન આપું. પેલા લોકો રિવોલ્વર લઈને આવ્યા હતા પણ ભક્તની સચ્ચાઈ, નિષ્ઠા, કપાળમાં તિલક-ચાંદલો વગેરે જોઈ ગમ ખાઈ ગયા અને કહ્યું : ઠીક છે, અમે તપાસ કરીશું તે પૈસાની લાલચે કેટલાને આવી લોનો આપી છે તેં. આ ભક્તે સામેથી જ ૨૧ સરનામાં આપ્યાં ને તપાસ કરવા કહ્યું.

ડાકુઓએ બધે તપાસ કરી તો ગેરકાયદે એક પૈસો કોઈને આપેલો નહીં. આ જોઈ તેઓ કહે : ધન્ય છે તમને, અમારે આવા પ્રામાણિકની જ જરૂર છે. તમારી બદલી અમે રોકાવીશું ને તમને કોઈ પરેશાન કરે તો અમને કહેજો. આ અમારું ઍડ્રેસ છે ને ફોન છે. એમ તેઓ સામેથી ગુણ લઈને ગયા.

આવા તો કેટલાય આધ્યાત્મિક ઉચ્ચતાને વરેલા માનવો આજે પણ છે જે સરકારી ઉચ્ચ હોદ્દો ધરાવે છે કે ઉદ્યોગપતિ છે. તેઓ ધારે તો ખોટી રીતે રાતોરાત લાખોપતિ-કરોડોપતિ થઈ શકે પણ ધર્મ અને નૈતિકતાના સંસ્કારથી નિયમોનો લોપ કરતા નથી અને જીવનમાં સાચી સફળતા અને શાંતિ પ્રાપ્ત કરીને સુખી છે. ■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ગુજરાત - રાજસ્થાનની સરહદે આવેલું અંબાજી યાત્રાધામ લાખો ભક્તોનું પવિત્રસ્થાન



ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા આરાસુર પર્વત પર અંબામાતાનું મંદિર આવેલું છે. જે લાખો હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ છે. ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં સ્થિત અંબાજી મંદિર એ ૫૧ શક્તિપીઠમાંનું સૌથી પવિત્ર અને લોકપ્રિય તીર્થસ્થળ છે. પૌરાણિક કથાઓ મુજબ અહીં માતા સતી (પાર્વતી)નું હૃદય પડયું હતું.

આ મંદિરની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં માતાજીની મૂર્તિની સ્થાપના કરીને તેની પૂજા કરવામાં નથી આવતી. આ મંદિરના ગર્ભાગૃહમાં કોઈ જ મૂર્તિ નથી અહીં શ્રીયંત્રની પૂજા કરવામાં આવે છે અને તેની સજાવટ એ રીતે કરવામાં આવે છે કે દર્શન વખતે તમને દેવીના સ્વરૂપના દર્શન થાય છે.

અહીંથી નજીકમાં જ ગબ્બર પર્વત પર માતાજી બિરાજમાન છે એમ માનવામાં આવે છે અને ગબ્બર જ અંબાજીનું મૂળ સ્થાન છે એમ માનવામાં આવે છે. ગબ્બર પર એક મંદિર છે. તેમાં સતત ઝળહળતા દિવાના દર્શન તમને અંબાજી મંદિરના ગર્ભગૃહમાં ઊભા રહીને કરી શકાય છે.

અંબાજી મંદિરના ગોખમાં 'વિશા શ્રીયંત્ર' છે. જે સુવર્ણજડિત આરસની દીવાલમાં કાચબાની પીઠ જેવા આકારના તાંબાના યંત્રને મઢવામાં આવ્યું છે. જેના ઉપર ૫૬ બીજપત્ર (અક્ષર) અંક્તિ છે. મંદિરમાં તેની જ પૂજા થાય છે. આ ગોખ ૧,૦૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે.

હિન્દુ ધર્મમાં મહત્ત્વપૂર્ણ મનાતા 'માર્કંડેય' પુરાણમાં અંબાજી મંદિરના ઉદ્ભવની કથા મળે છે. દક્ષ પ્રજાપતિની પુત્રી સતીએ શિવને પામવા માટે આકરું તપ કર્યું હતું. તપસ્યા પછી શિવે સતીનો સ્વીકાર કર્યો અને તેમને સાથે લગ્ન કર્યાં હતા. દક્ષ પ્રજાપતિ આ સંબંધથી રાજી નહોતા, આથી દક્ષ પ્રજાપતિએ 'બ્રહ્મસ્પતિ શક' યજ્ઞનું આયોજન કર્યું ત્યારે બધા જ દેવોને આમંત્રણ આપ્યું હતું, પણ જમાઇ એવા શિવને જ બોલાવ્યા નહોતા.

પિતા દ્વારા ભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હોવાનું સાંભળીને સતીએ તેમાં ભાગ લેવાની ઇચ્છા પ્રગટ કરી. શિવે ત્યાં ન જવાનું સતીને કહ્યું, પણ સતી ન માન્યા. ત્યાં જતાની સાથે ડગલે ને પગલે સતીને અપમાન સહન કરવાનો વારો આવ્યો. આયોજન દરમિયાન પતિ શિવની ટીકા સાંભળવાથી તેઓ ગુસ્સે ભરાયા અને યજ્ઞકૂંડમાં કૂદીને પોતાના પ્રાણ ત્યજી દીધા.

શિવને આ વાતની જાણ થઇ તો તેઓ યજ્ઞ સ્થાને ધસી ગયાં. સતીનું મૃત શરીર જોઇને તેઓ ગુસ્સે ભરાયા. કૂંડમાંથી તેમને સતીના દેહને બહાર કાઢયો અને તાંડવ કરવા લાગ્યા. આને કારણે ત્રણેય લોકમાં હાહાકાર થઇ ગયો. યજ્ઞસ્થળે હાજર દેવતાઓ તથા ઋષી મુનિઓને સૃષ્ટિની ચિંતા થવા લાગી. આ તબક્કે ભગવાન વિષ્ણુએ દરમિયાનગીરી કરી તેમણે સતીના દેહ પર સુદર્શન ચક્ર છોડયું જેના કારણે સતીના અનેક અંગ અને આભૂષણો પૃથ્વી પર અલગ-અલગ સ્થાને પડયા. તે જયાં જયાં પડયા ત્યાં શક્તિપીઠ અસ્તિત્વમાં આવ્યા. સતીનું હૃદય આરાસુર પર્વત પર પડયું અને અહીં અંબાજી મંદિરની રચના કરવામાં આવી.

૫૧ શક્તિપીઠમાં અંબાજીનું સ્થાન વિશિષ્ટ છે કેમ કે તેમણે સતીનું હૃદય પડયું હતું. તેથી જ અહીં કોઇ મૂર્તિની, સ્થાપના કરવામાં આવી નથી, હિન્દુ ધર્મ અનુસાર વિષ્ણુના સાતમા અવતાર મનાતા રામ જયારે સીતાને શોધવા નીકળ્યા હતા ત્યારે અર્બુદાના જંગલમાં શ્રૃંગી ઋષીએ રામ-લક્ષ્મણને આરાસુર જઇને અંબાની આરાધના કરવાનું સૂચન કર્યું હતું, રામની તપસ્યાથી પ્રસન્ન થઇને અંબામાતા તેમને 'અજય' બાણ આપ્યું હતું.

હિન્દુઓમાં પ્રચલિત એક માન્યતા પ્રમાણે નજીક જ આવેલા ગબ્બર ગોખ ખાતે શ્રીકૃષ્ણની મુંડન વિધિ કરવામાં આવી હતી. કૃષ્ણ એ વિષ્ણુના આઠમા અવતાર હોવાનું મનાય છે. આઝાદી પહેલાં આરાસુરી અંબાજીનું મંદિર દાંતા સ્ટેટ હેઠળ આવતું હતું અને પરમાર શાસકો દ્વારા તેનું નિયમન કરવામાં આવ્યું હતું. તેઓ રાજા વિક્રમાદિત્યના વંશજો હોવાનું માનવામાં આવે છે. આઝાદી પછી રાજયોમાં વિલીનીકરણ સમયે વિવાદ ઉઠયો હતો અને છેક સુપ્રીમ કોર્ટ સુધી એ વિવાદ પહોંચ્યો હતો.

એ પછી ૧૯૭૦માં નીચલી અદાલતમાં કેસ થયો હતો. તે અગાઉ, ૧૭ માર્ચ ૧૯૬૦ના ઠરાવ પસાર કરી 'શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી. વહીવટી વ્યવસ્થા પ્રમાણે, બનાસકાંઠાના કલેક્ટર ટ્રસ્ટના ચેરમેન બન્યા. ગુજરાત રાજ્યની સ્થાપના પછી પણ આ વ્યવસ્થા યથાવત્ રાખવામાં આવી છે.

આ ટ્રસ્ટ દ્વારા ૩૦ જેટલાં મંદિર, પથિકાશ્રમ, ભોજનાલય, વિશ્રામગૃહ, હૉસ્પિટલ, સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે મહાવિદ્યાલયનું સંચાલન કરવામાં આવે છે. અંબાજીનાં ભાદરવી પૂનમ મેળાનું ખૂબ જ મહત્ત્વ હોય છે, આ મેળામાં ભાગ લેવા માટે લાખો લોકો દેશભરમાંથી ઊમટી પડે છે. આ વખતે પૂનમના મેળામાં અંબાના પ્રસાદરૂપે ચાર લાખ કિલો મોહનથાળ બનાવવામાં આવ્યો. આટલો મોહનથાળ બનાવવા માટે ૬,૦૦૦ કિલો ઘીનો ઉપયોગ કરવામા આવ્યો.

થોડા વર્ષો અગાઉ મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ચીક્કીનો પ્રસાદ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. પણ તેને કારણે શ્રદ્ધાળુઓમાં નારાજગી ફેલાઇ હતી અને વિવાદ વધતાં ફરી મોહનથાળનો પ્રસાદ શરૂ કરવામાં આવ્યો છે. અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં આકાશમાં આધુનિક ડ્રોન શો અને ઝળહળતી રોશની આકર્ષણનું કેન્દ્ર બની છે.

ભાદરવી પૂનમ પછી અંબાજી મંદિરમાં નવરાત્રી ખૂબ જ ધૂમધામથી ઉજવાય છે. અહીંના ચાચર ચોકમાં ગરબાની રમઝટ બોલાવવામાં આવે છે. અને આ ગરબા પારંપારિક ઢબે જ રમવાનો આગ્રહ રાખવામાં આવે છે.

અંબાજી મંદિરની બીજી વિશેષતા એ છે કે ૫૧ શક્તિપીઠમાંથી આ એક માત્ર એવું સ્થાન છે, જયાં મંદિરના શિખર પર લગભગ ૩૫૧ જેટલા સુવર્ણકળશની સ્થાપના કરવામાં આવી છે. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# મનુસ્મૃતિમાં વિવાદાસ્પદ શ્લોકની ભેળસેળ અંગ્રેજ શાસનમાં થઈ?

છેલ્લા બે સપ્તાહમાં શ્રી ગણેશ વિષયક લેખ છપાયા પછી હવે ફરી પાછા મનુસ્મૃતિની અધૂરી રહી ગયેલી વાતો પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

આપણે અત્યાર સુધી જોયું કે સ્વામી દયાનંદ સરસ્વતી જેવા સુધારાવાદી સંત કે જેઓ કોઈ પણ થિયરીના તર્કને બરાબર સમજ્યા વગર માત્ર હા જી હા નહોતા કરતાં તેમણે પણ મૂળ (શુદ્ધ) મનુસ્મૃતિનું સમર્થન કર્યું હતું અને ભેળસેળયુક્ત ભાગોનો વિરોધ કર્યો હતો.

હવે સો વાતની એક વાત. આ ભેળસેળ થઈ કેવી રીતે? ચાલો વિગતવાર જોઈએ.

વાત એમ છે કે ભારતમાં અંગ્રેજોનું શાસન આવ્યું એ પહેલા મુસ્લિમોનું અને તેની પહેલા વિવિધ રાજ રજવાડાઓનું શાસન હતું. દરેક રજવાડાઓના પોતાના રીતિરિવાજ, નિયમો અને કાયદાઓ હતા. એ સમયે

મનુ સ્મૃતિ આટલી લાઈમ લાઈટમાં ક્યારેય નહોતી.

પરંતુ અંગ્રેજોનું શાસન આવ્યું ત્યારે મનુસ્મૃતિ ફરી પ્રકાશમાં આવી.

અંગ્રેજોને ભારતના વિવિધતાથી ભરેલાં અસંખ્ય રાજ્યોમાં શાંતિથી રાજ્ય કરવા અને તમામને એકસૂત્રે બાંધવા એક સર્વમાન્ય કાયદાઓનું જેમાં વિવરણ થયું હોય તેવા કોઈ આધારભૂત ગ્રંથની જરૂર પડી.

થોડાક ખાંખાખોળા બાદ તેમની નજર મનુસ્મૃતિ પર પડી જેમાં દરેક વર્ણોએ કેવી રીતે રહેવું જોઈએ અને એ રીતે ન રહે તો કેવી સજાઓ હોવી જોઈએ તેની રૂપરેખા આ પુસ્તકમાં હતી. આ ગ્રંથમાં રહેલી બારીકીઓને સમજવા સંસ્કૃત ભાષાની સમજ હોવી જરૂરી હતી.

વર્ષ ૧૭૯૪/૧૭૯૬ દરમ્યાન ઇંગ્લેન્ડના સર વિલિયમ જોન્સે ભારતમાં રહીને સંસ્કૃત ભાષા શીખીને મનુસ્મૃતિનો અંગ્રેજી અનુવાદ Institutes of Hindu Law નામે કર્યો. હવે ખાટલે મોટી ખોડ એ છે કે મૂળ મનુસ્મૃતિની પ્રત તો ભારતમાં જ નહીં પૂરા વિશ્વમાં ક્યાંય ઉપલબ્ધ ન હતી અને આજે પણ નથી તો પછી સર વિલિયમ્સ જોન્સે શેમાંથી અનુવાદ કર્યો?

તેનો ઉત્તર એ છે કે આ અનુવાદ મુખ્યત્વે કુલ્લૂક ભટ્ટ નામના લેખક વિચારકની ટીકા (commentary) પર આધારિત હતો. મનુસ્મૃતિ પર ભારતમાં આવી તો કઈ કેટલી ટીકાઓ વિવિધ લેખકો દ્વારા કાળાંતરે લખાતી રહી છે. આવી ટીકાઓમાં અમુક તમુક ફેરફાર અને વિરોધાભાસ જોવા મળે એ સ્વાભાવિક છે. એમાંય સર વિલિયમ જોન્સ ફક્ત દોઢ બે વર્ષના ગાળામાં કેટલું અને કેવું સંસ્કૃત શીખ્યા અને અંગ્રેજીમાં કેવો અનુવાદ કરી શક્યા એ શંકાનો વિષય છે. તેમણે જે ઉપરોક્ત પુસ્તક લખ્યું છે તે માત્રને માત્ર અંગ્રેજી ભાષામાં લખ્યું છે. આ પુસ્તકમાં સંસ્કૃત શ્લોકો દેવનાગરી લિપિમાં તો ઠીક પણ અંગ્રેજી લિપિમાં પણ લખવામાં નથી આવ્યા એટલે આપણને એ પણ ખબર ન પડે કે અનુવાદ બરાબર થયો છે કે નહીં કે અનુવાદની ગુણવત્તા કેવી છે.

દા.ત. મનુસ્મૃતિનો સૌથી વધુ વિવાદાસ્પદ શ્લોક અધ્યાય ૯ નો ત્રીજો શ્લોક (અથવા અધ્યાય ૫ નો ૧૪૮મો શ્લોક) છે જે નીચે પ્રમાણે લખાયો છે.

**'पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । रक्षन्ति स्थाविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति।'** અર્થાત્ કૌમાર્યાવસ્થામાં (બાળપણમાં) પિતા સ્ત્રીની રક્ષા કરે છે, યુવાવસ્થામાં પતિ તેની રક્ષા કરે છે અને વૃદ્ધાવસ્થામાં પુત્રો તેની રક્ષા કરે છે; સ્ત્રી ક્યારેય સ્વતંત્રતાને પાત્ર નથી (અથવા તેણે સ્વતંત્ર ન રહેવું જોઈએ). આ જ વાત મનુસ્મૃતિના અધ્યાય ૫, શ્લોક ૧૪૭-૧૪૮ માં પણ અલગ શબ્દોમાં કહેવામાં આવી છે કે, સ્ત્રીએ પોતાના ઘરમાં પણ કોઈ કાર્ય સ્વતંત્ર રીતે ન કરવું જોઈએ. હવે આ શ્લોક અંગે વિદ્વાનોમાં બે મુખ્ય વિચારધારાઓ જોવા મળે છે:

આલોચકો (ટીકાકારો) આ શ્લોકને મહિલાઓની સ્વતંત્રતા છીનવી લેનારો અને પુરુષપ્રધાન માનસિકતા દર્શાવનારો ગણાવે છે. તેમના મતે આ શ્લોક સ્ત્રીને આજીવન પુરુષોને આધીન રાખવાની અને તેને ગૌણ ગણવાની વકીલાત કરે છે. તાજેતરમાં જ વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પોતાના એક કાર્યક્રમ દરમ્યાન સંસ્કૃત શબ્દ 'રક્ષતિ'નો અનુવાદ 'પુરુષોને આધીન' રહેવું એવો કર્યો હતો.






સર વિલિયમ જોન્સ અને તેમના દ્વારા અનુવાદિત અંગ્રેજી મનુસ્મૃતિ

જ્યારે બીજા એક ઇતિહાસના જાણકાર વિદ્વાન પ્રોફેસર સુધાંશુ ત્રિવેદીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે રક્ષિત કે સુરક્ષિત રહેવું એ અલગ વાત છે અને આધીન રહેવું કે ગુલામ રહેવું એ અલગ વાત છે. સૈન્ય દેશનું રક્ષણ કરે તેનો અર્થ એ નથી કે દેશવાસીઓ સૈન્યને આધીન છે. તેના ગુલામ છે. પોલીસ નાગરિકોનું રક્ષણ કરે એનો મતલબ એ નથી કે નાગરિકો તેને આધીન છે. તેના ગુલામ છે. એ જ રીતે સિક્યુરિટી ગાર્ડસ રહેણાંક સોસાયટીને સુરક્ષિત રાખે તેનો અર્થ એ નથી કે રહેવાસીઓ તેમને આધીન છે. આ શ્લોકના 'સમર્થકો કહે છે કે શ્લોકમાં 'સ્વતંત્રતા'નો અર્થ 'અસુરક્ષિત છોડી દેવી' એવો થાય છે, ન કે તેના પર બંધનો લાદવા. પ્રાચીન સમયની કઠિન સામાજિક પરિસ્થિતિઓમાં સ્ત્રીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પરિવારના પુરુષોને જવાબદારી સોંપવામાં આવી હતી.

અંગ્રેજો કાયદાઓને પોતાના ફાયદાઓ માટે મનભાવન અનુવાદ કર્યો હોય કે થઈ ગયો હોય એ ખૂબ શક્ય છે. એ સમયે ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ નહીંવત હતું એટલે મોટા ભાગની નિરક્ષર પ્રજા અંગ્રેજોના જ્ઞાનથી અંજાઈ ગયેલી અને તેમના જ્ઞાનને જ સત્ય માની બેઠેલી.

બીજી બાજુ સ્ત્રીને સન્માન આપતો પ્રખ્યાત શ્લોક પણ મનુસ્મૃતિમાં છે.

**'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः। यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः।।'**

અર્થાત્ 'જ્યાં નારીઓની પૂજા (આદર-સન્માન) થાય છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે અને જ્યાં તેમનું સન્માન નથી થતું, ત્યાં તમામ કાર્યો નિષ્ફળ જાય છે.'

આ શ્લોકની ચર્ચા ક્યારેય વિરોધીઓ કરતા નથી. સનાતન ધર્મમાં મહિલાઓ અંગે સ્હેજ પણ વિવાદાસ્પદ વાતો મળી આવે તો તેના મૂળ સુધી પહોંચ્યા વગર તેને ચગાવતા રહેતા આ દંભી લોકો અન્ય ધર્મમાં સ્ત્રીઓની હાલત બદથી બદતર હોય તો પણ મોઢું નથી ખોલતા. ચૂં કે ચા નથી કરતા.

મૂળ વાત પર પાછા આવીએ તો મનુસ્મૃતિમાં એક જ વિષય પર બે વિરોધાભાસી શ્લોકો જોવા મળે છે તેના પરથી પણ સાબિત થાય છે કે હાલ ઉપલબ્ધ છે એ આ પુસ્તક કે તેમની ટીકાઓમાં ભેળસેળ થઈ છે જ. આ જ ગ્રંથમાં શુદ્રોને લગતી વિરોધાભાસી કે વિવાદાસ્પદ બાબતો પણ વાંચવા મળે છે તેનાથી એટલું તો સાબિત થાય જ છે કે અંગ્રેજો 'ડિવાઈડ એન્ડ રૂલ' અપનાવીને ભારતીયજનોને અંદરોઅંદર લડાવી સત્તા ટકાવી રાખવામાં ખૂબ જ માહેર હતા. તેમના સત્તાકાળ દરમ્યાન જ આ ગ્રંથમાં ભેળસેળ થઈ હોવાની મજબૂત શક્યતા છે. ■




મહેશકુમાર મકવાણા
feedback@bombaysamachar.com

# દોરંગા ભેળા રે નવ બેસીએ જી...

*દોરંગા ભેળા રે નવ બેસીએ જી,*
*એ જી એમાં પત રે પોતાની જાય રે...*
*ઘડીકમાં ગુરુને ઘડીકમાં ચેલકા રે,*
*એ જી ઈ તો ઘડીકમાં પીર થઈને પૂજાય રે... દોરંગા*
*ઘડીકમાં ચડે ને રંગ ઘડીકમાં ઊતરે રે,*
*એ જી ઈ તો ઘડીકમાં વેરાગી બની જાય રે... દોરંગા*
*કામી રે ક્રોધી ને લોભી લાલચી રે,*
*એ જી ઈ તો પારકે દુઃખે નો દુઃખાય રે... દોરંગા*
*દાસી રે જીવણ ભીમના ચરણે રે,*
*એ જી ચરણુંમાં જાતાં ચોરાશી મટી જાય રે... દોરંગા*
*- દાસીજીવણ*

પદની પહેલી જ પંક્તિમાં દાસીજીવણ એક સાવ સીધી પણ બહુ ઊંડી વાત કહી દે છે. દોરંગા ભેળા રે નવ બેસીએ જી. દોરંગો એટલે બે રંગવાળો. જેનો એક રંગ સ્થિર નથી, જે ક્ષણે ક્ષણે બદલાય છે, જે હમણાં એક અને થોડી વારમાં બીજો. આવા માણસની પાસે બેસવું પણ જોખમ છે, કારણ કે એમાં પત રે પોતાની જાય રે. પત એટલે માત્ર લોકલાજ કે પ્રતિષ્ઠા એટલું જ નહિ. પોતાની ઓળખ, પોતાની નિષ્ઠા, પોતાનો રંગ એ બધું જ તેમાં ખોવાઈ શકે. રંગ ચડે પણ સંગથી અને રંગ ઊતરે પણ સંગથી. એટલે સંતો સંગની વાત વારંવાર કરે છે. આપણે કોની પાસે બેસીએ છીએ એ ધીમે ધીમે નક્કી કરે છે કે આપણે કોણ અને શું થઈ રહ્યા છીએ.

દાસીજીવણને આવા દોરંગા માણસની સૌથી પહેલી નિશાની એની અસ્થિરતા લાગે છે. ઘડીકમાં ગુરુને ઘડીકમાં ચેલકા રે. ઘડીકમાં એ પોતે ગુરુ થઈ જાય અને ઘડીકમાં કોઈનો ચેલો. અહીં ગુરુ થવામાં કે ચેલો થવામાં દાસીજીવણને વાંધો નથી. સાચો શિષ્ય થવું એ તો બહુ મોટી ઘટના છે અને સાચો ગુરુ થવું એથીયે મોટી જવાબદારી છે. વાંધો આ ઘડીકમાં છે. મન જ્યાં સ્થિર નથી ત્યાં ભૂમિકાઓ માત્ર વેશ બની જાય છે. આજે કોઈની સામે નમવાનું અને કાલે બીજાને પોતાની સામે નમાવવાનું. ભક્તિમાં આ ન ચાલે. ત્યાં આપણું સ્થાન બદલાય તો ચાલે, પણ આપણી સચ્ચાઈ ન બદલાવી જોઈએ. પછી તો કહે છે, ઈ તો ઘડીકમાં પીર થઈને પૂજાય રે. માણસને પૂજાવાની ઇચ્છા કેટલી સૂક્ષ્મ છે! શરૂઆતમાં કદાચ શિષ્ય તરીકે કોઈના ચરણમાં બેસે, પણ થોડું જ્ઞાન, થોડો અનુભવ કે થોડા અનુયાયીઓ મળ્યા નહીં કે પોતે જ પીર થઈ બેસે. આધ્યાત્મિક માર્ગનો આ મોટો ભય છે. જે માર્ગ અહંકાર ઓગાળવા માટે હતો તે જ માર્ગ પરથી અહંકાર નવો વેશ પહેરીને પાછો આવી શકે. પહેલાં હું નો ગર્વ હતો; હવે હું જાણું છું. એનો ગર્વ થયો. પહેલાં સંપત્તિનો ગર્વ હતો, હવે સાધનાનો ગર્વ થયો. વેશ બદલાયો, મૂળ વસ્તુ રહી ગઈ.

દોરંગાપણાની બીજી નિશાની પણ સહજ રીતે બતાવી છેઃ ઘડીકમાં ચડેને રંગ ઘડીકમાં ઊતરે રે. સાચો રંગ સહેલાઈથી ઊતરતો નથી. કપડાને ઉપરથી રંગ લગાડ્યો હોય તો બે ધોવાણમાં ઊતરી જાય; તંતુમાં ઊતરી ગયો હોય તો રહે. ભક્તિનું પણ એવું જ છે. ઘડીકમાં આંખમાંથી આંસુ આવે, ઘડીકમાં વૈરાગ્ય થાય અને ઘડીક પછી ફરી સંસારનો એ જ મોહ માણસને ખેંચી જાય તો સમજવું કે રંગ ઉપર ઉપરનો હતો. હૃદયમાં ઊતર્યો નહોતો. વળી કહે છે, ઈ તો ઘડીકમાં વેરાગી બની જાય રે. આ પંક્તિમાં હળવી કટાક્ષવૃત્તિ પણ છે. વેરાગી થવું કંઈ કપડાં બદલવા જેટલું સહેલું નથી. વૈરાગ્ય તો દૃષ્ટિમાં ફેરફાર છે. વસ્તુઓ રહે છતાં એનું બંધન ન રહે. ઘર રહે, પરિવાર રહે, વ્યવહાર રહે, છતાં અંદર માલિકીનો ભાવ છૂટવા માંડે એ વૈરાગ્ય. અહીં તો ઘડીકમાં જ વેરાગી થઈ જવાય છે! એટલે આ વૈરાગ્ય પણ દોરંગાપણાનો એક રંગ છે. પ્રસંગ પ્રમાણે ચડાવેલો રંગ.

પછી બહારના વેશમાંથી સીધા માણસના સ્વભાવ તરફની પંક્તિ આવે છે. કામી રે ક્રોધી ને લોભી લાલચી રે. ચાર શબ્દોમાં માણસનું આખું અંતર ખોલી નાખ્યું. કામ, ક્રોધ, લોભ અને લાલચ આ બધું જ્યાં અખંડ બેઠું છે ત્યાં બહારના આધ્યાત્મિક વેશનું શું કરવું? સાચી સાધના માણસને ઓળખવી હોય તો એની ભાષા, એની માળા કે એની વેશભૂષા કરતાં એના વ્યવહારમાં જોવું પડે. બીજાનું દુઃખ એને અડે છે કે નહીં? તેથી પછીની પંક્તિ ખૂબ મહત્ત્વની છેઃ ઈ તો પારકે દુઃખે નો દુઃખાય રે. અહીં જાણે પદનું આખું માપદંડ મળી જાય છે. માણસ ધાર્મિક છે કે નથી એનો નિર્ણય એની ધાર્મિક ઓળખ પરથી નહીં, પણ બીજાના દુઃખ સામે એનું હૃદય શું કરે છે તેના પરથી થવો જોઈએ. પારકાનું દુઃખ જો આપણને દુઃખાવતું નથી તો આપણી ભક્તિમાં કશુંક ખૂટે છે. કારણ કે ભક્તિ અંતે ભેદ ઘટાડે છે. પારકું પારકું રહેતું નથી. જેને હરિ બધામાં દેખાય તેને બીજાનું દુઃખ કેવી રીતે



પારકું લાગી શકે? કરુણા વિનાની ભક્તિ માત્ર દેખાવ બની રહે છે. દાસીજીવણને એ દેખાવ સ્વીકાર્ય નથી.

આ આખા પદમાં દોરંગો માણસ એટલે માત્ર કપટી માણસ એટલું કહીને અટકી શકાય તેમ નથી. દોરંગાપણું આપણા સૌની અંદર રહેલી અસ્થિરતાનું પણ નામ છે. એક ક્ષણે આપણે જે માનીએ છીએ તે બીજી ક્ષણે વર્તનમાં ભૂલી જઈએ છીએ. બોલવામાં વિનમ્ર અને વ્યવહારમાં કઠોર; ભજનમાં દયાળુ અને જીવનમાં નિર્દય; મંદિરમાં નમન અને માણસ સામે અક્કડ. આ બે રંગ વચ્ચેનું અંતર જેટલું વધારે, દોરંગાપણું એટલું વધારે. સંતને તો અંદર અને બહાર વચ્ચેનું અંતર મટાડવું છે.

અંતિમ કડીમાં દાસીજીવણ પોતાના આશ્રય તરફ વળે છેઃ દાસી રે જીવણ ભીમના ચરણે રે. અત્યાર સુધી આખું પદ દોરંગાની ઓળખ કરાવતું હતું; હવે ઉપાય કહે છે. ઉપાય ઉપદેશથી વધુ સમર્પણમાં છે. દાસીજીવણ પોતાને ભીમના ચરણમાં મૂકે છે. અહીં ચરણ એટેલ માત્ર ગુરુના પગ એવો અર્થ લેવાનો નથી. ચરણ એટલે માર્ગ, આશ્રય, દિશા. પોતાનું મન જે ક્ષણે ક્ષણે રંગ બદલે છે તેને કોઈ સ્થિર કેન્દ્ર જોઈએ. ગુરુચરણ એ કેન્દ્ર છે. એ જી ચરણુંમાં જાતાં ચોરાશી મટી જાય રે. ચોરાશીનો અર્થ પરંપરામાં જન્મમરણના ચક્ર સાથે જોડાય છે, પણ આ પદના સંદર્ભમાં એને એક બીજો અર્થ પણ આપી શકાય. મન પોતે જ ક્ષણે ક્ષણે કેટલીય યોનિ ધારણ કરે છે. હમણાં ગુરુ, પછી ચેલો; હમણાં પીર, પછી વેરાગી; હમણાં ભક્ત, પછી કામી, ક્રોધી, લોભી. એક જ જીવનમાં માણસ કેટલાં સ્વરૂપે જન્મે અને મરે છે! ગુરુચરણમાં જતાં આ આંતરિક ચોરાશી મટે છે. માણસ એકરંગો થાય છે. જે છે તે જ દેખાય અને જે દેખાય તે જ હોય. પદની શરૂઆતમાં દાસીજીવણ કહે છે દોરંગા સાથે ન બેસવું. અંતે પોતે ક્યાં બેસવું એ બતાવે છે ગુરુના ચરણમાં. આ બંને વચ્ચે આખા પદનો માર્ગ છે. ખોટા સંગથી બચવું અને સાચો આશ્રય લેવો. દોરંગાપણાથી એકરંગાપણાની યાત્રા કરવી. સંતવાણીમાં એક રંગનો બહુ મહિમા છે. પ્રેમનો એક રંગ, ભક્તિનો એક રંગ, સત્યનો એક રંગ. એ રંગ એવો કે ચડે પછી ઊતરે નહીં.

દાસીજીવણની વિશેષતા એ છે કે મોટી આધ્યાત્મિક વાત માટે તેમને ભારેખમ ભાષાની જરૂર પડતી નથી. ઘડીકમાં જેવા એક જ શબ્દના પુનરાવર્તનથી માણસની આખી અસ્થિરતા નજર સામે મૂકી દે છે. અને પારકે દુઃખે નો દુઃખાય કહીને આખી ધાર્મિકતાની કસોટી એક પંક્તિમાં આપી દે છે. અહીં વાણી ઉપદેશ બને છે, પણ એ ઉપદેશનો ભાર લાગતો નથી. લોકવાણીની સહજતા છે, કટાક્ષ છે અને અંદરથી નીકળેલી સચ્ચાઈ છે.

મને તો આ પદમાં દોરંગા શબ્દ સૌથી વધારે ગમે છે. કારણ કે દાસીજીવણ બીજાની ઓળખ માટે જેટલો આ શબ્દ વાપરે છે એટલું જ જાણે આપણને પોતાની અંદર જોવાનું પણ કહે છે. આપણો રંગ કેટલો ટકે છે? સુખમાં જે માનીએ છીએ એ દુઃખમાં પણ માનીએ છીએ? એકાંતમાં જે છીએ એ જ લોકો વચ્ચે છીએ? ભક્તિના સમયે જે હૃદય હોય છે એ જ પારકાના દુઃખ વખતે રહે છે? આ પ્રશ્નોના જવાબમાં જ કદાચ આપણા રંગની સાચી ઓળખ છે. ■

# વન-ડેમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને આઠ વિકેટથી હરાવ્યું: કોહલી-ગિલની સદી

તિરુવનંતપુરમઃ ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઇન્ડીઝ સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝની પહેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ મેચમાં ભારતે ૮ વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો. ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઇન્ડીઝે પ્રથમ બેટિંગ કરીને ૨૯૫ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતે વિરાટ કોહલી અને શુભમન ગિલની સદીની મદદથી ૪૨મી ઓવરમાં ૮ વિકેટથી જીત મેળવી હતી. ભારતે ત્રણ મેચની શ્રેણીમાં ૧-૦થી લીડ પણ મેળવી હતી

વેસ્ટ ઇન્ડીઝ સામેની મેચમાં ભારતીય ટીમ તરફથી કેપ્ટન શુભમન ગિલે સદી ફટકારી હતી. તે ૧૧૦ રન કરીને આઉટ થયો હતો. દરમિયાન વિરાટ કોહલીએ પણ અણનમ ૧૩૯ રન ફટકાર્યા હતા. કોહલીએ વન-ડેમાં ૧૫,૦૦૦ રન પૂર્ણ કર્યા હતા. તેણે પોતાની કારકિર્દીની ૫૫મી સદી પણ પૂર્ણ કરી હતી. વેસ્ટ ઈન્ડિઝે રવિવારે અહીં ભારત સામેની પ્રથમ વનડેમાં સાત વિકેટે ૨૯૫ રન કર્યા હતા. જસ્ટિન ગ્રીવ્સે (૧૦૧ રન) શાનદાર સદી ફટકારી હતી. ■

# અંકુશ અને પરવીન એશિયન ગેમ્સમાં સેમિફાઇનલમાં પહોંચ્યા, બોક્સિંગમાં બે મેડલ પાક્કા

નિશિયો (જાપાન) : ભારતીય બોક્સર અંકુશ પંઘાલ અને પરવીન હુડ્ડાએ રવિવારે અહીં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં પોતપોતાના વજનની કેટેગરીની સેમિફાઇનલમાં પ્રવેશ કરીને દેશ માટે બે મેડલ પાક્કા કર્યા હતા. ગયા મહિને ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર અંકુશે પુરુષોની ૮૦ કિગ્રા. ક્વાર્ટર ફાઇનલમાં તાજિકિસ્તાનના નેક્રુઝ સાલિમોવ સામે ૫-૦થી સર્વસંમતિથી જીત નોંધાવી શરૂઆત કરી હતી. ત્યારબાદ પરવીને ઉઝબેકિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ વિજેતા નવબખોર ખામિદોવાને આ જ અંતરે હરાવીને મહિલાઓની ૬૫ કિગ્રા સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

વર્લ્ડ એન્ટિ-ડોપિંગ એજન્સી દ્વારા તેના સ્થળની જાણકારી આપવામાં નિષ્ફળતા બદલ પ્રતિબંધ મૂક્યા પછી પાછલા રાઉન્ડમાં પરવીનનો બ્રોન્ઝ મેડલ છીનવી લેવામાં આવ્યો હતો. આ હરિયાણા બોક્સરનો પહેલો મુકાબલો હતો કારણ કે અંતિમ રાઉન્ડમાં વોકઓવર મળ્યો હતો. પરંતુ પરવીને શાનદાર પ્રદર્શન કર્યું, ખામિદોવા પર મુક્કાઓનો વરસાદ કરતા શાનદાર પ્રદર્શન કર્યું.

અંકુશે પ્રભાવશાળી પ્રદર્શનથી સાલિમોવ પર દબદબો જાળવી રાખ્યો હતો અને સેમિફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. એશિયન ગેમ્સમાં ડેબ્યૂ કરનાર અંકુશે અંતિમ ચારમાં પ્રવેશ કર્યો અને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાક્કો કરી લીધો હતો.

એશિયન ગેમ્સમાં ડેબ્યૂ કરનાર હરિયાણાના બોક્સરે મજબૂત શરૂઆત કરી અને સીધા ડાબા અને જમણા હૂક જેવા સચોટ મુક્કાઓથી સાલિમોવને દબાણમાં રાખ્યો. સાલિમોવે વળતો પ્રયાસ કર્યો, પરંતુ તેના હુમલાઓમાં દમ નહોતો. પ્રથમ રાઉન્ડમાં તમામ પાંચ જજોનો ચુકાદો અંકુશના પક્ષમાં રહ્યો હતો.

તેણે બીજા રાઉન્ડમાં પણ એ જ ગતિ જાળવી રાખી અને પછી પાંચેય જજોના સ્કોરકાર્ડ પર તે રાઉન્ડ પણ પોતાના નામે કર્યો હતો. ■

## ભારતીય ઍથ્લીટ્સનું શાનદાર પ્રદર્શન

# શ્રીશંકર સહિત પાંચ ખેલાડીઓ ફાઇનલમાં

નાગોયા (જાપાન) લાંબી કૂદના ખેલાડી મુરલી શ્રીશંકર અને ડેવિડ પુથુરાજ સોલોમન અને ૪૦૦ મીટર હર્ડલ (વિઘ્ન) દોડમાં સંતોષ તમિલરસન, વિથ્યા રામરાજ અને અનુ રાઘવને એશિયન ગેમ્સમાં પોતપોતાની સ્પર્ધાની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

શ્રીશંકરે ક્વોલિફિકેશનમાં ૭.૮૪ મીટરનો કૂદકો માર્યો હતો અને બીજા સ્થાન પર રહ્યો હતો જ્યારે પુથુરાજે ૭.૬૨ મીટરના પ્રયાસ સાથે સાતમા સ્થાન પર રહ્યો. બંનેએ પુરુષોની લાંબી કૂદની ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું હતું. પુરુષોની ૪૦૦ મીટર હર્ડલ રેસમાં સંતોષે ૪૯.૬૧ સેકન્ડના સમય સાથે પ્રથમ હીટમાં બીજા સ્થાને રહીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. યશાસ પાલાક્ષા બીજી હીટમાં પ્રથમ હર્ડલ પાર કરતા પહેલા અટકી ગઈ અને દોડ પૂર્ણ કરી શકી નહીં. ભારતીય મહિલા એથ્લેટ્સે પોતપોતાની હીટમાં બીજા સ્થાને રહીને ૪૦૦ મીટર હર્ડલ દોડની ફાઇનલમાં પ્રવેશ કર્યો. વિથ્યાએ ૫૫.૭૩ સેકન્ડના સમયમાં રેસ પૂર્ણ કરી જ્યારે અનુએ ૫૫.૮૪ સેકન્ડમાં અંતર કાપ્યું હતું. તેજસ્વિન શંકર પુરુષોની ડેકાથલોનમાં ૬૫૭૧ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે જ્યારે બે સ્પર્ધાઓ બાકી છે. ■

# તીરંદાજી : ભારતની પુરુષ-મહિલા કમ્પાઉન્ડ ટીમ સેમિફાઇનલમાં

નાગોયા (જાપાન) : એશિયન ગેમ્સમાં તીરંદાજી સ્પર્ધામાં મજબૂત શરૂઆતને કારણે ભારતીય પુરુષ અને મહિલા કમ્પાઉન્ડ ટીમો રવિવારે સેમિફાઇનલમાં પહોંચી હતી. બુધવારે બંને ટીમો સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાનો સામનો કરશે. રિકર્વ અને મિશ્ર ટીમોએ પણ જીત નોંધાવી હતી.

કુશલ દલાલ, સાહિલ જાધવ અને ગણેશ મણિરત્નમની બનેલી પુરુષોની ટીમે રાઉન્ડ ઓફ ૧૬માં યુએઈને ૨૩૫-૨૧૫ અને ક્વાર્ટર ફાઇનલમાં ભૂટાનને ૨૩૫-૨૩૨થી હરાવ્યું હતું. જ્યોતિ સુરેખા વેન્નમ, ચિકિતા તાનીપર્થી અને પ્રિથિકા પ્રદીપની બનેલી મહિલા ટીમે રાઉન્ડ ઓફ-૧૬માં મંગોલિયાને ૨૩૮-૨૨૩ અને ક્વાર્ટર ફાઇનલમાં કઝાકિસ્તાનને ૨૩૩-૨૩૦થી હરાવીને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો. ભારતે ગયા એશિયન ગેમ્સમાં કમ્પાઉન્ડ ઇવેન્ટમાં પાંચેય ગોલ્ડ મેડલ જીત્યા હતા. પુરુષોની રિકર્વ ઇવેન્ટમાં ધીરજ બોમ્મદેવરા અને સંજય ભોગે ફિલિપાઇન્સને ૫-૧ થી હરાવીને વધુ એક વિજય સાથે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. કીર્તિ અને કુમકુમની મહિલા રિકર્વ ટીમે મંગોલિયા અને ચાઇનીઝ તાઈપેઈને ૬-૦ થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. બાદમાં ધીરજ અને કુમકુમની રિકર્વ મિશ્ર ટીમે યુએઈ અને વિયેતનામને ૬-૦ થી હરાવીને સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. સાહિલ જાધવ અને ચિતિકાની કમ્પાઉન્ડ મિશ્ર ટીમે મંગોલિયાને ૧૬૦-૧૪૬ અને કઝાકિસ્તાનને ૧૫૯-૧૫૪ થી હરાવ્યું હતું. ■

# મેડલ-વિજેતા પ્રાચી ચૌધરીનાં દેશપ્રેમને સલામ

## દેશનું ગૌરવ વધાર્યું, રાષ્ટ્રધ્વજ માથે ઓઢયો અને નખ પર તિરંગાના રંગ રંગાવ્યા

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં શનિવારે મહિલાઓની ૪૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ જીતનાર પ્રાચી ચૌધરીએ આ મોટી સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી ભારતનો તિરંગો ઓઢીને તેમ જ રાષ્ટ્રધ્વજ જેવા રંગથી રંગેલા પોતાના નખ બતાવીને અનેરો દેશ પ્રેમ દાખવ્યો હતો.

પ્રાચી આ રોચક દોડમાં ત્રીજા નંબરે આવી હતી. તે ગોલ્ડ મેડલ કે સિલ્વર મેડલ ન જીતી શકી એમ છતાં તેણે ભાવુક થઈને ગર્વ સાથે અને આનંદપૂર્વક રાષ્ટ્રધ્વજ સાથેનો જે પ્રેમ બતાવ્યો એ બદલ સ્પર્ધાના સ્થળે તેમ જ સોશ્યલ મીડિયામાં તેની ખૂબ વાહ-વાહ થઈ છે અને તેના ચાહકો પણ ગર્વ અનુભવી રહ્યા છે.

પ્રાચીએ ૪૦૦ મીટરની રેસ ૫૩.૨૧ સેકન્ડમાં પૂરી કરી હતી. બાહરિનની સલવા નાસેર (૪૯.૨૦ સેકન્ડ) ગોલ્ડ મેડલ જીતી હતી, જ્યારે ઈરાનની ઝહરા ઝેરાઈ મેનોજન (૫૨.૩૮ સેકન્ડ) સિલ્વર મેડલ જીતી હતી.

પ્રાચી ચૌધરી માત્ર પોણી સેકન્ડ માટે સિલ્વર મેડલ ચૂકી ગઈ હતી. ભારતની જ કિરણ પહલ (૫૩.૪૧ સેકન્ડ) પાંચમા નંબરે આવી હતી.

શનિવારે જાપાનમાં વરસાદનું અને ભેજવાળું વાતાવરણ હતું છતાં પ્રાચી હિંમત નહોતી હારી અને પોતાની હરીફાઈ પર એકાગ્રતા જાળવી રાખી હતી. તેણે ભારતને બ્રોન્ઝ મેડલનું ગૌરવ અપાવ્યા પછી પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, 'આ મેડલ જીતીને હું ખૂબ ગર્વ અનુભવી રહી છું. ઘણા લોકો એવી ટકોર કરતા હતા કે હું માત્ર વિઘ્ન દોડમાં જ સારું પર્ફોર્મ કરી શકું છું. જોકે ૪૦૦ મીટરની આ રેસમાં મેડલ જીતીને મેં તેમને ખોટા પાડ્યા છે. મેં વરસાદના વાતાવરણમાં ખૂબ પ્રેક્ટિસ કરી હતી એટલે અહીં મને એવા વાતાવરણમાં દોડવામાં કોઈ તકલીફ નહોતી પડી.'

ઉત્તર પ્રદેશના સહરાનપુર નગરની પ્રાચી ચૌધરી ૩૦ વર્ષની છે. તેના પરિવારે ખૂબ સંઘર્ષ કરીને પ્રાચીને ભારતીય ઍથ્લેટિક્સમાં ટોચના સ્થાન સુધી પહોંચાડી છે. પ્રાચીએ નાનપણમાં સહરાનપુરના રસ્તાઓ પર દોડવાની પ્રેક્ટિસ કરીને સ્થાનિક સ્તરે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. એમાં એક પછી એક દોડ જીતીને તે જિલ્લા તેમ જ રાજ્યસ્તરની અને પછી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેતી થઈ હતી.

પ્રાચી અગાઉથી ભારતને બે એશિયન મેડલ અપાવી ચૂકી છે જેમાં એક સિલ્વર મેડલ છે.

પ્રાચીના પિતા જયવીર સિંહ અને માતા રાજેશ દેવીએ પુત્રી માટે જે બલિદાન આપ્યા એનું સુંદર પરિણામ હવે તેમને જોવા મળી રહ્યું છે. પ્રાચી પર લાખો રૂપિયાના ઇનામની વર્ષા થશે એમાં કોઈ શંકા નથી. ■

# એશિયન ગેમ્સઃ ભારતીય મહિલા હોકી ટીમે સિંગાપોરને ૭-૦થી કચડ્યું, સેમિફાઈનલમાં કોરિયા સામે ટકરાશે

કાકામિગાહારા : સુનેલિતા ટોપ્પોના બે ગોલની મદદથી ભારતીય મહિલા હોકી ટીમે રવિવારે અહીં એશિયન ગેમ્સના અંતિમ પુલ-બી મેચમાં સિંગાપોરને ૭-૦થી હાર આપી હતી. હવે કોરિયા સાથે સેમિફાઇનલ મુકાબલો થશે. પાંચ મેચમાંથી પાંચ જીત સાથે ભારત પુલ-બીમાં ટોચ પર છે. સેમિફાઇનલ હવે ૩૦ સપ્ટેમ્બરે રમાશે.

ભારત તરફથી કેપ્ટન સલીમા ટેટે (૧૭મી મિનિટ), સુનેલિતા (૨૨મી, ૨૪મી), લાલરેમસિયામી (૨૬મી મિનિટ), રુતુજા દાદાશો પિસાલ (૨૯મી મિનિટ), નિક્કી પ્રધાન (૩૫મી મિનિટ) અને દીપિકા (૫૫મી મિનિટ) એ ગોલ કર્યા હતા. ગત ચેમ્પિયન અને વર્તમાન ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીન બીજા સેમિફાઇનલમાં યજમાન જાપાનનો સામનો કરશે.

સિંગાપોરે પહેલા ક્વાર્ટરમાં ભારતને જોરદાર ટક્કર આપી હતી પરંતુ ભારતે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. સિંગાપોરે ભારતના પહેલા આઠ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યા હતા.

બીજા ક્વાર્ટરમાં સલીમાએ ફિલ્ડ ગોલ સાથે ભારતનું ખાતુ ખોલ્યું હતું. ત્યારબાદ સુનેલિતાએ બે ગોલ કર્યા, જ્યારે લાલરેમસિયામી અને રુતુજાએ પણ ગોલ કરીને ભારતને ૫-૦ની લીડ અપાવી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં નિક્કીએ ભારતની લીડ ૬-૦ સુધી લંબાવી હતી. ભારતને સતત પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ તેને કન્વર્ટ કરવામાં નિષ્ફળ ગયા હતા. મેચના અંત પહેલા પાંચ મિનિટ પહેલા દીપિકાએ શાનદાર ફ્લિક સાથે સાતમો ગોલ કર્યો હતો.

ભારતને પહેલા ત્રણ ક્વાર્ટરમાં ૨૪ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ તેમાંથી ફક્ત ત્રણ જ ગોલમાં કન્વર્ટ થયા હતા. મેચના અંત પહેલા પાંચ મિનિટ પહેલા ભારતને સતત બે પેનલ્ટી કોર્નર મળ્યા, જેમાં દીપિકાએ ટીમનો સાતમો ગોલ કર્યો હતો. ■

# હાર્દિક પંડ્યાને માથે પનોતી બેઠી છે, નવી ઈજાને લીધે હવે...

નવી દિલ્હીઃ ભારતનો અનુભવી ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા હવે નવી ઈજાથી પરેશાન છે અને તેને ઓછામાં ઓછા ત્રણ અઠવાડિયા આરામ કરવાની સલાહ અપાઈ છે. એવું મનાય છે કે તે આવતા મહિને ન્યૂ ઝીલૅન્ડમાં રમાનારી ટી-૨૦ તેમ જ વન-ડે સિરીઝમાંથી કોઈ એક શ્રેણીમાં અથવા બન્ને શ્રેણીમાં કદાચ નહીં રમી શકે.

હાર્દિકને જમણા પગના આગળના ભાગના સ્નાયુઓ દુખે છે જેને લીધે તે ત્રણ અઠવાડિયા સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર રહેશે. આવતા મહિને (છઠ્ઠી ઑક્ટોબરે) પુડુચેરીમાં ઑસ્ટ્રેલિયા-એ સામે શરૂ થનારી બિનસત્તાવાર વન-ડે સિરીઝ માટેની ઇન્ડિયા-એ ટીમમાં હાર્દિકને સામેલ કરવામાં આવ્યો હતો, પણ હાર્દિક એ શ્રેણીમાં નહીં રમે.

ઋતુરાજ ગાયકવાડ ઇન્ડિયા-એ ટીમનો કૅપ્ટન છે અને એ ટીમના પેસ બોલર્સમાં યશ ઠાકુર, અર્શદ ખાન, ગુર્જપનીતસિંહ, આર્શિન કુલકર્ણીનો સમાવેશ છે.

ન્યૂ ઝીલૅન્ડ ખાતેના પ્રવાસ પહેલાં હાર્દિક વન-ડે મૅચમાં ૧૦ ઓવર બોલિંગ કરી શકે છે કે નહીં એની ચકાસણી ઑસ્ટ્રેલિયા-એ સામેની બિનસત્તાવાર વન-ડે શ્રેણીમાં થવાની હતી, પણ હવે તે એ શ્રેણીમાં નહીં રમી શકે એટલે તેની ફિટનેસ વિશે નવેસરથી કાર્યક્રમ નક્કી કરવામાં આવશે.

બીસીસીઆઇની મેડિકલ પૅનલના ચીફ ડૉ. દિનશા પારડીવાલાએ હાર્દિકના મેડિકલ રિપોર્ટ જોયા છે અને તેઓ જાપાનથી પાછા આવશે ત્યારે નક્કી કરશે કે હાર્દિક ફરી રિહૅબિલિટેશન ક્યારથી શરૂ કરવું. ન્યૂ ઝીલૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝ બાવીસમી ઑક્ટોબરે શરૂ થશે અને ત્યાર પછી વન-ડે શ્રેણી રમાશે. હાર્દિક ત્યાં સુધીમાં કમબૅક કરશે એની સંભાવના નથી. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દાબ | શામક |
| દારિદ્રય | શેઠ |
| દાસ | નિરંકુશ |
| દાહક | અદ્વેષી |
| દાઝીલું | વૈભવ |

## માતૃભાષાની મહેક

મનુષ્ય સ્વભાવનું પ્રતિબિંબ પાડતી પંક્તિઓ છે ભલો ભલાઈ ના ત્યજે, દુષ્ટ ન ચૂકે દાવ, ચંદનને સળગાવતાં પ્રગટે શુભ સ્વભાવ. અન્યનું કાયમ ઈષ્ટ ઈચ્છતા લોકો કાયમ એમના સ્વભાવને વળગી રહે છે. એ સ્વભાવ આજીવન એમની સાથે રહે છે. એટલે જ કહેવાય છે કે બધું બદલાય, પણ સ્વભાવ ન બદલાય.

## ગુજરાત મોરી મોરી રે

સોલંકી રાજા સિદ્ધરાજે હીરો સલાટની મદદથી બંધાવેલો ઐતિહાસિક કિલ્લો કયા શહેરમાં સ્થિત છે એ જાણો છો ?

અ) અંજાર
બ) ગોંડલ
ક) ડભોઈ
ડ) કલોલ

## ઈર્શાદ

*કંઈ પણ કરી શકાય છે તારા વિચારમાં,*
*કંઈ પણ થતું નથી હવે તારા વિચારમાં.*
*- જવાહર બક્ષી*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | | ૪ | | ૫ |
| | | ૬ | | | | ૭ | | | |
| ૮ | ૯ | | | ૧૦ | ૧૧ | | ૧૨ | ૧૩ | |
| | | | ૧૪ | | | | | | |
| ૧૫ | | | ૧૬ | ૧૭ | | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | ૨૧ | | | ૨૨ | | ૨૩ | | | |
| | | | | | | | | ૨૪ | |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | ૨૮ | | ૨૯ | | ૩૦ |
| | | ૩૧ | | | ૩૨ | | | | |
| ૩૩ | | | | ૩૪ | | | ૩૫ | | |

### આડી ચાવી

૧. આકાશમાં ફરનારું પક્ષી (૩)
૩. ગુમાન, અભિમાન (૨)
૪. શુદ્ધ સોનું (૩)
૬. વાંદરા, સાપ વગેરેનો ખેલ બતાડનાર (૩)
૭. નર્મદા (૨)
૮. સિંહાસન, રાજગાદી (૩)
૧૦. મા (૨)
૧૨. ગૂંગળામણ (૩)
૧૬. ફતેહ (૩)
૧૮. નગુણું, કૃતઘ્ન (૩)
૨૦. જાળીયું, બાકોરું (૩)
૨૨. વાતવાતમાં રોઈ પડે એવું (૩)
૨૫. પડતી (૩)
૨૭. અવાજ, ધ્વનિ (૨)
૨૯. ખર્ચ (૩)
૩૧. લોહી (૨)
૩૨. વીજળી, લક્ષ્મી (૩)
૩૩. કદરૂપું, બેડોળ (૩)
૩૪. શુદ્ધિ, હોશ (૨)
૩૫. અચૂક, નિષ્ફળ ન જાય તેવું (૩)

### ઊભી ચાવી

૧. દાન, સખાવત (૩)
૨. ખેલ, ક્રીડા (૩)
૩. મોટાઈ, પૌઢતા (૩)
૪. અપરિણીત (૩)
૫. ચક્ષુ, આંખ (૩)
૯. નાખુશ, ક્રોધાયમાન (૨)
૧૧. મોટું મકાન, હવેલી (૪)
૧૩. ઢોંગ, ખાલી ધામધૂમ (૩)
૧૪. બેવકૂફ, મૂર્ખ (૨)
૧૫. --- અને શત્રુને ઊગતાં જ ડામવા (૨)
૧૭. પરબારું (૪)
૧૯. માથું (૨)
૨૧. વગાડાયેલું (૩)
૨૩. ધ્યેય (૨)
૨૪. કબર (૨)
૨૫. મુકામ (૩)
૨૬. નીરોગી (૩)
૨૮. કોલ, પ્રતિજ્ઞા (૩)
૨૯. ખતમ (૩)
૩૦. પંચાત (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ૨ દા | સી | ૩ ન | | | ૪ મે | જ | ૫ બા | ૬ ન |
| ૭ પે | ઢી | | ૮ ખે | ર | ૯ ખા | હ | | ૧૦ કા | ગ |
| ક્ષા | | ૧૧ જી | ત | | રે | | ૧૨ કો | ત | ર |
| | ૧૩ આ | | ૧૪ ર | ૧૫ ક્ષ | ક | | શી | | |
| ૧૬ ભૂ | ખ | | | તિ | | ૧૭ ઓ | ર | ૧૮ મા | ૧૯ ન |
| ૨૦ ત | ર | ૨૧ ક | ટ | | ૨૨ ઘા | | | ૨૩ ખ | ગ |
| | | પુ | | ૨૪ મો | સ | ૨૫ મ | | ણ | |
| ૨૬ સુ | ૨૭ પ્ર | ત | | હ | | ૨૮ ધુ | રા | | ૨૯ પ્ર |
| ૩૦ લે | ખ | | ૩૧ બે | ક | સૂ | ર | | ૩૨ જ | યા |
| ૩૩ હ | ર | ઘ | ડી | | | ૩૪ પ | રા | ય | ણ |

## ઓળખાણ પડી?



શીખ ગુરુ શ્રી ગોવિંદ સિંહનું જન્મસ્થાન છે એ તખ્ત શ્રી પટના સાહિબ (શ્રી હરમંદિરજી) ક્યાં છે એની ઓળખાણ પડી?

અ) રાજકોટ બ) પટના ક) અમૃતસર ડ) જાલંધર

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'બેઠો શીશ ઢાળી ગોઠણે' પંક્તિમાં શીશનો અર્થ શું થાય એ જણાવો.

અ) આંખ બ) અરીસો ક) ચહેરો ડ) માથું

## માઈન્ડ ગેમ

ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં પોઢેલા અવસ્થામાં કરવટ બદલતા હોવાથી ઓળખાતી પરિવર્તિની એકાદશી કયા મહિનામાં આવે છે?

અ) ફાગણ બ) માગશર ક) મહા ડ) ભાદરવો

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | | | | | ૩ | | |
| | | ૨ | | ૮ | ૬ | | | |
| ૪ | ૫ | | | | ૩ | | | |
| ૫ | ૬ | ૭ | | | | | | |
| | | ૪ | ૬ | | ૨ | ૫ | | |
| | | | | | | ૯ | ૬ | ૮ |
| | | | ૯ | | | | ૪ | ૩ |
| | | | ૪ | ૭ | | ૨ | | |
| | | ૧ | | | | | ૮ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૨ | ૧ | ૫ | ૪ | ૮ | ૬ | ૭ |
| ૧ | ૭ | ૫ | ૬ | ૨ | ૮ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૬ | ૮ | ૩ | ૭ | ૯ | ૨ | ૧ | ૫ |
| ૮ | ૯ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૬ | ૧ | ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૪ | ૮ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ | ૧ |
| ૨ | ૫ | ૧ | ૯ | ૬ | ૭ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૪ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૭ | ૪ | ૬ | ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| દાતા | યાચક |
| દાન | ભેટ |
| દાની | કંજૂસ |
| દાનવ | દેવ |
| દાદાગીરી | ભાઈબાપા |

**ગુજરાત મોરી મોરી રેઃ** ચાણોદ

**ઓળખાણ પડી?** ઉત્તર પ્રદેશ

**માઈન્ડ ગેમ :** આસો

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** મૂડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) મુલરાજ કપૂર (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નંદલાલ અ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) વિણા સંપટ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી

# જાહેર શૌચાલયમાં ઝેરી રસાયણને કારણે શ્વાસ રૂંધાઇ જવાથી બે યુવકનાં મોત









મુંબઈના ગોરેગાંવ (પૂર્વ) માં પૂજા ગેરેજ કમ્પાઉન્ડમાં જાહેર શૌચાલયમાં કેમિકલના ધુમાડાને કારણે બે યુવાનના શ્વાસ રૂંધાવાથી મૃત્યુ થયા. આ ઘટના પછી, ફોરેન્સિક નિષ્ણાતોની એક ટીમ નમૂનાઓ એકત્રિત કરી રહી હતી. મુંબઈ પોલીસે ફાયર બ્રિગેડ અને બીએમસી અધિકારીઓ સાથે ઘટનાસ્થળે તપાસ માટે વ્યવસ્થા કરી હતી. આ ઘટનામાં પ્રભાકર ઘનીવર અને ભાવિન દેસાઈના મોત થયા હતા. (અમય ખરાડે)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરમાં જાહેર શૌચાલયમાં ઝેરી રસાયણની ગંધને કારણે શ્વાસ રૂંધાઇ જવાથી બે યુવકનાં મૃત્યુ થયાં હોવાની આઘાતજનક ઘટના બની હતી. વનરાઇ પોલીસ સ્ટેશનમાં આ મામલે એડીઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરાઇ હતી.

મહાનગરપાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર રામ મંદિર પૂર્વ વિસ્તારમાં પારસી પંચાયત ગેટની સામે મૃણાલતાઇ ફ્લાયઓવર નજીક જાહેર શૌચાલયમાં રવિવારે મળસકે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બંને યુવકની ઓળખ ભાવિન દેસાઇ (૧૮) અને પ્રભાકર ધાનિવર (૨૪) તરીકે થઇ હતી. રામ મંદિર રેલવે સ્ટેશન પૂર્વના શિવશંકર નગરમાં સ્થાનિક ગણેશ મંડળના છ સભ્ય તથા ભાવિન અને પ્રભાકર રવિવારે મળસકે મંડપ ખોલવાનું કામ કરી રહ્યા હતા. ભાવિન અને પ્રભાકર ત્યાર બાદ જાહેર શૌચાલયમાં ગયા હતા. પંદર મિનિટ વીતી ગયા છતાં તેઓ પાછા ન ફરતાં અન્ય સભ્યો તેમને જોવા માટે ગયા ત્યારે તેઓ બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. બંને જણને સારવાર માટે ટ્રોમા કેર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બંનેના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલાયા હતા અને તેના અહેવાલ બાદ મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ, અગ્નિશમન દળ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, મહારાષ્ટ્ર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અને પાલિકાના વોર્ડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી. ■

સાવધાન!

# નવરાત્રિમાં 'રેન્ટ એ ગરબા પાર્ટનર'ના નામે ઓનલાઇન ફ્રોડ

## ક્યુઆર કોડ સ્કેન કે એપીકે ડાઉનલોડ કરશો નહીં

મુંબઈ: ગણેશોત્સવ બાદ હવે ટૂંક સમયમાં જ નવરાત્રિની તૈયારીઓ શરૂ થશે અને ગરબાના તાલે ઘુમવા માટે યુવાપેઢીમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ તહેવારોની આ ઉમંગ અને લાગણીઓની આડમાં સાયબર ઠગોએ લોકોને છેતરવા માટે એક અત્યંત વિચિત્ર અને નવો કીમિયો અપનાવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ (Instagram, Facebook અને WhatsApp) પર હાલ 'રેન્ટ એ ગરબા પાર્ટનર'ના નામે આકર્ષક પોસ્ટરો અને મેસેજ ઝડપથી વાઇરલ થઈ રહ્યા છે.

આ જાહેરાતોમાં દાવો કરવામાં આવે છે કે જો તમારી પાસે ગરબા રમવા માટે કોઈ સાથી (પાર્ટનર) નથી, તો તેઓ તમને પસંદગી મુજબ ગરબા પાર્ટનર ભાડે અપાવશે. આ આકર્ષક જાળ પાછળ રૂપિયા ૧૦૦૦થી લઈને રૂપિયા ૬૦૦૦ સુધીની છેતરપિંડી આચરવામાં આવી રહી છે, જેને લઈને પોલીસે નાગરિકો માટે સત્તાવાર એડવાઈઝરી જાહેર કરી છે.

સોશિયલ મીડિયા પર પ્રમોટ કરાતા આ પોસ્ટરોમાં 'સિલ્વર', 'ગોલ્ડ' અને 'પ્લેટિનમ' જેવી લલચામણી કેટેગરી બનાવવામાં આવે છે. દરેક કેટેગરી મુજબ રૂપિયા ૧૦૦૦થી માંડીને રૂપિયા ૬૦૦૦ સુધીની ફી વસૂલવામાં આવે છે. જેવો કોઈ યુવક કે યુવતી રસ દાખવી સંપર્ક કરે, એટલે ઠગો તેમને વ્યક્તિગત વિગતો પૂછે છે અને ગરબા પાર્ટનર બુક કરવા માટે તાત્કાલિક UPI/QR કોડ મોકલી પૈસા ટ્રાન્સફર કરવા કહે છે. યુઝર એકવાર પૈસા ચૂકવી દે તે પછી ઠગો ફોન બંધ કરી દે છે અથવા વોટ્સએપ પર બ્લોક કરી દે છે. પરિણામે, ગરબા પાર્ટનર તો મળતો જ નથી, પરંતુ મહેનતની કમાણી સીધી સાયબર ગુનેગારોના ખિસ્સામાં જતી રહે છે.

ફિશિંગ લિંક અને શંકાસ્પદ એપીકે ફાઇલથી બેંક એકાઉન્ટ ખાલી થવાનું મોટું જોખમ:

માત્ર પૈસા પડાવવા પૂરતું જ આ મર્યાદિત નથી; ઠગો ગરબા પાર્ટનરની પ્રોફાઇલ પસંદ કરવાના બહાને શંકાસ્પદ એપીકે ફાઇલ (એપ) ડાઉનલોડ કરવાની લિંક કે ફિશિંગ વેબસાઇટની લિંક મોકલે છે. યુઝર જેવો આ અજાણી APK ફાઇલ પોતાના મોબાઇલમાં ઈન્સ્ટોલ કરે કે તરત જ ફોનનો કંટ્રોલ હેકર્સના હાથમાં જતો રહે છે. તેનાથી બેંકિંગ પાસવર્ડ, અંગત તસવીરો અને OTP ચોરી થઈને આખું બેંક એકાઉન્ટ ખાલી થઈ શકે છે.

પોલીસે આપી ચેતવણી:

પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે તહેવારોની મોસમમાં લોકોની લાગણી અને ઉત્સાહનો ગેરફાયદો ઉઠાવવા સાયબર ઠગો દર વખતે નવી યુક્તિઓ શોધે છે.

ગરબા ઉત્સવની લોકપ્રિયતાને વટાવી ખાવા માટે 'રેન્ટ એ ગરબા પાર્ટનર' નો આ નવો ટ્રેન્ડ શરૂ કરવામાં આવ્યો છે. પોલીસે લોકોને અપીલ કરી છે કે સોશ્યલ મીડિયા પર દેખાતા આવા કોઈપણ ભ્રામક અને લલચામણા દાવાઓ પર આંધળો વિશ્વાસ ન કરવો. ■

# મુંબઈથી હૈદરાબાદ હવે માત્ર ત્રણ કલાકમાં: નવો હાઈસ્પીડ રેલ કોરિડોર શરૂ થશે

મુંબઈ/નવી દિલ્હી: મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન બાદ હવે મુંબઈથી પુણે થઈને હૈદરાબાદ સુધી હાઈસ્પીડ રેલ કોરિડોર બનાવવાની તૈયારીઓએ જોર પકડ્યું છે. મુંબઈ-પુણે-હૈદરાબાદ અને હૈદરાબાદ-ચેન્નઈ હાઈસ્પીડ રેલવે કોરિડોરનું અલાઈનમેન્ટ નક્કી થઈ ગયું છે અને જમીનસંપાદન પહેલાંની સંયુક્ત સર્વેની પ્રક્રિયા આગળ વધારવામાં આવી રહી છે.

મુંબઈ-પુણે-હૈદરાબાદ કોરિડોરની લંબાઈ આશરે ૭૧૧થી ૭૬૭ કિલોમીટર રહેવાની શક્યતા છે. હાલ મુંબઈથી હૈદરાબાદની ટ્રેન મુસાફરીમાં ૧૨થી ૧૪ કલાકનો સમય લાગે છે, જ્યારે પ્રસ્તાવિત હાઈસ્પીડ ટ્રેનથી આ અંતર આશરે ૩ કલાકમાં કાપવાનું લક્ષ્ય છે. ટ્રેનની ડિઝાઇન સ્પીડ ૩૫૦ કિમી. પ્રતિ કલાક અને ઓપરેશનલ સ્પીડ ૩૨૦ કિમી. પ્રતિ કલાક રાખવાની યોજના છે. આ કોરિડોરમાં મુંબઈના બીકેસી અને નવી મુંબઈ બાદ લોનાવાલા, પિંપરી-ચિંચવડ, પુણે, બારામતી, પંઢરપુર અને સોલાપુર જેવા સ્થળોને જોડવાનો પ્રસ્તાવ છે. ત્યારબાદ કર્ણાટકના કાલબુર્ગી અને તેલંગણાના વિકારાબાદ, ઝહીરાબાદ થઈને શમશાબાદ ખાતે હાઈસ્પીડ રેલ હબ બનાવવાની યોજના છે. શમશાબાદમાં લગભગ ૫૦૦ એકરના મેગા ટર્મિનલ દ્વારા મુંબઈ, ચેન્નઈ અને બેંગ્લુરું તરફના કોરિડોરને જોડવાની યોજના છે.

આ સાથે હૈદરાબાદ-ચેન્નઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પણ વિકસાવવામાં આવી રહ્યો છે. ■

### આઈઆઈટી બોમ્બે સુસાઇડ કેસ

# મૃતક સાહિલ વાકોડેના પિતા આજથી આઝાદ મેદાનમાં આંદોલન શરૂ કરશે

મુંબઈ: પવઇમાં આઇઆઇટી બોમ્બે ખાતે આત્મહત્યા કરનારા વિદ્યાર્થી સાહિલ વાકોડેના પિતા રવીન્દ્ર વાકોડે સોમવારથી દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં આંદોલન શરૂ કરશે અને પુત્રના મૃત્યુ માટે જવાબદાર લોકોને સજા ન મળે ત્યાં સુધી પોતાના ઉપવાસ ચાલુ રાખશે.

'મને કોઇ પરવા નથી, ભલે મારી ધરપકડ થાય. મારા પુત્રને બંધારણીય રીતે ન્યાય મળવો જોઇએ. આ રાજ્ય છત્રપતિ શિવાજી, ફુલે, શાહુ અને આંબેડકરનું છે. હું મારું વિરોધ પ્રદર્શન આઝાદ મેદાનમાં શરૂ કરીશ. હું ન્યાય માટે મારી લડત ચાલુ રાખીશ, એમ તેમણે જણાવ્યું હતું. ■

# મતોની ચોરી નથી થઇ, રાહુલ ગાંધીનું મગજ ચોરાઈ ગયું છે!

## ચૂંટણી પંચને નિશાન બનાવીને અરાજકતા લાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે: ફડણવીસ

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે વિપક્ષના મત ચોરીના આરોપને પાયાવિહોણા ગણાવ્યા અને કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓમાં જનતાનો વિશ્વાસ નબળો પાડવાનો અને ''અરાજકતા અને અંધાધૂંધી'' ના બીજ વાવવાનો આરોપ લગાવ્યો.

પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે ચૂંટણી પેનલમાં મતભેદ હોવાનો આરોપ લગાવતા મીડિયા અહેવાલોને ફગાવી દીધા અને ભારપૂર્વક જણાવ્યું કે ત્રણેય ચૂંટણી કમિશનરોએ શનિવારે એક સંયુક્ત પ્રેસ નિવેદનમાં સ્પષ્ટતા કરી હતી કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન અંગેના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. તેમણે વધુમાં કટાક્ષ કર્યો કે મતોની ચોરી નથી થઇ, પણ રાહુલ ગાંધીનું મગજ જરૂર ચોરાઈ ગયું છે! તેમના ચોરાયેલા મગજને શોધી કાઢવા એક સમિતિની નિમણૂક કરવાની હું વડા પ્રધાનને અરજ કરું છું, જેથી તેઓ દેશહિતમાં પણ બોલી શકે. રાહુલ ગાંધી લોકોના મનમાં એવો ભય ઊભો કરી રહ્યા છે કે, સંવિધાન સ્થાપિત દેશની સંસ્થાઓ તેમને ન્યાય અપાવી નહીં શકે. તેઓ ચૂંટણી પંચ, સુપ્રીમ કોર્ટ, આરબીઆઇ, કેગ વગેરે દરેક સંસ્થા પર સવાલ ઉઠાવી રહ્યાં છે. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું કે ચૂંટણી પંચના નિર્ણયો સર્વસંમતિથી લેવાયેલા હતાં અને તેમાં કોઈ વિરોધ નહોતો. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીની નીતિ એ છે કે જો તમે લોકોને સમજાવી ન શકો તો તેમને મૂંઝવી નાખો.

ધ ઇન્ડિયન એક્સપ્રેસ દ્વારા તાજેતરમાં કરાયેલી તપાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે બે ચૂંટણી કમિશનરોએ ૧૦ મહિનામાં ઓછામાં ઓછા ૧૪ વખત એસઆઇઆર પ્રક્રિયાના સંચાલન સામે ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો, ત્યારબાદ કૉંગ્રેસ અને અન્ય ઘણા પક્ષો અને સંગઠનોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરી છે. (પીટીઆઈ) ■

થાણેમાં સેક્સ રેકેટ

# પાંચ ફિલ્મ, ૧૦ વેબસિરીઝમાં કામ કરી ચૂકેલી અભિનેત્રીની ધરપકડ

થાણે: થાણે પોલીસના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલે સેક્સ રેકેટનો પર્દાફાશ કરીને અભિનેત્રીની ધરપકડ કરી હતી, જ્યારે બે મહિલાનો છુટકારો કરાવ્યો હતો. અભિનેત્રીએ ત્રણ ભોજપુરી સહિત પાંચ ફિલ્મ અને ૧૦ વેબસીરિઝમાં કામ કર્યું છે.

થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારના પડવળ નગરમાં આવેલ હોટેલ સાઇ ટચ બાર એન્ડ રેસ્ટોરાંમાં દેહવ્યાપાર માટે અમુક મહિલા તથા યુવતીઓને લાવવામાં આવવાની હોવાની માહિતી પોલીસને મળી હતી. આથી પોલીસની ટીમે શનિવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન અભિનેત્રી બપોરે બાર એન્ડ રેસ્ટોરાંમાં આવતાં પોલીસે તેને તાબામાં લીધી હતી અને બે મહિલાનો ત્યાંથી છુટકારો કરાવ્યો હતો, જેને દેહવ્યાપારમાં ધકેલાઇ હતી. બંને મહિલાને ત્યાર બાદ સુધારગૃહમાં મોકલી આપવામાં આવી હતી.

શ્રીનગર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે અભિનેત્રી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેની ધરપકડ કરાઇ હતી. અભિનેત્રી કેટલાક સમયથી સેક્સ રેકેટ ચલાવી રહી હતી. ■

# મુંબઈની લોકલ ટ્રેનમાં મરાઠી ભાષા મુદ્દે વિવાદ: મહિલાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી

મુંબઈ: મુંબઈની લોકલ ટ્રેનના લેડીઝ કોચમાં ભાષાને લઈને બે મહિલાઓ વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે. આ સમગ્ર વિવાદની શરૂઆત મરાઠી ભાષા બોલવા મુદ્દે શરૂ થઈ હતી અને બાદમાં બંને મહિલાઓ વચ્ચે ઉગ્ર શાબ્દિક વિવાદ થયો હતો.

વાઇરલ વીડિયોમાં મરાઠી બોલતી એક મહિલા બીજી મહિલાને મરાઠીમાં વાત કરવા અથવા ઉત્તર પ્રદેશ પાછા જવા માટે કહેતી હોવાનું જોવા મળ્યું હતું, જ્યારે તેના જવાબમાં બીજી મહિલા 'અમે કેમ જઈએ, તમે યુપી જાઓ' એવું કહેતી સંભળાય છે ત્યાર બાદ બંને વચ્ચે અપશબ્દોનો પણ ઉપયોગ થયો હોવાનો અહેવાલ છે.

વાઇરલ વીડિયો અનુસાર, ભાષાના મુદ્દે શરૂ થયેલો વિવાદ થોડી જ વારમાં ઉગ્ર બની ગયો હતો. કોચમાં હાજર અન્ય મુસાફરો પણ ઘટનાને જોતા જોવા મળ્યા હતા અને કેટલીક મહિલાઓએ વિવાદમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાતા મુંબઈમાં ભાષાને લઈને ચર્ચાએ ફરી જોર પકડ્યું છે. જોકે, આ વિવાદ કઈ લોકલ ટ્રેનમાં અને કયા સ્ટેશન પાસે થયો હતો તેની ચોક્કસ માહિતી હજુ સામે આવી નથી. ઉપરાંત, વિવાદનું મૂળ કારણ શું હતું અને ઘટનાને લઈને કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે કે નહીં તે અંગે પણ સ્પષ્ટતા થઈ નથી. મુંબઈની લોકલ ટ્રેનમાં મરાઠી ભાષાને લઈને અગાઉ પણ આવા વિવાદોના વીડિયો સામે આવ્યા છે. જુલાઈ ૨૦૨૬માં પણ એક મુસાફર અને ટિકિટ ચેકર વચ્ચે મરાઠી ભાષાને લઈને થયેલા કથિત વિવાદનો વીડિયો વાઇરલ થયા બાદ રેલવે અધિકારીઓએ પ્રાથમિક તપાસ શરૂ કરી હતી. જોકે, તે મામલામાં પણ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા દાવાઓની સત્તાવાર પુષ્ટિ થઈ નહોતી.

અહીં એ જણાવવાનું કે જૂન મહિનામાં મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર રેલવેના ઈન્કવાયરી કાઉન્ટર પર પ્રવાસી અને કર્મચારી વચ્ચે મરાઠી ભાષાને લઈ વિવાદ થયો હતો. ■

### વિધાન પરિષદની પુણે બેઠક

# ભાજપના ઉમેદવારોના નામ બે દિવસમાં જાહેર થશે, મહાયુતિમાં હિલચાલ તેજ

પુણે: મહારાષ્ટ્ર વિધાન પરિષદની પુણે વિભાગની ગ્રેજ્યુએટ અને ટીચર મતદાર બેઠકની ચૂંટણીને લઈને મહાયુતિમાં રાજકીય હલચલ ગરમાઈ છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા અને ઉચ્ચ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું કે પુણે ગ્રેજ્યુએટ અને ટીચર મતદારસંઘ માટે ભાજપના ઉમેદવારોના નામ આગામી બે દિવસમાં નક્કી કરવામાં આવશે.

ચંદ્રકાંત પાટીલે કહ્યું કે બંને બેઠકો લાંબા સમયથી ભાજપનો ગઢ રહી છે, પરંતુ તેનો અંતિમ નિર્ણય મહાયુતિના વરિષ્ઠ નેતૃત્વ દ્વારા લેવામાં આવશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર વચ્ચે ચર્ચા બાદ ઉમેદવારો અંગે અંતિમ નિર્ણય થવાની શક્યતા છે. નેતૃત્વ જે નિર્ણય લેશે તે સ્વીકાર્ય રહેશે, એવું પાટીલે જણાવ્યું.

પુણે વિભાગ ગ્રેજ્યુએટ મતદારસંઘમાં પુણે ઉપરાંત સાતારા, સાંગલી, સોલાપુર અને કોલ્હાપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ બેઠક પર વર્તમાન ધારાસભ્ય અરુણ લાડનો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી ચૂંટણી યોજાઈ રહી છે. ■

# દુકાળ પીડિત ખેડૂતોની પડખે કેન્દ્ર સરકાર ઊભી છે; શક્ય બધી મદદ કરીશું; શિવરાજસિંહ ચૌહાણ

નાગપુર: કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે દેશ આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરોનો સામનો કરી રહ્યો છે અને કેન્દ્ર સરકાર વિવિધ રાજ્યોમાં દુષ્કાળ તથા પૂરથી પ્રભાવિત ખેડૂતોને તમામ શક્ય સહાય પૂરી પાડશે.

શનિવારે નાગપુરમાં ચૌહાણે કહ્યું કે, ઓછા વરસાદ દરમિયાન ટૂંકા ગાળામાં યોગ્ય પાક ઉગાડવા અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે રાજ્યો સાથે મળીને વૈકલ્પિક યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી. આ સાથે જ બીજ બેંકો અને વૈકલ્પિક વ્યવસ્થાઓ પણ ઊભી કરવામાં આવી છે અને રાજ્ય સરકારોને જરૂરી સૂચનાઓ કે સલાહ પણ આપવામાં આવી છે.

મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ૭૪ ટકા વિસ્તારમાં દુષ્કાળ જાહેર કર્યો છે. ચૌહાણે કહ્યું કે તેમનું મંત્રાલય દુષ્કાળની સ્થિતિ અંગે મહારાષ્ટ્ર સરકારના સતત સંપર્કમાં છે. તેમણે જણાવ્યું કે અસરગ્રસ્ત જિલ્લાઓ માટે યોજનાઓ તૈયાર છે. તેમણે ઉમેર્યું કે, આપણે આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરો જોઈ રહ્યા છીએ અને આપણે તેનો સામનો કરવો પડશે. અમે બે પ્રકારના પગલાં લઈ રહ્યા છીએ. પ્રથમ, દુષ્કાળનો સામનો કરી રહેલા વિસ્તારો માટે, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને અન્ય સંબંધિત સંસ્થાઓએ દરેક જિલ્લા માટે આકસ્મિક યોજનાઓ તૈયાર કરી છે. તે યોજનાઓ રાજ્ય સરકારોને જણાવાય છે અને જિલ્લાઓને જાણ કરાય છે. જો વરસાદ ઓછો પડે, તો આ યોજનાઓ ખેડૂતોને માર્ગદર્શન આપે છે કે કયા પાક ઓછા સમયમાં ઉગાડી શકાય છે, કયા પાકને ઓછા પાણીની જરૂર પડે છે અને કયા પગલાં લેવા જોઈએ, એમ ચૌહાણે કહ્યું. તેમણે જણાવ્યું કે મંત્રાલયે 'સીડ બેંક' પણ સ્થાપી છે.(પીટીઆઈ) ■

# હાર બાદ જ વિપક્ષ ચૂંટણી પંચ અને ઈવીએમ પર સવાલ ઉઠાવે છે: શિંદે

મુંબઈ : મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરનારા વિપક્ષ પર પ્રહારો કર્યા હતા.

પત્રકારો સાથે સંવાદમાં વિપક્ષ પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવતા, શિંદેએ કહ્યું કે કૉંગ્રેસ અને તેના સહયોગીઓ ચૂંટણીમાં હાર્યા પછી જ ચૂંટણી પંચ અને ઈવીએમની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવે છે. તેમણે તેલંગણા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને કેરળના ઉદાહરણ આપ્યા હતા. તેમણે યાદ અપાવ્યું કે, ઇવીએમની શરૂઆત કૉંગ્રેસના શાસનકાળમાં જ થઇ હતી. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં તાજેતરમાં પ્રગટ થયેલા સમાચારમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચૂંટણી પંચ દ્વારા એસઆઇઆર પ્રક્રિયાના સંચાલન અંગે બે ચૂંટણી કમિશનરોએ ૧૦ મહિનામાં ઓછામાં ઓછી ૧૪ વખત ઔપચારિક વાંધો ઉઠાવ્યો હતો. આ અહેવાલ બાદ કૉંગ્રેસ અને અન્ય કેટલાક પક્ષો તથા સંગઠનો દ્વારા કુમારને હટાવવાની માગ કરવામાં આવી રહી છે. ■

# મહારાષ્ટ્રમાં એસઆઈઆર બાદ ત્રણ કરોડ મતદારોનાં નામ યાદીમાંથી દૂર થઈ શકે છે: રોહિત પવારનો દાવો

મુંબઈ : એનસીપી (એસપી)ના ધારાસભ્ય રોહિત પવારે રવિવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં મતદાર યાદીની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઆર) પ્રક્રિયા દરમિયાન ચકાસણીમાં ગેરરીતિઓને કારણે યાદીમાંથી દૂર કરાયેલા મતદારોની સંખ્યા હાલના ૨.૦૭ કરોડથી વધીને લગભગ ૩ કરોડ સુધી પહોંચી શકે છે. પોતાના આ દાવાના સમર્થનમાં તેમણે કહ્યું હતું કે, ચકાસણી હેઠળના ૧.૨૨ કરોડ લોકોમાંથી, કેટલાક લોકો ચોક્કસપણે ગેરલાયક ઠરશે, જેને કારણે આંકડો વધી શકે છે. એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની આકરી ટીકા કરી અને આક્ષેપ કર્યો કે, અગાઉ મતવિસ્તારના સ્તરે રહેલી ચૂંટણી-સંબંધિત સત્તાઓનું ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રીકરણ કરી દેવામાં આવ્યું છે, જેનાથી દિલ્હીથી જ મતદારોના નામ ઉમેરવા કે દૂર કરવામાં આવે છે. પવારે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કેટલાક સ્થળોએ બૂથ-લેવલના અધિકારીઓ (બીએલઓ) એ મતદારોની પ્રત્યક્ષ ચકાસણીને બદલે ''ટેબલ સર્વે'' કર્યા હતા અને માહિતી ભાજપના કાર્યકરો દ્વારા પૂરી પાડવામાં આવી રહી હતી. પવારે જણાવ્યું હતું કે, તેમણે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકાલિંગમ સમક્ષ પુરાવા અને સૂચનો રજૂ કર્યા છે, જેથી એ બાબતની ખરાઈ કરી શકાય કે તેમના કરજત-જામખેડ મતવિસ્તારમાં કેટલાક મતદારોના નામોના કિસ્સામાં ખરેખર ભૌતિક ચકાસણી (ફિઝિકલ વેરિફિકેશન) કરવામાં આવી હતી કે કેમ. એસઆઇઆરની સાથે ડિલીમીટેશન કરવું સંવિધાન અને લોકશાહી માટે ખતરનાક છે એવો દાવો તેમણે કર્યો હતો અને કહ્યું કે ભાજપને લાગે છે કે એ રીતે તેઓ ૨૦૨૯ની સામાન્ય ચૂંટણી જીતી શકશે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ વચ્ચે મહારાષ્ટ્રમાં 'ફોર્મ ૬' દ્વારા ૪૦-૫૦ લાખ મતદારોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રમાં મતદાર યાદીના એસઆઈઆરની મુદત વધારાઈ!

## ૧૨ ઓક્ટોબર સુધી દાવા-વાંધા, ૧૬ નવેમ્બરે અંતિમ યાદી

મુંબઈ: મહારાષ્ટ્રમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનઃનિરીક્ષણ (એસઆઈઆર)ની પ્રક્રિયાને હવે મુદતવધારો આપવામાં આવ્યો છે. ભારતના ચૂંટણી પંચે દાવા અને વાંધા રજૂ કરવાની અંતિમ તારીખ વધારીને ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ કરી છે. મહારાષ્ટ્રની અંતિમ મતદાર યાદી હવે ૧૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલયની વિનંતીને ધ્યાનમાં લઈને ચૂંટણી પંચે આ નિર્ણય લીધો છે. મળેલી નોટિસો, દાવા અને વાંધાઓનો નિકાલ કરવા માટે ૧૦ નવેમ્બર ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ નિર્ણયથી મતદાર યાદીમાં નામ, સરનામું અથવા અન્ય વિગતો સંબંધિત સુધારા કરાવવા ઇચ્છતા નાગરિકોને વધુ સમય મળશે. એસઆઈઆર દરમિયાન 'અનમેપ્ડ' મતદારો અથવા 'લોજિકલ ડિસ્ક્રેપન્સી' એટલે કે તાર્કિક વિસંગતતાના કારણે જેમને નોટિસ આપવામાં આવી છે, તેમના માટે પણ મહત્ત્વની સુવિધા કરવામાં આવી છે. આવા મતદારો પાસેથી જરૂરી દસ્તાવેજો એકત્ર કરવા માટે બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) તેમના ઘરે જશે. દસ્તાવેજો ઘરેથી જ એકત્ર કરવામાં આવવાના હોવાથી સંબંધિત મતદારોએ ચૂંટણી નોંધણી અધિકારી (ઇઆરઓ) અથવા સહાયક ચૂંટણી નોંધણી અધિકારી (એઈઆરઓ)ની કચેરીમાં રૂબરૂ જઈને સુનાવણીમાં હાજર રહેવાની જરૂર રહેશે નહીં. માત્ર અપવાદરૂપ પરિસ્થિતિમાં જ ઓનલાઈન સુનાવણી યોજાશે. આવી સુનાવણીમાં મતદારની તરફથી પરિવારનો કોઈપણ પુખ્ત સભ્ય હાજર રહી શકશે. બેઘર નાગરિકો, મજૂરો, ગરીબ લોકો અને રાત્રિ આશ્રયસ્થાનોમાં રહેતા નાગરિકો માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. મતદાર નોંધણી તથા મતદાર યાદીમાં સુધારા સંબંધિત પ્રક્રિયા સરળ બનાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીઓ જરૂરિયાત મુજબ વિશેષ હેલ્પ ડેસ્ક અને વિશેષ શિબિરોનું આયોજન કરશે. ■

# ઈક્વિટી માર્કેટ પર ભૂરાજકીય તણાવનાં અહેવાલો અને ક્રૂડ તેલના ભાવની વધઘટની અસર જોવા મળશે

નવી દિલ્હીઃ અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાનાં કે યથાવત્ રહેવાના અહેવાલોને ધ્યાનમાં લેતા થનારી ક્રૂડ તેલના ભાવની વધઘટ, ડૉલર ઈન્ડેક્સ સાથે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની વધઘટ, આર્થિક ડેટાઓની જાહેરાત પર રોકાણકારોની નજર રહેશે અને ઈક્વિટી માર્કેટની વધઘટ અવલંબિત રહેશે, એમ વિશ્લેષકોએ જણાવ્યું હતું. જોકે, વર્તમાન સપ્તાહે બીજી ઑક્ટોબરે શુક્રવારે બજાર ગાંધી જયંતી નિમિત્તે બંધ રહેનાર હોવાથી સપ્તાહ દરમિયાન કામકાજના માત્ર ચાર સત્ર જ રહેશે.



વિશ્લેષકોના મતાનુસાર અમેરિકા અને ઈરાનની રાજદ્વારી સ્તરની વાટાઘાટો અને ક્રૂડ તેલના ભાવની વધઘટ બજારનાં મુખ્ય ચાલક બળ રહેશે. વધુમાં ક્રૂડ તેલના ભાવ, ભૂરાજકીય સ્તરે થતાં ફેરફારો અને અમેરિકી બૉન્ડની યિલ્ડની વધઘટની બજાર પર ટૂંકા સમયગાળાની અસર જોવા મળશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે રાજકીય સ્તરે થતી વાટાઘાટોની પ્રગતિ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવા માટેનાં ઉકેલને ધ્યાનમાં લેતા તેની ક્રૂડ તેલના ભાવ પર અસર રહેશે. જો સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખુલવાનો આશાવાદ પ્રબળ બનશે તો ક્રૂડ તેલના ભાવ નીચે આવશે અને ભારતનું આયાત બિલ વધવાનું જોખમ હળવુડ થવાની સાથે ડૉલર સામે રૂપિયા પરનું દબાણ પણ હળવું થશે, એમ રેલિગેર બ્રોકિંગના રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવતાં ઉમેર્યું હતું કે જો ભૂરાજકીય તણાવની ચિંતા સપાટી પર રહેશે તો ચંચળતાનું પ્રમાણ વધતા બજાર દબાણ હેઠળ આવી શકે છે.

વધુમાં આગામી ૨૭-૨૮ ઑક્ટોબરે અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક હોવાથી આગામી સમયગાળામાં અમેરિકી બૉન્ડની યિલ્ડ પર રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે. જો બૉન્ડની યિલ્ડ અને ડૉલરમાં સુધારો થશે તો તેની માઠી અસર ઊભરતી બજારોના મૂડીગત્ પ્રવાહ પર પડશે, અને ઘટાડો થશે તો ભારત સહિતની ઊભરતી બજારોમાં રાહત જોવા મળી શકે છે, જ્યારે સ્થાનિક સ્તરે રોકાણકારોની નજર સપ્તાહ દરમિયાન જાહેર થનારા ઑગસ્ટ મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા અને સપ્ટેમ્બર મહિનાના એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ડેટા પર રહેશે, એમ તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે આ સિવાય બજાર વર્તુળોની નજર વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લે-વેચ અને પહેલી ઑક્ટોબરે જાહેર થનારા ઑટોમોબાઈલના રિટેલ વેચાણના ડેટા પર પણ રહેશે.

સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયાની વધઘટ પણ મહત્ત્વનું પરિબળ રહેશે.

એકંદરે ક્રૂડતેલના આયાતકારોની ડૉલરમાં માગ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્યપ્રવાહ રૂપિયાને દબાણ હેઠળ રાખી રહ્યો છે. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો હાજર બજારમાં સમયાંતરે હસ્તક્ષેપ રહેતાં રૂપિયામાં ચંચળતા ઓછી રહેતી હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થટેક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવતા ઉમેર્યું હતું કે આ સપ્તાહ દરમિયાન અમેરિકાના ઘણાં આર્થિક ડેટાઓની જાહેરાત થનાર છે, જેની વૈશ્વિક જોખમો પર અસર પડતી હોવાથી રોકાણકારોની નજર આર્થિક ડેટાઓ પર પણ મંડાયેલી રહેશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ક્રૂડ તેલના ઊંચા ભાવ અને બૉન્ડની યિલ્ડ ઊંચી સપાટીએ રહી હોવાથી ગત સપ્તાહના મધ્યમાં બજારમાં વેચવાલીનું તીવ્ર દબાણ જોવા મળ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૯૯.૨૨ પૉઈન્ટ અથવા તો ૦.૫૩ ટકા અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨૦૫.૯૦ પૉઈન્ટ અથવા તો ૦.૮૮ ટકા ઘટીને બંધ રહ્યો હતો. જોકે, સપ્તાહના અંતે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૫-૧૦૬ ડૉલરની ઊંચી સપાટીએ રહ્યો હતો.

જો અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં પ્રગતિ થાય અને ભૂરાજકીય જોખમ હળવાં થાય તો ક્રૂડતેલના ભાવ ઘટી શકે છે, પરંતુ જો તણાવ વધે અને ક્રૂડ તેલનો પુરવઠો ખોરવાઈ જવાની ભીતિ સપાટી પર રહે તો ફુગાવાલક્ષી દબાણ વધવાનું જોખમ સર્જાતા તેની બજાર પર માઠી અસર પડી શકે છે, એમ રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થનાં સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્ણને જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં અમેરિકાના ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ ૫.૨ ટકાની ઊંચી સપાટીએ હોવાથી વૈશ્વિક સ્તરે જોખમ લેવાની વૃત્તિ સામે અવરોધક બની રહે છે.

વધુમાં વૅલ્થ મેનેજમેન્ટ કંપની મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે ઑગસ્ટ મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનનાં ડેટા અને રાજકોષીય ખાધના ડેટાની બજાર પર અસર જોવા મળશે, જ્યારે વૈશ્વિક બજાર પર અમેરિકાના કન્ઝ્યુમર કોન્ફિડૅન્સનાં ડેટા, રોજગારીનાં ડેટા અને યુરોઝોનનાં સપ્ટેમ્બર મહિનાના ફુગાવાના ડેટાની અસર જોવા મળે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. ■

# રોકાણના પસંદગીના મથક તરીકે ઊભરેલું ઉત્તર પ્રદેશઃ ગોયલ

નવી દિલ્હીઃ સાનુકૂળ ઔદ્યોગિક નીતિઓ અને મોટી કંપનીઓને આકર્ષવાની ક્ષમતાને કારણે ઉત્તર પ્રદેશ રોકાણ માટે પસંદગીના મથક તરીકે ઊભરી આવ્યું હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું.

અત્રે ગ્રેટર નોએડામાં આયોજિત યુપી ઈન્ટરનેશનલ ટ્રેડ શૉને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે રાજ્યની મહેસૂલી આવકમાં થયેલો વધારો રાજ્યના વિકાસ માટે મદદરૂપ બન્યો છે. રાજ્યમાંથી હાલ વર્ષે રૂ. બે લાખ કરોડની નિકાસ થાય છે અને આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં રૂ. પાંચ લાખ કરોડની નિકાસનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. એકંદરે ઉત્તર પ્રદેશ રોકાણ માટે પસંદગીનું રાજ્ય બનવાનું મુખ્ય કરણ સાનુકૂળ ઔદ્યોગિક નીતિ છે. આથી જ તમામ ક્ષેત્રમાં મોટા કોર્પોરેશનો અને વૈશ્વિક રોકાણકારો આવી રહ્યા છે અને રોજગારીની નવી તકો સર્જી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં એક્સાઈઝ કલેક્શન જે રૂ. ૧૪,૨૭૩ કરોડ હતું તે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને રૂ. ૬૦,૭૨૮ કરોડના સ્તરે રહ્યું હતું અને વર્તમાન નાણાકીય વર્ષના અંતે રૂ. ૭૦,૦૦૦ કરોડની સપાટીએ રહેવાનો અંદાજ છે.

વધુમાં સ્ટેમ્પ ડ્યૂટી સહિત જમીન ટ્રાન્સફર રજિસ્ટ્રેશન ફીની વસૂલી જે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૧૧,૫૬૪ કરોડના સ્તરે હતી તે વર્ષ ૨૦૨૬-૨૭માં વધીને રૂ. ૪૩,૮૦૨ કરોડની સપાટીએ રહી છે.

તે જ પ્રમાણે રજિસ્ટર્ડ ખનનની મહેસૂલીમાં પણ વધારો થયો છે અને આ તમામ રકમનો ઉપયોગ રાજ્યના આર્થિક વિકાસમાં થઈ રહ્યો હોવાનું ગોયલે જણાવ્યું હતું.

વધુમાં તેમણે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના આગામી વિકાસ વૈશ્વિક બજારોમાં નિકાસના વિસ્તરણમાં, આંતરરાષ્ટ્રીય રોકાણો આકર્ષવામાં, પ્રવાસન ક્ષેત્રને મજબૂત કરીને રાજ્યની વિશ્વમાં બ્રાન્ડ તરીકે ઓળખ ઊભી કરવામાં રહેલો છે. ■

# ભારતે ચાઈનીઝ રસાયણની આયાત સામે એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરી

નવી દિલ્હીઃ સ્થાનિક ઉત્પાદકોની ફરિયાદને ધ્યાનમાં લેતા ભારતે ચીનથી આયાત થતાં સુગંધ પુષ્ટિવર્ધક અને ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિઅન્ટ્સ ગ્લાયસીનની આયાત સામે એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરી છે.

વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ સમક્ષ સ્થાનિક ઉત્પાદક અવિદ ઓર્ગેનિક્સ દ્વારા એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરવા માટે અરજી કરવામાં આ હતી અને અરજદારે આક્ષેપ કર્યો હતો કે ચીનથી આયાત થતાં ગ્લાયસીનને કારણે સ્થાનિક ઉદ્યોગને નોંધપાત્ર માત્રામાં માઠી અસર પડી રહી હોવાથી એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવામાં આવે, એમ ડિરેક્ટોરેટે નોટિફિકેશનમાં જણાવ્યું હતું.

આ સાથે ઑથોરિટીએ તપાસ શરૂ કરી છે ડિરેક્ટોરેટે તપાસ માટેનો સમયગાળો વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધીનો નિર્ધારિત કર્યો છે. એન્ટિ ડમ્પિંગની તપાસમાં ડમ્પિંગની માત્રા અને તેની અસરો અંગેની આકારણી કરવામાં આવશે અને જો ડમ્પિંગને કારણે સ્થાનિક ખેલાડીઓ પર નોંધપાત્ર માત્રામાં અસર થયાનું ફલિત થશે તો ડિરેક્ટોરેટ દ્વારા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ કરવામાં આવશે. જોકે, એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવા અંગેનો અંતિમ નિર્ણય તો નાણાં મંત્રાલય દ્વારા જ લેવામાં આવશે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકા-ચીન વચ્ચેનાં વેપાર અંગેના તણાવની સ્થિતિ અને ચીનની નોંધપાત્ર સ્તરે અતિ ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં લેતાં ભારતમાં ચીનનાં સસ્તાં ઉત્પાદનો ડમ્પ થવાનું જોખમ વધારે છે.

પરિણામે તાજેતરમાં ભારતે ચીનથી આયાત થતાં ઘણાં ઉત્પાદનોની આયાત સામે એન્ટિ ડમ્પિંગ તપાસ શરૂ કરી છે અને ચીન ઉપરાંત ઘણાં દેશોથી થતી સસ્તી આયાત સામે સ્થાનિક ઉત્પાદકોના હિત જાળવવા માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી પણ લાદી છે. ■

# નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં ૨૦ ટકા બજાર હિસ્સો હાંસલ કરવા ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલનો લક્ષ્યાંક

નવી દિલ્હીઃ ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ ટૂંક સમયમાં જ સ્થાનિક બજારમાં ૧૫ ટકા હિસ્સો હાંસલ કરશે અને આગામી નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં ૨૦ ટકા બજાર હિસ્સો હાંસલ કરવાના લક્ષ્યાંકની દિશામાં કાર્ય કરી રહી હોવાનું કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટર શૈલેષ ચંદ્રાએ જણાવતાં ઉમેર્યું હતું કે પેસેન્જર વાહનોમાં સ્ટેન્ડ એલોન ધોરણે કામગીરી થયાં એક વર્ષમાં કંપની નવા ઉત્પાદનોની શ્રેણીમાં રોકાણ કરી રહી છે, ઉત્પાદન સંબંધિત ઝડપી પહેલ અને પાવરટ્રેનના વિસ્તરણ દ્વારા નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરવા પર કંપની ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



પીટીઆઈ સાથેની મુલાકાતમાં ચંદ્રાએ જણાવ્યું હતું કે ગત પહેલી ઑક્ટોબરથી પેસેન્જર વાહનોનો વ્યવસાય ટાટા મોટર્સમાંથી વિકેન્દ્રિત થઈને ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ એક સ્વતંત્ર કંપની સ્થાપિત થઈ છે. તેમ જ છેલ્લા એક વર્ષમાં ૪૦ ટકા વૃદ્ધિ થઈ છે અને સપ્ટેમ્બરનાં અંત સુધીમાં વાહનોના કુલ વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો ૨૫ ટકા જેટલો છે.

અમારુ લક્ષ્ય નોંધપાત્ર એટલે કે દ્વિઅંકી સંખ્યામાં વૃદ્ધિ હાંસલ કરવાનું રહેવાની સાથે સાથે શૂન્ય ટકા કાર્બન ઉત્સર્જન અને પર્યાવરણ અનુકુળ પાવરટ્રેન ક્ષેત્રમાં પણ અમે અગ્રેસરની ભૂમિકા ભજવવા ઈચ્છીએ છીએ. આ ઉપરાંત અમારે માત્ર નવી પ્રોડક્ટ શ્રેણીઓ વિકસાવવા કે બજારની નવી તકો ઝડપવા જ નહીં, પરંતુ પ્રોડક્ટને સુસંગત તથા સ્પર્ધાત્મક રાખવા અને ગ્રાહકોને આકર્ષિત કરવાનું જાળવી રાખવા માટે તેમાં ઝડપી ફેરફારો અને સુધારા લાવવા માટે પણ આક્રમક ધોરણે રોકાણ કરવાનું જાળવી રાખવું પડશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ઉક્ત બાબતને વિસ્તૃતપણે સમજાવતા તેમણે કહ્યું હતું કે તમે જોયુ હશે કે છેલ્લાં એક વર્ષમા અમે કેટલાય સુધારિત મૉડૅલ્સ અને મૉડૅલના બાહ્ય દેખાવમાં ફેરફાર કરવાની સાથે નવાં વાહનો બજારમાં રજૂ કર્યા છે અને મને વિશ્વાસ છે કે આ મહિનો પૂરો થતાં એક વર્ષ પૂરું થશે ત્યારે અમે લગભગ ૭.૫૦ લાખ વાહનોનું વેચાણ કરી ચૂક્યા હશું આમ અમે એકંદરે એક વર્ષમાં ૪૦ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ દાખવી છે. તેમ જ આ સમયગાળામાં અમે ઈલેક્ટ્રિક વાહનોનાં બજાર હિસ્સાને ૨૫ ટકા કરતાં વધુનાં સ્તર સુધી લઈ જવામાં સફળ રહ્યા છીએ, એમ તેમણે જણાવતા ઉમેર્યું હતું કે આમ અમારો સ્થાનિક બજારમાં હિસ્સો ૧૫ ટકાની નજીક છે, પરંતુ હાલના બજાર હિસ્સામાં પાંચ ટકાનો વધુ વધારો કરતાં પાંચ વર્ષ લાગશે.

કંપની આગામી નાણાકીય વર્ષ ૨૦૩૧ સુધીમાં વાર્ષિક ધોરણે ૧૨ લાખ યુનિટ વાહનોના વેચાણ સાથે ૨૦ ટકા બજાર હિસ્સો અંકે કરવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે અને એ દિશામાં કાર્ય કરી રહી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવતા ઉમેર્યું હતું કે કંપની બજાર હિસ્સો વધારવા માટે ઘણી તકો જોઈ રહી છે. તેમાં એવા સેગ્મેન્ટનો પણ સમાવેશ છે કે જ્યાં કંપની હાલમાં હાજર નથી. વિવિધ ભાવનાં સ્તરે બદલવાની ક્ષમતા અને માગ તેમ જ ઝડપથી વિકસતા ઈલેક્ટ્રિક વાહનો અને સીએનજી વાહનો જેવી પાવરટ્રેનનો સમાવેશ થાય છે. મને લાગે છે કે આ વિકાસ અનેક દિશામાં છે. એક તો એવાં સેગ્મેન્ટ છે, જ્યાં આપણે અત્યારે હાજર નથી, પરંતુ અન્ય કંપનીઓ ત્યાં ઉત્પાદનો ઓફર કરી રહી છે. આમ વિકાસનો એક સ્પષ્ટ માર્ગ છે.

વિકાસનો બીજો માર્ગ એ છે કે દેશમાં લોકોની ખરીદશક્તિ કે પરવડે તેવી ક્ષમતા બદલાઈ રહી છે અને વિવિધ કિંમતો અથવા તો ભાવ પર માગ પણ બદલાઈ રહી છે. અમુક કિંમતના સ્તર પર માગ વધવાની છે તેથી શું આપણે નવાં અને આકર્ષક ઉત્પાદનો રજૂ ન કરી શકીએ ? અને ત્રીજો માર્ગ અલબત્ત પાવરટ્રેનનો છે. ઈલેક્ટ્રિક વાહનો અને સીએનજી ક્ષેત્રે ઉદ્યોગની સરેરાશ કરતાં વધુ ઝડપથી વૃદ્ધિ થવાની છે અને સદ્ભાગ્યે આ બન્ને સેગ્મેન્ટમાં આપણે અગ્રણી છીએ અને બજાર હિસ્સો પણ એકંદર બજાર હિસ્સા કરતાં વધુ છે. આમ ત્રણેય પાંસાઓ પર વિકાસ સાધવાની અમે વ્યૂહરચના ધરાવીએ છીએ, એમ ચંદ્રાએ ઉમેર્યું હતું. ■

# ફુગાવો અને પ્રવાહિતાના જોખમોથી વર્તમાન નાણાકીય વર્ષના બીજા છ માસિકગાળામાં દેશની વૃદ્ધિ ધીમી પડશેઃ ડીબીએસ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષના બીજા છમાસિકગાળામાં ખાસ કરીને તંગ રાજકોષીય સ્થિતિ, ક્રૂડતેલ-એનર્જીના ભાવમાં વધારા અને પ્રતિકૂળ બેઝ ઈફેક્ટ અર્થાત્ તુલનાત્મક આધારની માઠી અસર આર્થિક પ્રવૃત્તિઓ પર પડતાં દેશનો આર્થિક વૃદ્ધિદર મંદ પડે તેવી શક્યતા હોવાથી નાણાનીતિ પર બજારની નજર મંડાયેલી રહેશે, એમ ડીબીએસ બૅન્કનાં અર્થશાસ્ત્રી રાધીકા રાવે જણાવ્યું હતું.

વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭નો આરંભ મજબૂત અન્ડરટોનથી થયો હતો અને પહેલા ત્રિમાસિકગાળામાં મજબૂત સ્થાનિક માગ, વપરાશ વૃદ્ધિ, જાહેર મૂડીગત્ ખર્ચ અને ઉત્પાદનને ટેકે આર્થિક વૃદ્ધિ દર ૭.૮ ટકાના સ્તરે રહ્યો હોવાનું ડીબીએસ બૅન્કનાં વરિષ્ઠ અર્થશાસ્ત્રી અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રાવે તેના મેક્રો ઈકોનોમિક આઉટલૂકની આકારણીમાં જણાવ્યું હતું. ડીબીએસએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેના આર્થિક વૃદ્ધિ દરનો અંદાજ વર્ષ ૨૦૨૬ના સુધારિત ૭.૮ ટકા સામે ૭.૩ ટકાનો મૂક્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જીએસટી વસૂલી, ઈ-વૅ બિલ્સ, ઈલેક્ટ્રિસિટીની માગ અને ડિજિટલ પેમેન્ટ્સ જેવાં પરિબળો સ્થિતિસ્થાપક રહ્યા છે જે દર્શાવે છે કે સ્થાનિક પ્રવૃત્તિઓ હજુ ગતિમાન છે, પરંતુ તંગ નાણા સ્થિતિ, ઊંચો ઊર્જા ખર્ચ અને ગત સાલના સમાનગાળાના ઊંચા બેઝની અસરો નાણાકીય વર્ષના અંતમાં જોવા મળી શકે છે.

એકંદરે ફુગાવો મુખ્ય જોખમી પરિબળ છે. ગત ઑગસ્ટ મહિનામાં ખાંડ સહિતની ખાદ્ય ચીજોના ભાવમાં વધારો, પ્રોટીનયુક્ત ખાદ્ય ચીજો તથા ખાદ્યતેલના ભાવ વધી આવવાની સાથે ક્રૂડતેલના ભાવ વધી આવતાં ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવો વધીને ૪.૮ ટકાની સપાટીએ પહોંચ્યો હતો. વધુમાં અલ નિનોના જોખમો વધતાં વરસાદ સાધારણ કરતાં ઓછો થતાં કૃષિ પાકનાં ઉત્પાદનમાં ઘટાડો થવાનું જોખમ વધ્યું હોવાથી ડીબીએસએ વર્તમાન નાણાકીય વર્ષના બીજા છમાસિકગાળામાં ફુગાવો પાંચ ટકાની ઉપર રહેવાનો અંદાજ મૂક્યો છે.

વધુમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના સ્પેશ્યલ સ્વેપ વિન્ડો મારફતે ૧૩૩ અબજ ડૉલરના એફસીએનઆર (બી) ડિપોઝીટ સહિત કુલ ૧૪૩ અબજ ડૉલરનો વિદેશી ચલણી પ્રવાહ મળવાની સાથે વિદેશી ચલણી અસ્ક્યામતો ૭૮૦ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હોવા છતાં ડીબીએસએ પ્રવાહિતાનો વહીવટ અથવા તો લિક્વિડીટી મેનેજમેન્ટ પણ દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે આ આંતરપ્રવાહને કારણે દેશના બાહ્ય બફરમાં વધારો થયો છે, પરંતુ સાથે સાથે બૅન્કિંગ યંત્રણામાં પણ અતિરિક્ત પ્રવાહિતા થઈ છે. રિઝર્વ બૅન્કે અતિરિક્ત પ્રવાહિતાને મેનેજ કરવા અને બૉન્ડની ઊપજ પર અસર પાડવા વેરિયેબલ રેટ રિવર્સ રિપો અને ઓપન માર્કેટ ઓપરેશન જેવાં સાધનોનો ઉપયોગ કરવો પડશે. ■

# ક્લોરિનેટેડ પોલિવિન્યલ ક્લોરાઈડની આયાત સામે એન્ટિ સર્કમવેન્શન તપાસ

નવી દિલ્હીઃ ચીન અને દક્ષિણ કોરિયા તરફથી આયાત થતાં ક્લોરિનેટેડ પોલિવિન્યલ ક્લોરાઈડ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી છે, પરંતુ હવે તેની આયાત મલયેશિયા, જાપાન અને થાઈલેન્ડના માર્ગેથી થઈ રહી હોવાના આક્ષેપોને ધ્યાનમાં લેતા ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ દ્વારા એન્ટિ સર્કમવેન્શન તપાસ હાથ ધરવામાં આવી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવાયું છે.

નોંધનીય બાબત એ છે કે આ ઉત્પાદનનો ઉપયોગ ઘણી ઔદ્યોગિક પાઈપિંગ એપ્લિકેશનમાં થતો હોય છે. ડીસીડબ્લ્યુ લિ., એપિગ્રલ લિ. અને લુબ્રિઝોલ એડવાન્સ મટિરિઅલ ઈન્ડિયાએ ઑથોરિટીને કરેલી અરજીમાં આક્ષેપ કર્યો હતો કે આ રેઝિનની ચીન અને દક્ષિણ કોરિયાથી થતી આયાત સામે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી હોવાથી હવે તેઓ નિકાસ મલયેશિયા, જાપાન અને થાઈલેન્ડ મારફતે કરી રહ્યા છે.

નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે વેપારની પદ્ધતિમાં બદલાવ આવ્યા છે અને હવે આ ઉત્પાદનની જાપાન, મલયેશિયા અને થાઈલેન્ડથી આયાત અકારણસર અથવા તો કોઈપણ આર્થિક કારણો વિના નોંધપાત્ર માત્રામાં વધી છે. આથી એવું સમજી શકાય કે ચીનથી થતી આયાત સામે લાદવામાં આવેલી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીને કારણે આ વધારો થયો છે.

અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજી અને તેઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રથમદર્શી પુરાવાઓને ધ્યાનમાં લેતાં એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી સર્કમવેન્ટેડ કરવામાં આવી હોવાનું જણાતા એન્ટિ સર્કમવેન્શન તપાસ હાથ ધરવામાં આવશે અને સર્કમવેન્શનની સ્થાનિક ઉત્પાદકો પર થયેલી માઠી અસરની આકારણી કરવામાં આવશે, એમ નોટિફિકેશનમાં ઉમેર્યું હતું. ■

# કૉમૉડિટીના ભાવ વધતાં એસયુવીના ભાવમાં વધારો કરવા મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રાની વિચારણા

નવી દિલ્હીઃ તાજેતરમાં કૉમૉડિટીના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા તેનાં એસયુવીના પોર્ટફોલિયોમાં ભાવ વધારવાની વિચારણા કરી રહી છે અને આગામી એકાદ-બે સપ્તાહમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા મહિન્દ્રા જૂથનાં ઑટોમેટિવ વિભાગના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર નિલકંઠ ગોલાગુંટાએ જણાવ્યું છે.

કંપનીએ આ વર્ષમાં અત્યાર સુધીમાં જાન્યુઆરી, એપ્રિલ અને જુલાઈ મહિનામાં એમ ત્રણ વખત ભાવવધારો કર્યો છે અને ગત જુલાઈ મહિનામાં સ્પોર્ટસ યુટિલિટી વ્હીકલના ભાવમાં ૨.૭ ટકાનો વધારો કર્યો હોવાનું તેમણે પીટીઆઈ સાથેની મુલાકાતમાં જણાવતાં ઉમેર્યું હતું કે અમે અત્યાર સુધી ત્રણ વખત ભાવ વધાર્યા હોવાથી પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ અને શક્યતઃ અમે બે સપ્તાહમાં ભાવ વધારવા કે નહીં તે અંગે નિર્ણય લેશું, પરંતુ હું તમને નિશ્ચિતપણે કહી ન શકું પણ એટલું જરૂર કહીશ કે તાજેતરનાં કૉમૉડિટીનાં ભાવતાલ પર અમે ખૂબ ઝીણવટભરી નજર રાખી રહ્યા છીએ.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ઑટો ઉદ્યોગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ભાવવધારાની ગ્રાહકોની પૂછપરછ અને બુકિંગ પર કોઈ અસર નથી જોવા મળી કેમ કે હજુ વાહનોના ભાવ જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડા પૂર્વેનાં ભાવ કરતાં નીચી સપાટીએ છે. વધુમાં મુખ્યત્વે અમુક કારણોસર અમારા વાહનોના ભાવ પણ જીએસટી ઘટાડા પૂર્વેના ભાવ કરતાં નીચા સ્તરે હોવાથી આ સમયે પણ માગ ઘણી મજબૂત અને અકબંધ જળવાઈ રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જીએસટી પૂર્વેના સ્તર કરતાં નીચા ભાવ અને પોર્ટફોલિયોમાં નવી પ્રોડક્ટનાં ઉમેરાને ધ્યાનમાં લેતા આગામી તહેવારોની મોસમમાં માગ મજબૂત રહેવાની અમે અપેક્ષા રાખી રહ્યા છીએ, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે કેટલાક કારણોસર અમારા માટે અને સમગ્ર ઑટો ઉદ્યોગ માટે તહેવારોની મોસમ ખૂબ સારી રહેવી જોઈએ. જોકે, મોંઘવારીનું દબાણ રહ્યું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગયા વર્ષે જીએસટીમાં ઘટાડા પશ્ચાત્ છેલ્લાં એક વર્ષમાં કરવામાં આવેલા ભાવવધારા છતાં અમારા ભાવ હજુ પણ જીએસટી ઘટાડા પૂર્વેનાં ભાવ કરતાં નીચા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

હાઈબ્રિડ ટેક્નોલૉજી અંગે ગોલાગુંટાએ જણાવ્યું હતું કે મહિન્દ્રાનું ધ્યાન ઈલેક્ટ્રિક વાહનો પર કેન્દ્રિત છે અને જો નિયમનકારી વાતાવરણ બદલાશે તો કંપની તે મુજબનું અનુકૂલન સાધશે. અમે અમારા ઈલેક્ટ્રિક વાહનોનાં અંતિમ લક્ષ્ય અંગે સ્પષ્ટ છીએ. જે દિશામાં દેશ આગળ ધપી રહ્યો છે અને સરકારે પણ ઉદ્યોગ સમક્ષ આ બાબત સ્પષ્ટ કરી છે. જો તમે કોર્પોરેટ એવરેજ ફ્યુઅલ એફિસિયન્સીનાં નિયમો જુઓ તો તમને ઈલેક્ટ્રિક વાહનો સામે હાઈબ્રિડ વચ્ચે મળતા લાભોનો તફાવત સ્પષ્ટપણે જણાશે. આથી અમે અમારું ધ્યાન ઈલેક્ટ્રિક વાહનો પર જ વધુ કેન્દ્રિત કર્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

વધુમાં ઉત્પાદન ક્ષમતા અંગે તેમણે કહ્યું હતું કે મહિન્દ્રા પાસે હાલમાં માસિક આશરે ૬૦,૦૦૦ યુનિટની ઈન્ટરનલ કોમ્બ્યુસન એન્જિન (આઈસીઈ)ની ક્ષમતા છે અને કંપની મોટા ભાગે તે સ્તરે ઉત્પાદન અને વિતરણ કરી રહી છે. ક્ષમતામાં વધારાનો આગામી તબક્કો માર્ચના અંતમાં અથવા એપ્રિલની શરૂઆતમાં હાથ ધરવામાં આવશે - જેમાં આઈસીઈ વાહનોની ક્ષમતા ૬૦,૦૦૦ થી વધીને ૭૦,૦૦૦ થશે અને ઈલેક્ટ્રિક વાહનોની ક્ષમતા જે ૮૦૦૦ યુનિટની છે તે વધીને ૧૨,૦૦૦ની થશે. આમ હાલમાં અમારી કુલ ક્ષમતા ૬૮,૦૦૦ છે અને લગભગ છ મહિનામાં તે વધીને ૮૪,૦૦૦ સુધી પહોંચી જશે, તેમ તેમણે જણાવ્યું હતું.

# સ્ટીલના ભાવ ચાર વર્ષની ઊંચી સપાટીએ, બીજા છ માસિકગાળામાં વલણ જળવાઈ રહેવાની શક્યતાઃ અહેવાલ

નવી દિલ્હીઃ સ્થાનિકમાં કૉકિંગ કૉલ જેવા કાચા માલના ભાવમાં વધારો ઉપરાંત ચોમાસા પશ્ચાત્ માગમાં વધારો થવાની સાથે સ્ટીલના ભાવ ચાર વર્ષની ઊંચી સપાટીએ પ્રવર્તી રહ્યા હોવાનું માર્કેટ રિસર્ચ કંપની બિગમિન્ટે એક અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે ભાવનું આ વલણ શેષ વર્તમાન નાણાકીય વર્ષમાં જળવાઈ રહે તેવી શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે વૈશ્વિક સ્તરે વપરાશમાં આવતા હોટ રોલ્ડ અને કોલ્ડ રોલ્ડ સ્ટીલના હાલમાં ભાવ અનુક્રમે ટનદીઠ રૂ. ૬૪,૦૦૦ અને રૂ. ૭૫,૦૦૦ આસપાસની સપાટીએ છે અને બિગમિન્ટની આંકડાકીય માહિતી અનુસાર ભાવનું આ સ્તર અગાઉ જૂન, ૨૦૨૨માં જોવા મળ્યું હતું. ગત પહેલી ઑગસ્ટથી હોટ રોલ્ડ કૉઈલ અને કોલ્ડ રોલ્ડ સ્ટીલના ભાવમાં અનુક્રમે ટનદીઠ રૂ. ૬૦૦૦ અને રૂ. ૮૦૦૦નો વધારો થયો છે. ઑગસ્ટના આરંભે હોટ રોલ્ડ કૉઈલના ભાવ ટનદીઠ રૂ. ૫૮,૦૦૦ના મથાળે અને કોલ્ડ રોલ્ડ કૉઈલના ભાવ ટનદીઠ રૂ. ૬૬,૫૦૦ના મથાળે હતા.

આ ભાવવધારો મુખ્યત્વે કાચા માલના ભાવમાં થયેલા વધારા અને માગમાં થયેલા વધારાને આભારી હોવાનું બિગમિન્ટના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે સ્ટીલના ઉત્પાદનમાં મુખ્યત્વે વપરાતા કૉકિંગ કૉલની આયાત થાય છે અને તેના ભાવ જે ટનદીઠ ૬૫ ડૉલર હતા તે એક મહિનામાં વધીને ૩૦૫ ડૉલર થઈ ગયા હતા, જ્યારે આયર્ન ઑરના ભાવ ટનદીઠ રૂ. ૨૦૦થી ૨૫૦ વધીને રૂ. ૪૫૦૦ની સપાટીએ પહોંચ્યા હતા. નોંધનીય બાબત એ છે કે બ્લાસ્ટ ફ્યુરન્સ મારફતે થતાં સ્ટીલના કુલ ઉત્પાદન ખર્ચમાં કૉકિંગ કૉલનો જ હિસ્સો ૩૦ ટકા જેટલો હોય છે. ■

# મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ દુષ્કાળ જાહેર કરવાની વિપક્ષોએ કરી માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્ર સરકારે ૨૬૫ તાલુકામાં દુષ્કાળ જાહેર કર્યો છે ત્યારે ગુજરાતના પણ ઘણા તાલુકામાં વરસાદની ઘટ છે અને ખેડૂતો નુકસાની વેઠી રહ્યા છે. આવા સંજોગોમાં વિપક્ષ દ્વારા ગુજરાતમાં પણ સરકાર દુષ્કાળ જાહેર કરી ખેડૂતોની મદદે તેવી માગણી કરવામાં આવી છે.

કૉંગ્રેસે આ માટે દસ મુદ્દા રજૂ કર્યા છે જેમાં પક્ષના કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર ''વેઈટ એન્ડ વોચ'' નીતિ અપનાવી રહી છે, જ્યારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, કચ્છ તેમજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટા વિસ્તારોમાં ખેડૂતો પાક નિષ્ફળતા, ઘાસચારાની અછત અને આવનારી રવિ સિઝનની ચિંતા સામે ઝઝૂમી રહ્યા છે. . વરસાદની ઘટવાળા તમામ જિલ્લા અને આશરે ૧૨૦ તાલુકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો. દેવભૂમિ દ્વારકામાં વરસાદની ઘટ સૌથી ગંભીર છે; પોરબંદર અને જામનગરમાં પણ ભારે અછત છે. વૈજ્ઞાનિક સર્વે પછી થઈ શકે, પણ મગફળી અને કપાસના પાક સુકાઈ રહ્યા હોય ત્યારે ખેડૂતો રાહ ન જોઈ શકે. ચાલુ વર્ષની પાક લોન પૂરેપૂરી માફ કરો. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોના વીજબિલ અને ફિક્સ્ડ ચાર્જ માફ કરો અને જ્યાં ભૂગર્ભ કે નહેરનું પાણી બચ્યું હોય ત્યાં સિંચાઈ માટે ૧૨ કલાક વીજળી આપો. પાક નુકસાનીનું તાત્કાલિક અને પૂરતું વળતર જાહેર કરો, ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના તાત્કાલિક ફરી શરૂ કરો. અસરગ્રસ્ત ગામોમાંથી ૭ કિલોમીટરની અંદર ઘાસચારા વિતરણ કેન્દ્રો અને પશુશાળા, ગૌશાળા ખોલો. સૌની, સુજલામ સુફલામ અને અન્ય લિંક્સ દ્વારા નર્મદાનું પાણી તાત્કાલિક છોડો અને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતના ડેમ-તળાવો ભરો, વરસાદની ઘટવાળા ગામોમાં મોટા પાયે રાહત કામો અને મનરેગા હેઠળ રોજગાર શરૂ કરો,જેથી ખેતમજૂરો અને નાના ખેડૂતોને રવિ સિઝન પહેલાં હાથમાં રોકડ મળે. વેઈટ એન્ડ વોચ નીતિ બંધ કરો. મુખ્ય પ્રધાન દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છના ખેતરોમાં જઈને ખેડૂતોની પીડા જોવી જોઈએ. રવિ સિઝન માટે સંપૂર્ણ પેકેજ હમણાં જ આપો સબસિડીવાળા બિયારણ, ખાતર, ડીઝલ અને ધિરાણ જેથી જે ખેડૂતોનો ખરીફ નાશ પામ્યો છે તેઓ આગામી સિઝનમાં જમીન પડતર ન છોડે. આ સહાય વગર એક નિષ્ફળ ચોમાસું બે વર્ષની વિપત્તિ બની જશે.

જ્યારે આમ આદમી પાર્ટીએ પણ આ માગણી કરતા આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ઉત્તર ગુજરાત, કચ્છ સહિતના અનેક વિસ્તારમાં ખેડૂતો ગંભીર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વરસાદ પડ્યો હોવા છતાં અનેક વિસ્તારોમાં મગફળી સહિતના પાકને નુકસાન થયું છે અને ખેડૂતોની મહેનત તથા મૂડી બંને જોખમમાં મુકાઈ છે. એક તરફ મહારાષ્ટ્ર સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર અંગે નિર્ણય લઈ ખેડૂતોને રાહત આપવાની પ્રક્રિયા શરૂ કરી છે, ત્યારે ગુજરાતના ખેડૂતો પણ સરકાર તરફ આશાભરી નજરે જોઈ રહ્યા છે. સવાલ એ છે કે મહારાષ્ટ્ર સરકારે દુષ્કાળ જાહેર કર્યો, તો ગુજરાત સરકાર ક્યારે જાહેર કરશે? અમારી માંગ છે કે ગુજરાત સરકારે રાજકીય વિલંબ કર્યા વિના અસરગ્રસ્ત વિસ્તારોનો તાત્કાલિક સર્વે કરાવી વાસ્તવિક પરિસ્થિતિના આધારે દુષ્કાળ જાહેર કરવો જોઈએ. ■

# એલએનજી ટ્રેનની શરૂઆત ક્લીન-ગ્રીન એનર્જી તરફ મોટું કદમઃ મુખ્ય પ્રધાન



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિતભાઈ શાહના હસ્તે દેશની પ્રથમ એલએનજી ટ્રેનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવવા ઉપરાંત સાબરમતી ખાતે રેલવેના વિવિધ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવા અને જનકલ્યાણનાં ૨૫ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે દેશભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે. વડાપ્રધાને સત્તાને સેવાનું માધ્યમ બનાવી દેશના છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડ્યો છે. કલમ ૩૭૦ નાબૂદ કરવી, આંતરિક સુરક્ષા અને નક્સલવાદ સામે નિર્ણાયક નીતિ જેવા અશક્ય લાગતાં કાર્યો વડાપ્રધાનની વિઝનરી લીડરશિપ અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહના અથાક પરિશ્રમથી સાકાર થયા છે.

અમિતભાઈ શાહના હસ્તે દેશની પ્રથમ એલએનજી સંચાલિત ટ્રેનની શરૂઆત પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલવે અને અમદાવાદ ડિવિઝન માટે આ ગૌરવપૂર્ણ અવસર છે. ક્લીન અને ગ્રીન એનર્જી તરફ આ પહેલ એક મોટું કદમ સાબિત થશે, જે ઈંધણ ખર્ચ ઘટાડવાની સાથે કાર્બન ઉત્સર્જન નિયંત્રિત કરવામાં મદદરૂપ બનશે. સરકાર ઇકોનોમી અને ઇકોલોજી બંનેને સાથે લઈને ચાલી રહી છે. રેલવેમાં ૯૯% ઇલેક્ટ્રિફિકેશન, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને હાઇડ્રોજન ટ્રેન જેવી પહેલો રેલવેને આધુનિક અને પર્યાવરણ-અનુકૂળ બનાવી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના ઝડપી ઔદ્યોગિક વિકાસને અનુરૂપ રેલવે માળખાને ભવિષ્યલક્ષી બનાવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ ગુજરાતને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપરાંત ૫ વંદે ભારત, ૧ અમૃત ભારત અને ૧ નમો ભારત ટ્રેનની ભેટ મળી છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યના ૮૭ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ થઈ રહ્યો છેઅને રૂ. ૧.૨૮ લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા લોકોમોટીવ શેડમાં પ્રદર્શન નિહાળી, લોકો એન્જિન ટ્રેનનું અવલોકન કર્યું તેમજ લોકોમોટિવનું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાત પ્રવાસન વર્ષનો લોગો અને ગુજરાત ફિલ્મ શૂટિંગ પરમિશન પોર્ટલ લૉન્ચ કરાયું




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ને ગુજરાત પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રવાસન રાજ્ય પ્રધાન ડૉ. જયરામભાઈ ગામિત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સંઘવીના હસ્તે ગુજરાત પ્રવાસન વર્ષનો અધિકૃત લોગો જાહેર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંઘવીએ જણાવ્યું હતું કે, હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ, ટૂર ઓપરેટર્સ તેમજ ટેક્સી-રિક્ષા ચાલકો સહિતના તમામ સ્ટેકહોલ્ડર્સ જો 'સ્વચ્છતા', 'સ્વાસ્થ્ય' અને 'સોફ્ટ સ્પોકન સ્કીલ' એમ ત્રણ બાબતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરશે, તો ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર બુલેટ ટ્રેન કરતાં પણ વધુ ઝડપે પ્રગતિ કરશે અને સરકાર આ માટે પૂરતો સહયોગ પૂરો પાડશે.

આ કાર્યક્રમ દરમિયાન તેમણે વૈશ્વિક રમતગમત અને પ્રવાસનને જોડતી મહત્વની જાહેરાત કરતા કહ્યું હતું કે, વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી સ્પોર્ટ્સ ઇવેન્ટ 'હાયરોક્સ'નું આયોજન આગામી તા. ૨૬થી ૨૮ નવેમ્બર દરમિયાન ગાંધીનગરમાં થશે, જેમાં ૧,૦૦૦થી વધુ વિદેશી એથલીટ્સ સહિત કુલ ૧૦,૦૦૦ જેટલા પ્રવાસીઓ ભાગ લે તેવી શક્યતાઓ છે.

પ્રવાસન ક્ષેત્રે રોજગારી વધારવા માટે અંબાજી, સોમનાથ, દ્વારકા અને પાવાગઢ જેવા ધાર્મિક સ્થળોનો આધુનિક વિકાસ કરાઈ રહ્યો છે. નવી હોમ સ્ટે નીતિ હેઠળ ૧૦૦ પસંદગીના ગામડાઓમાં પરંપરાગત શૈલી જાળવીને આધુનિક સુવિધાઓવાળા હોમસ્ટે વિકસાવાશે તથા કવાંટની હોળી, ઉત્તરાયણ અને નવરાત્રિ જેવા ઉત્સવો તેમજ ધરોઈ વોટર રિઝર્વોયર અને શિવરાજપુર જેવા ઈકો-ટૂરિઝમ સ્થળોએ વિદેશી પ્રવાસીઓને આકર્ષવા ટૂર ઓપરેટર્સને ગેપ ફંડિંગ આપવાની દિશામાં પણ રાજ્ય સરકાર રજૂઆતોના આધારે સકારાત્મક સહયોગ આપશે.

રાજ્યમાં સિનેમેટિક ટૂરિઝમ અને ડેસ્ટિનેશન પ્રમોશનને વેગ આપવા માટે સંઘવીના હસ્તે ગુજરાત ફિલ્મ શૂટિંગ પરમિશન પોર્ટલનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સિંગલ વિન્ડો ડિજિટલ પોર્ટલ મારફતે ફિલ્મ શૂટિંગ માટેની વિવિધ મંજૂરીઓ અને એનઓસી સરળ, ઝડપી અને પારદર્શક બનશે. ■

# અમદાવાદના મહિલા પ્રોફેસર-પતિને ડિજિટલ એરેસ્ટ કરી ₹ ૧૧.૪૭ કરોડની ઠગાઈ કરનાર બે માસ્ટર માઈન્ડની સીબીઆઈએ ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હી સીબીઆઈના અધિકારીઓએ અમદાવાદમાં એક મહિલા પ્રોફેસર અને તેમનાં પતિને ત્રણ મહિના ડિજિટલ એરેસ્ટ કરીને રૂ. ૧૧.૪૭ કરોડની રકમ મેળવી લેવાના દાખલ થયેલા ગુનાની તપાસ કરીને દેશભરમાં દરોડા પાડીને માસ્ટર માઈન્ડ ગણાતા હિમાંશુ પ્રસાદ અને ઉનીશ વિશ્વાસની ધરપકડ કરી હતી. સીબીઆઇએ અગાઉ પણ ગાંધીનગરની મહિલા પ્રોફેસરના રૂ. ૧૯.૭૮ કરોડના સૌથી મોટા ફ્રોડ કેસમાં કર્ણાટક અને હરિયાણાના જ્યોતિ રાણી રાજા કર્માકર અને આકાશ નામના શખ્સની ધરપકડ કરી હતી. ગુજરાતના સૌથી મોટા કહી શકાય તેવા ડિજિટલ એરેસ્ટના કેસ પોલીસ તંત્ર દ્વારા દિલ્હી સીબીઆઇના હેડ ક્વાર્ટરને સોંપી દેવામાં આવ્યા છે અને તમામ કેસોની તપાસ સુપ્રીમ કોર્ટના આદેશથી સીબીઆઇએ ઝડપી બનાવી છે.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી જાણીતી કોલેજના મહિલા પ્રોફેસર અને તેમનાં પતિને ડિજિટલ એરેસ્ટ કરીને રૂ.૧૧.૪૭ કરોડ આધારકાર્ડ નંબર અને મોબાઈલ નંબર લીંક હોવાથી મહિલાની ડીટેલ મેળવી લેવાઈ હતી. ત્યારબાદ એપીકે ફાઇલની મદદથી સીબીઆઇ ટેલીફોન કંપની અને જુદી જુદી સરકારી કચેરીઓના અધિકારીઓ હોવાનો દાવો કરીને વૉટ્સ એપ કોલ અને ચેટ્સ પર એકાઉન્ટ નંબર આપીને મોટી રકમ ટ્રાન્સફર કરવામાં આવતી હતી. બંને આરોપીઓ હિમાંશુ પ્રસાદ અને ઉનીશ વિશ્વાસ હેક્સા ક્વેસ્ટ ગ્લોબલ પ્રાઇવેટ લિમિટેડના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરતા હતા અને આ જ એકાઉન્ટ નંબર આપીને રૂપિયા ટ્રાન્સફર કરાવતા હતા. આ રીતે ડિજિટલ એરેસ્ટ કરીને કરોડો રૂપિયાની રકમની સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને વધુ બે માસ્ટરમાઈન્ડની ધરપકડ કરાઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

નવરંગપુરાની જાણીતી કોલેજનાં મહિલા પ્રોફેસર અને તેમનાં પતિને ડિજિટલ એરેસ્ટ કરવાના કેસમાં પોલીસે અગાઉ કશ્યપ બેલાણી દિનેશ લીંબાચીયા ધવલ મેવાડાની ધરપકડ કરી હતી. માત્ર ગુજરાતના જ ડિજિટલ કેશની રકમ રૂ. ૫૦ કરોડ અંદાજિત થાય છે. જેમાં ગાંધીનગર અને અમદાવાદ ના બંને મહિલા સિનિયર સિટીઝનના કેસ સૌથી મોટા માનવામાં આવે છે. ■

# સુરતના ડુમસ બીચમાં નાહવા પડેલા બે મિત્ર ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યોગ્ય રીતે તરતા આવડતું હોય તો પણ પાણીથી ચેતીને રહેવું તેવું વારંવાર કહેવામાં આવે છે, છતાં યુવાનો દરિયા-નદીમાં ન્હાવા પડે છે અને ઘણીવાર જીવ ગુમાવવાનો વારો આવે છે. સુરતના જાણીતા ડુમસ બીચ પર ફરીવાર આવી ઘટના બની હોવાના અહેવાલો છે. ઉધના વિસ્તારમાં રહેતા અને મિત્રો સાથે અહીં ફરવા આવેલા બે જણ દરિયામાં નહાવા પડ્યા હતા, પરંતુ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેમની શોધખોળ ચાલી રહી છે.

શહેરમાં રહેતા ૧૫થી ૨૦ વર્ષના ચાર મિત્ર સાંજના સમયે ડુમસ ફરવા આવ્યા હતા. દરમિયાન બે મિત્ર ગણેશ મંદિરના પાછળના ભાગે ન્હાવા માટે પડ્યા હતા. જોકે ન્હાતી વખતે તેઓ અચાનક પાણીમા ખેંચાવા માડ્યા હતા. યુવકોના નામ ઝીયાન કુરેશી અને ઈકબાલ શેખ હોવાનુ જાણવા મળ્યું હતું. સ્થાનિકોએ તેમને બચાવવાની કોશિશ કરી હતી, પરંતુ બન્ને પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દરમિયાન ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના જવાનોએ બન્ને યુવાનની શોધખોળ શરૂ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદની કોફી શૉપમાંથી પર્સ-ક્રેડિટ કાર્ડની ચોરી કરી યુવતી છૂ : શૉપિંગ પણ કરી લીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના લૉ ગાર્ડન વિસ્તારમાં આવેલી જાણીતી બ્રાન્ડની કૉફી શૉપમાં માત્ર મિનિટોમાં એક યુવતીએ પર્સ અને ક્રેડિટ કાર્ડની ચોરી કરી લીધી હતી. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. મળતી વિગતો અનુસાર અહીં કૉફી શૉપમાં એક યુવક પોતાનું લેપટોપ બેગ લઈને આવ્યો હતો. તેની બાજુમાં એક યુવતી પણ બેઠી હતી. જીમ ચલાવતા યુવકને ફોન આવ્યો હોવાથી તે શૉપ બહાર ગયો હતો. ફરી આવી કૉફી પી તે પોતાની કારમાં બેઠો ત્યારે તેને ધ્યાનમાં આવ્યું હતું કે બેગમાં પર્સ નથી, આ સાથે ક્રેડિટ કાર્ડ પણ નથી. તેણે તરત જ કૉફી શૉપમાં જઈ સીસીટીવી ચેક કરાવ્યા ત્યારે તેને ધ્યાનમાં આવ્યું હતું કે એક યુવતી આવી અને તેની બેગમાંથી પર્સ અને કાર્ડ ચોરી પોતાની બેગમાં નાખી નીકળી ગઈ હતી. દરમિયાન યુવતીએ તેમના ક્રેડિટ કાર્ડમાંથી લગભગ રૂ. ૨૭,૦૦૦ની ખરીદી પણ કરી લીધી હોવાનું તેમને ધ્યાનમાં આવ્યું હતું. તેમના પર્સમાં રૂ. ૧૫,૦૦૦ રોકડા હતા. હાલમાં યુવકે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■

# સુરતની ટ્રાફિક પોલીસ ચોકી બની મેટરનિટી વોર્ડ, મહિલાને સફળ પ્રસૂતિ કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં રેલવે સ્ટેશન પરિસરમાં આવેલી ટ્રાફિક ચોકીના જવાનોએ સંવેદનશીલતા બતાવી એક મહિલાની પ્રસુતિ કરાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ઘટનાની મળતી વિગતો અનુસાર મૂળ મધ્ય પ્રદેશનાં વતની અને સુરતમાં કામકાજ માટે આવેલા પરિવારનાં સગર્ભા મહિલા અમલાબેન બળવંતભાઈ વસોનીયા પતિ અને દીકરી સાથે વતન જવા નીકળ્યા હતા. જોકે મધ્ય પ્રદેશ પહોંચે તે પહેલા સુરત રેલવે સ્ટેશન પાસે જ તેમને અચાનક પ્રસવપીડા ઉપડી હતી અને ટ્રાફિક પોલીસ ચોકી નજીક તેઓ ઢળી પડ્યા હતા.

મહિલાના પતિએ બાજુની ચોકીના જવાન પ્રવિણભાઈ ખતવાસેને મદદ માટે અને ૧૦૮ બોલાવવા માટે વિનંતી કરી હતી, પરંતુ મહિલાની હાલત જોતા ૧૦૮ બોલાવવા કરતા પ્રવિણભાઈએ રેલવે હૉસ્પિટલના મેડિકલ ઓફિસરને બોલાવવા દોટ મૂકી અને તે દરમિયાન અન્ય જવાનોએ મહિલાને ચોકીમાં સુવડાવી હતી. ચોકીના જવાનો રાહુલ, મેહુલ, મિથુન અને પિન્ટુએ નજીકની હોટેલમાંથી ચાદર વગેરે લાવી આડશ ઊભી કરી હતી. રેલવે મેડિકલ ઓફિસર ડૉ. કૌશિક પટેલ પણ તાત્કાલિક આવ્યા હતા અને નોર્મલ ડિલિવરી કરાવી હતી. ત્યારબાદ તેમને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મહિલા અને નવજાત બાળકીની તબિયત સારી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસ જવાનોની આ સમયસૂચકતા અને સંવેદનશીલતાને સૌ કોઈ બિરદાવી રહ્યા છે. ■

# અમદાવાદમાં કારીગર સાત લાખનું સોનું લઈ ફરાર

## બંગડી બની ગઈ હતી અને માત્ર લટકણ અને ટચિંગનું કામ બાકી હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કાલુપુર ગાંધીરોડ પર આવેલી એક દુકાનમાં સોનાના ઘરેણા બનાવવા માટે રાખેલો એક બંગાળી કારીગર આશરે રૂ. સાત લાખનું સોનું લઈ ફરાર થઈ ગયો હતો. આ કારીગર અહીં દોઢ વર્ષથી કામ કરતો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસ ફરિયાદ થતાં ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર કાલુપુરની એક જ્વેલર્સ શૉપમાં વિશ્વનાથ નામનો કારીગર કામ કરતો હતો. દુકાનમાલિકે તેને બંગડીઓ બનાવવા લગભગ ૧૯૮ ગ્રામ કાચુ સોનું આપ્યું હતું.

સંદીપભાઈ અને તેમની દુકાનમાં છેલ્લા દોઢ વર્ષથી કામ કરતો મૂળ પશ્ચિમ બંગાળનો કારીગર વિશ્વનાથ ઉર્ફે વિસુ તારાપાદા સામંતા બન્નેએ બંગડીઓ બનાવવાનું કામ શરૂ કર્યું હતું.

શહેરમાં ઘણા બંગાળી કારીગરો કામ કરી રહ્યા છે. ખાસ કરીને શહેરની પોળોમાં સોના-ચાંદીના વેપારીઓ તેમને નોકરી પર રાખતા હોય છે તેઓ આ કામમાં નિપૂણ પણ હોય છે.

બંગડી બની ગઈ હતી અને માત્ર લટકણ અને ટચીંગનું કામ બાકી હતું. તે માટે લગભગ ૫૫ ગ્રામ સોનાનો ભુક્કો દુકાનમાં મૂકી તેઓ નીકળી ગયા હતા. બીજા દિવસે દુકાનની તિજોરીમાંથી તે ભુક્કો કાઢી વિશ્વનાથને આપ્યો હતો. થોડીવારમાં વિશ્વનાથ ચા-પાણી માટે બહાર જવાનું કહી નીકળી ગયો હતો. ઘણીવાર બાદ પરત ન ફરતા તેના સાથી સંદીપ ઘોષે તેને ફોન કર્યો હતો, પરંતુ સંપર્ક થઈ શક્યો ન હતો.

સંદીપને આશંકા જતા તેણે ચેક કર્યું ત્યારે રૂ. ૫.૬૦ લાખની ૩૮ ગ્રામ વજનની ૨૨ કેરેટ સોનાની એક બંગડી અને રૂ. ૧.૯૫ લાખનો ૧૪ ગ્રામ સોનાનો ભુક્કો ગુમ હતો. તપાસ કરતા કારીગર વિશ્વનાથ કુલ રૂ. ૭.૫૬ સોનાનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયો હોવાનું જણાતા પોલીસ ફરિયાદ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ગણેશ વિસર્જન બાદ નવસારીના રસ્તા પર ગુલાલના થર જામ્યા, લોકોએ પાવડા વડે કરવી પડી સફાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગણેશ વિસર્જન સમયે બાપ્પાને વિદાય આપતી વેળા ફૂલ તેમ જ અબિલ ગુલાલ ઉડાડવામાં આવે છે, પરંતુ નવસારીમાં ગુલાલે સૌને કામે લગાડી દીધા હતા.

મળતી વિગતો અનુસાર અહીંના વિજલપોરના અંબાજી નગરમાં ઢોલ નગારા સાથે ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. અહીં ગણેશજીને વિદાય આપતી વેળા બહુ મોટી માત્રામાં જેસીબીની મદદથી ગુલાલ ઉડાડવામાં આવ્યો હતો અને તે સમયે માહોલ રંગબેરંગી થઈ ગયો હતો.

જોકે ત્યારબાદ રસ્તા પર ગુલાલના થર જામી ગયા હતા અને વાનચાલકો તેમ જ પગપાળા જનારાને મુશ્કેલીઓ પડતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

મોટી માત્રામાં રસ્તા પર જામેલા ગુલાલને દૂર કરવા માટે સ્થાનિક નગરસેવક અને સામાજિક આગેવાનો એકઠા થયા હતા અને જાતે જ પાવડા સહિતના સાધનો લઈ રસ્તો સાફ કરવા માડ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. રસ્તો સાફ કરતા સમય અને મહેનત લાગ્યા હતા ત્યારે તહેવારોની ઉજવણીમાં થોડું શિસ્ત જાળવવામાં આવે, તેવું સ્થાનિકો કહી રહ્યા હતા. ઘણીવાર તહેવારોની ઉજવણી સમયે લોકો પોતાની નાગરિક તરીકેની ફરજ ભૂલી જાય છે. તહેવારો સાથે સ્વચ્છતા અને પર્યાવરણની પણ દરકાર કરવી જરૂરી છે, તેવું પણ સ્થાનિકો જણાવી રહ્યા છે. ■



કેચ ઈટઃ સતત મોબાઈલની સ્ક્રીન પર આંગળીઓ મૂકી સ્ક્રોલ કરતા રહેતા બાળકો હવે રમત-ગમતના મેદાનોમાં કે શેરીઓમાં ઓછા જોવા મળે છે. મન અને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરતી અને બાળપણને માણવા લાયક બનાવતી રમતો હવે વિસરાતી જાય છે. એક સમયે સચિન કે સૌરવ બનવાનું સપનું લગભગ દરેક ૮-૧૦ વર્ષનું બાળક જોતો અને હાથમાં બેટ લઈને નીકળી પડતો, પરંતુ હવે તે મોબાઈલની ગેમમાં સ્કોર કરીને જ સંતોષ માની લે છે. ત્યારે અમદાવાદની આ તસવીર આંખને ટાઢક આપનારી છે. એક તરફ રમતો રમનારા બાળકો-યુવાનો નથી તો બીજી તરફ મેદાનો પણ નથી. આ બન્ને સ્થિતિ ચર્ચા માગી લે તેવી છે. (કેદાર દવે)

# જીએમડીસી ગ્રાઉન્ડ નવરાત્રી 'ફ્રી' નથીઃ પાસ અને ફીના વિવાદ મુદ્દે કૉંગ્રેસ અને સરકાર આમનેસામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતના હવે નવરાત્રી મહોત્સવની ધૂમ દેખાઈ રહી છે, તો બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ નવરાત્રી' મહોત્સવમાં આ વર્ષે ફી લાદવામાં આવતા રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજ કઠવાડિયાએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા આરોપ લગાવ્યો હતો. જોકે, સરકાર આસ્થા, સંસ્કૃતિ અને લોકોની લાગણીઓનું વેપારીકરણ કરી રહી કોંગ્રેસના આરોપોને હર્ષ સંઘવીએ ફગાવ્યા હતા.

ડૉ. કઠવાડિયાએ જણાવ્યું હતું કે જે રીતે ખાનગી ક્લબો અને પાર્ટી પ્લોટોમાં ગરબાનું વેપારીકરણ થઈ ગયું છે, હવે ગુજરાત સરકાર પણ તે જ દિશામાં પગલાં ભરી રહી છે.

અત્યાર સુધી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો જ્યાં વિનામૂલ્યે ગરબા રમીને માં જગદંબાની આરાધના કરવા જતા હતા, તે સરકારી આયોજનમાં પણ હવે પાસ અને ફીનું દૂષણ ઘૂસી ગયું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડના પાસ ઓનલાઈન પ્લેટફોર્મ પર વેચાઈ રહ્યા છે. જેમાં પાસના દરો ૧૦૦, ૨૫૦, ૧,૨૦૦થી લઈને ગ્રુપ પાસ માટે ૩૩,૦૦૦ સુધી રાખવામાં આવ્યા છે.

કોંગ્રેસ પ્રવક્તાએ ઉમેર્યું હતું કે રાજ્યમાં પહેલાથી જ મોંઘવારી સતત વધી રહી છે અને સામાન્ય પ્રજા પર મોંઘવારીનો ભારે માર પડી રહ્યો છે. તેવામાં આવા ધાર્મિક ઉત્સવમાં પણ પાસનું દૂષણ અને વેપારીકરણ લાદીને ગરીબ તથા મધ્યમ વર્ગ પર વધારાનો આર્થિક બોજ નાખવામાં આવી રહ્યો છે, જેનાથી પ્રજા પર મોંઘવારીનો માર વધુ વધશે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વાઈબ્રન્ટ નવરાત્રી' મહોત્સવમાં આ વર્ષે ફી લાદવામાં આવી હોવાના વિપક્ષના આરોપ પર સરકારે પ્રતિક્રિયા આપી છે. સરકારે આક્ષેપો ફગાવતા કહ્યું હતું કે ઓનલાઇન મૂકવામાં આવેલા આ પાસ કોઈ કમાણી માટે નહીં પરંતુ માત્ર વ્યવસ્થા જાળવવા માટે મૂકાયેલા 'ટોકન' છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતાઓએ પૂરતી માહિતી અને નીતિ વાંચી જ નથી અને અડધી-પડધી વિગતો સાથે ભ્રમ ફેલાવી રહ્યા છે. રૂ. ૧૦૦ કે ૨૦૦ જેવા સામાન્ય ટોકન દરે લોકો ઘેરબેઠા ઓનલાઇન પાસ બુક કરાવી શકે તેવું સુચારુ આયોજન કરાયું છે.

કોંગ્રેસ પ્રવક્તાએ ઉમેર્યું હતું ક આ સિસ્ટમ લાવવા પાછળનો મુખ્ય આશય એ છે કે ગરબા જોવા આવતા નાગરિકોને સ્થળ પર કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવું ન પડે અને તેમને સુરક્ષિત તથા સરળતાથી ગ્રાઉન્ડમાં સીધી એન્ટ્રી મળી રહે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રવાસન વિભાગ દ્વારા મહાનગરપાલિકા તથા આસપાસના ગામડાઓના લોકોને ગરબા સ્થળે લાવવા-લઈ જવા બસની વ્યવસ્થા તેમજ દિવ્યાંગ બાળકો માટે નિઃશુલ્ક પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ■